
Anoopam Mission


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

જુલાઈ ૨૦૨૩ * વર્ષ ૩૮ * અંક ૪ *

લોસ એન્જલસ નૂતન મંદિરજીમાં બિરાજમાન

શ્રી મુક્ત–અક્ષર–પુરુષોત્તમ મહારાજને ઘણી ખમ્મા !

પ્રભુ અને ગુરુહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સાથે અંતરની વંદના !



# શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો દિગદિગંતમાં જયઘોષ !

**ભગવાનની** કૃપા અને ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદથી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના દિગદિગંતમાં પ્રવર્તનના મહાકાર્યના વધુ એક સોપાન આ વર્ષે ગુરુપૂર્ણિમાએ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીની સંકલ્પશક્તિ તથા વિગતના પાંચ દશકોથી વધુ સમય દરમિયાન સદ્ગુરુઓ સાધુ પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાનાં આધ્યાત્મિક જતનનાં સુફલરૂપે અમેરિકાના કેલિફોર્નિયા પ્રદેશના મહાનગર લૉસ ઍન્જલસમાં ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સ્વરૂપે આરસ પ્રતિમા આકારે

બિરાજમાન થયા. સાથે બ્રહ્મસ્વરૂપો પૂ. ભગતજી મહારાજ, પૂ. શાસ્ત્રીજી મહારાજ, પૂ. યોગીજી મહારાજની આરસ પ્રતિમા સહિત અમેરિકામાં સંતભગવંત સાહેબજીની સર્વ પ્રથમ આરસ પ્રતિમા બિરાજમાન થઈ. સમગ્ર અમેરિકા ખંડ તથા વિશેષ રૂપે કેલિફોર્નિયા અને લૉસ ઍન્જલસના સૌ અક્ષરમુક્તોનાં ભાવ, ભક્તિ અને સમર્પણ સ્વીકારી લૉસ ઍન્જલસના આ નૂતન મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ તથા સર્વ ગુણાતીત સંતસ્વરૂપો જીવંત અને હાજરાહજૂર તત્ત્વરૂપે શાશ્વતકાળ માટે પધાર્યાં અને પ્રતિષ્ઠિત થયાં.

સંતભગવંત સાહેબજીના શબ્દોમાં કહીએ તો, આ દિવ્ય અવસરે લૉસ ઍન્જલસમાં વૈશ્વિક અનુપમ અક્ષરમુક્તોનો એક વિશાળ પરિવાર એકત્રિત થયો. તારીખ ૧થી ૪ જુલાઈ ૨૦૨૩ દરમિયાન નૂતન મંદિરજીમાં પ્રભુ અને પ્રભુનાં દિવ્ય સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાના મંગલ અવસર નિમિત્તે શુક્લ યજુર્વેદી પરંપરાના મહાયજ્ઞ પણ ભક્તિભાવ સાથે સંપન્ન થયા.

અનેકવિધ કાર્યક્રમોનાં આયોજનો તથા મહોત્સવ સંબંધિત અનેકાનેક સેવાપ્રકલ્પોમાં સેવાપ્રવૃત્ત અમેરિકાના, લૉસ ઍન્જલસના અને વિશ્વસમસ્તના ભક્તોની સેવાના ભાવ તો જાણે એવા હતા કે, તેઓ સૌ સ્વયં ભગવાનનાં સ્વરૂપોની સેવા કરી રહ્યા હોય ! ઉત્સવ સમસ્તમાં અખંડ દિવ્યભાવ, પવિત્રતા, પ્રેમ, ભક્તિ અને દાસત્વયુક્ત સમર્પણનાં સહજ દર્શન થતાં હતાં.

લૉસ ઍન્જલસમાં નિર્મિત આ નૂતન મંદિરજીમાં પ્રભુની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાના મહોત્સવ નિમિત્તે આ દર્શન છેલ્લાં ઘણાં વર્ષો દરમિયાન સદ્‌ગુરુઓ સાધુ પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાનાં માહાત્મ્ય-ભક્તિસભર આધ્યાત્મિક જતન અને સીંચનની સુવાસ પ્રસરાવતું હતું. શુભ યોગ એવા રચાયા કે, જુલાઈ માસના આરંભે શ્રી ઠાકોરજી મહારાજ સૌ દિવ્ય ગુણાતીત સંતસ્વરૂપો સાથે લૉસ ઍન્જલસના નૂતન મંદિરજીમાં દિવ્ય તત્ત્વરૂપે બિરાજમાન થયા છે અને જુલાઈના મધ્યમાં ૧૫મી તારીખે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલના ઉમંગ ભક્તોના હૃદયના ભાવને આનંદ અને દિવ્યતાસભર બનાવી રહ્યા છે.

મહોત્સવના આ શુભ પ્રસંગે ભગવાનની કૃપાથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનું પ્રત્યક્ષ સાંનિધ્ય પ્રાપ્ત થયું, તેને પણ સૌ સંતો-ભક્તોએ ધન્યભાવે વધાવ્યું. ગુરુદેવ યોગીજી મહારાજના આ “સાધુરામ” જીવનની પ્રતિપળે સર્વમાં રામને જોનારા ભગવા હૃદયના સાધુ છે ! યુગપુરુષ ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પને સાકાર કરનાર આ પૃથ્વીના મંગલરૂપ વિશ્વના સર્વપ્રથમ ભગવા હૃદયના સાધુઓના આ “સાધુરામ” સદ્‌ગુરુ અશ્વિનદાદા આદર્શ પ્રેરણામૂર્તિ છે. જેઓના મનની વૃત્તિ અખંડ ભગવાનના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજીમાં પરોવાયેલી રહે છે, જેમના હૃદયાકાશને વિશે ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે, અને જેઓની દિવ્ય દૃષ્ટિ સર્વત્ર કેવળ પ્રભુના સંબંધ જોઈ પ્રભુને રાજી કરવાના એકમાત્ર ભાવથી દાસત્વભાવે સૌમાં નિર્દોષબુદ્ધિ રાખી ભક્તિ કરી રહ્યા છે તેવા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આ વિશ્વમાં ગુરુદેવ યોગીજી મહારાજના સંકલ્પને સાકાર કરતો સંન્યસ્ત જીવનનો એક અનુપમ આદર્શ સ્થાપિત કર્યો છે.

આપણાં સૌનાં અહોભાગ્યનો પાર નથી કે, આપણે સૌ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના એ દિવ્ય સંકલ્પને સાકાર કરી રહેલી ભગવા હૃદયના સાધુઓની આ પ્રથમ પંક્તિની નિશ્રામાં ભગવદ્ ભક્તિ અને સેવા કરવાનાં ધન્યભાગી થયાં છીએ ! શેષ જીવનમાં આ ધન્યભાગ્યની જાગ્રતતા રાખી સાધુરામ સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા જેવા દિવ્ય સંતોમાં આત્મબુદ્ધિ ને પ્રીતિએ યુક્ત જોડાઈ, તેઓની આજ્ઞાનુસાર ગુરુહરિ સાહેબદાદાને રાજી કરવા આપણાં સૌની પ્રતિપળ સાર્થક થાય તેવી પ્રભુચરણે મંગલ પ્રાર્થના ! ◆

સા.મ...

~ સાધુ મનોજદાસજી



# શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન મહાકાર્યનું નૂતન સોપાન : લૉસ ઍન્જલસ-અમૅરિકામાં નવનિર્મિત મંદિરજીમાં પ્રભુ બિરાજમાન

**ભગવાનની** કૃપા અને ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદથી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના મહાકાર્યના નૂતન સોપાન રૂપે અમૅરિકાના લૉસ ઍન્જલસ નગરમાં નવનિર્મિત મંદિરજીમાં મધ્ય ગર્ભગૃહે શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ આરસ પ્રતિમા રૂપે સાક્ષાત્ બિરાજમાન થયા. સમગ્ર અમૅરિકા તથા સવિશેષપણે કૅલિફૉર્નિયા અને લૉસ ઍન્જલસના ભક્તોના ભાવ, ભક્તિ, સેવા અને સમર્પણથી પ્રસન્ન થઈ સંતભગવંત સાહેબજીએ કૃપા કરી સૌ ભક્તોને નિમિત્ત બનાવી શ્રી ઠાકોરજી મહારાજની મરજી અનુસાર લૉસ ઍન્જલસના નૉરવૉકમાં આ નૂતન મંદિરનાં નિર્માણ સંપન્ન કરાવ્યાં. સંતભગવંત સાહેબજી અને સંતોનાં કૅલિફૉર્નિયાનાં વિચરણના ચાર દશકથી પણ વધુ સમયગાળા દરમિયાન સંતભગવંત સાહેબજીની કૃપાદૃષ્ટિ તથા સદ્‌ગુરુઓ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા તથા અનુપમ મિશનના સૌ સંતોનાં પ્રેમપૂર્ણ આધ્યાત્મિક જતન તથા સુહૃદ પ્રાર્થનાનાં સિંચનથી સંતભગવંત સાહેબજીએ વાવેલાં સત્સંગ અને ભક્તિસંસ્કારનાં બીજ આજે પલ્લવિત થયાં છે અને ભક્તિસુમન સાથે સુફલ પ્રદાન કરી રહ્યાં છે.

ચાર દશકોથી વધુ સમયની આ લાંબી ભક્તિયાત્રાના મધ્યભાગે ૨૦૦૪માં શ્રી ઠાકોરજીની પ્રસન્નતાના પ્રમાણરૂપે અનુપમ મિશનના પૉકોનો સ્થિત મંદિરજીના શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓ લૉસ ઍન્જલસ પધારી અને અ.નિ. વિષ્ણુમામા-સ્મિતામામીના મંદિરજીરૂપી ઘરમાં બિરાજમાન થઈ. મામી તથા મામાએ પણ લગભગ વીસ વર્ષ સુધી શ્રી ઠાકોરજી મહારાજની આ દિવ્ય મૂર્તિઓની પૂજા, અર્ચના, ભક્તિ કરી ખૂબ પ્રેમપૂર્વક પ્રભુને લાડ લડાવ્યા.

૨૦૦૪થી વિષ્ણુમામા-સ્મિતામામીના મંદિરજીરૂપી ઘરમાં મૂર્તિરૂપે સાક્ષાત્ પ્રભુ પધાર્યા પછી લૉસ ઍન્જલસ સત્સંગ મંડળમાં પ્રભુભક્તિ અને સત્સંગ પ્રતિ અને સવિશેષરૂપે સંતભગવંત સાહેબજીને રાજી કરવા પ્રતિ ઉમંગ અને ઉત્સાહમાં નવોન્મેષ પ્રગટ્યા. આ જ સમયગાળા દરમિયાન સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા તથા પૂ. શાંતિદાદાના સમાગમ પામી દિનશા-અલકાબહેન, ધર્મેન્દ્રભાઈ-હેનિકાબહેન, અમિતભાઈ-કૃતિબહેન, ભાવિનભાઈ-કામિનીબહેન, પરેશભાઈ-મંજુબહેન સહિત અનેક સત્સંગી પરિવારો પ્રભુભક્તિમાં આનંદ માણતા થયા અને જીવનના કેન્દ્રમાં સંતભગવંત સાહેબજી રાજી થાય તેવા સેવા અને સત્સંગના ઉમંગને કેન્દ્રસ્થાન આપતા ગયા. સેવા અને સત્સંગની આ પ્રવૃત્તિઓમાં શ્રી બી. યુ. પટેલ સહિત અનેક સ્થાનિક અગ્રણી મહાનુભાવોના પણ સહકાર પ્રાપ્ત થયા. આ સમય દરમિયાન અનુપમ મિશન, અમેરિકાના મહંત સાધુ પૂ. જયેશદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, તથા પૂ. અરવિંદદાસજીએ પણ લૉસ ઍન્જલસ સત્સંગમંડળની ભક્તિને પ્રભુના મહિમા ને માહાત્મ્યથી સીંચી. વળી, ડૉ. વીરેન્દ્રભાઈ, ડૉ. જિતુભાઈ, વિષ્ણુદાદા જેવા વડીલ અક્ષરમુક્તોએ પણ અવારનવાર વિચરણ કરી કૅલિફૉર્નિયા તથા લૉસ ઍન્જલસના ભક્તોની સત્સંગભક્તિને પ્રેરણા તથા પ્રોત્સાહન પૂરાં પાડ્યાં.

આ સઘળાં સર્જનાત્મક પરિબળોના શુભ સમન્વયથી લૉસ ઍન્જલસ સત્સંગમંડળમાં ખીલી રહેલી સત્સંગભક્તિથી પ્રસન્ન થઈ, પ્રભુની મરજી જાણી સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની પ્રાર્થના અને સંકલ્પને સ્વીકારી સંતભગવંત સાહેબજીએ ઇંગ્લૅન્ડ મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રી ઠાકોરજી મહારાજની દિવ્ય મૂર્તિઓને લૉસ ઍન્જલસમાં નૂતન મંદિરનાં નિર્માણ કરી તેના મધ્ય ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત કરવા માટેના નિર્દેશ કર્યા ! અને પછી આરંભ થઈ લૉસ ઍન્જલસમાં નૂતન મંદિરજીના નિર્માણની ભક્તિયાત્રા !

આ ભક્તિયાત્રાના આરંભે કૅલિફૉર્નિયા, તેની આસપાસના પ્રદેશ તથા લૉસ ઍન્જલસ મંડળના સ્થાનિક ગૃહસ્થ અક્ષરમુક્તો તથા યુવક-યુવતીઓએ છેલ્લાં લગભગ એક વર્ષથી પણ વધારે સમયથી મંદિરજીનાં નિર્માણ તથા મહોત્સવનાં આયોજનમાં અત્યંત ભક્તિભાવપૂર્વક સતત સક્રિયતા રાખી. આ અક્ષરમુક્તો તથા યુવકોને દિનશા તથા ભાવિનભાઈનાં સતત નેતૃત્વ અને હૂંફ પ્રાપ્ત થતાં રહ્યાં. આવા વડીલોનાં નેતૃત્વ અને હૂંફમાં અમિતભાઈ-કૃતિબહેન, શુભપ્રસાદ-શ્વેતાબહેન, મેહુલભાઈ-ભાવિતાબહેન, વત્સલભાઈ-અસ્મિતાબહેન આદિનાં માર્ગદર્શન અને સક્રિયતા હેઠળ અનેક યુવક-યુવતીઓએ મહિમા અને ભક્તિસભર સેવાઓ અર્પણ કરી.

શ્રી બી. યુ. પટેલ, દિનેશકુમાર-અલકાબહેન, ભાવિનભાઈ-કામિનીબહેન, અમિતભાઈ-કૃતિબહેન, ધર્મેન્દ્રભાઈ-હેનિકાબહેન, પરેશભાઈ-મંજુબહેન જેવા આદર્શ અક્ષરમુક્તોની આગેવાની હેઠળ નૉરવૉક સિટીમાં ૨૫ મે ૨૦૧૭ના રોજ જમીન ખરીદાઈ. જુલાઈ ૨૦૧૯માં પાર્કિંગ માટે વધારાની જમીન સંપાદિત કરાઈ. સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદા, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ વખતોવખત આ સ્થાને પધરામણી કરી, પુષ્પો પધરાવી, આશીર્વાદ આપી સૌને સ્મૃતિઓ આપી અને બળ પૂર્યાં. ૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મંદિરના નિર્માણકાર્યનો આરંભ થયો. ૨૮ જૂન ૨૦૨૩ના રોજ મંદિર માટેની સઘળી સિટી પરમિટ પ્રાપ્ત થઈ ગઈ અને મંદિરનું નિર્માણકાર્ય પણ સમયસર પૂર્ણ થયું. આ માટે નવા નવા સત્સંગમાં જોડાયેલા શુભપ્રસાદ-શ્વેતાબહેન, વત્સલભાઈ-અસ્મિતાબહેન, મેહુલભાઈ-ભાવિતાબહેન જેવાં અનેક યુવાભક્તોએ ખૂબ દાખડો કર્યો. વખતોવખત શ્રમયજ્ઞોનાં આયોજન થયાં, જેમાં બાળકો, યુવાનો, વડીલો સૌએ સંપ-સુહૃદભાવ ને એકતા રાખી, નાનાં-મોટાં દરેક પ્રકારનાં સેવાકાર્યોમાં ખૂબ ઉત્સાહપૂર્વક જોડાઈ ખૂબ મહેનત કરી. અમેરિકાના સાધુ પૂ. જયેશદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. અરવિંદદાસજી આદિ સંતોએ પણ પધરામણી કરી મંદિરનાં વિકાસકાર્યમાં દિશાદર્શન કર્યાં, બળ પૂર્યાં. ભારતથી પણ સંતોએ અવારનવાર પધારી જરૂરી યોગદાન આપ્યું. સાધુ પૂ. વાસુદાસજી, પૂ. રમેશદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. ઘનશ્યામદાસજી, પૂ. ગિરીશદાસજી તથા પૂ. જયેન્દ્રભાઈ (યુ.કે.)એ મંદિરના કાયાકલ્પ માટે ખૂબ જહેમત ઉઠાવી. ભારતથી તેઓ મંદિર નિર્માણના કાર્યની દેખરેખ રાખતા. મંદિરનાં બાંધકામ, ગર્ભગૃહની સજ્જા, ફ્લૉરિંગ, રંગકામ, શિખરની બનાવટ આદિ વિવિધ કાર્યો તેમણે સુપેરે પાર પાડ્યાં. પૂ. સાહેબદાદા, પૂ. અશ્વિનદાદા પોતાની સાથે ભારત, ઇંગ્લૅન્ડ અને અમેરિકાના ૩૦થી વધુ સંતોને લઈને આ પ્રસંગે પધાર્યા. અને તેથી જ ૧થી ૪ જુલાઈ ૨૦૨૩ દરમિયાન લૉસ ઍન્જલસ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો, જે પરમ ભક્તિભાવે સંપન્ન પણ થયો.

## મહોત્સવ ઉદ્ઘાટન : ૧ જુલાઈ ૨૦૨૩, શનિવાર

સમૈયાનો પ્રથમ દિવસ ! આ શુભ દિવસે સવારે ૧૦.૦૦ કલાકે સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. દિનકરઅંકલના સાંનિધ્યે સમૈયામાં પધારેલા સૌ સંતો અને અક્ષરમુક્તો નૂતન મંદિરજીના પરિસરના મુખ્ય દ્વાર પાસે મંદિર પરિસરના શુભ ઉદ્ઘાટન નિમિત્તે એકત્ર થયા. સમગ્ર અમેરિકા તથા કેનેડા ઉપરાંત ઇંગ્લૅન્ડથી સતીશભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા, વિજયભાઈ ઠક્કર, અશ્વિનભાઈ પોપટ અને અક્ષરમુક્તો, ઑસ્ટ્રિલિયાથી દીપેનભાઈ અને અક્ષરમુક્તો, ભારતથી શંકરભાઈ, પૂનમભાઈ, મૂકેશભાઈ અને અક્ષરમુક્તો સહિત દેશ-વિદેશના અનેક ભક્તો અનેરા ઉમંગ સાથે ઉપસ્થિત થયા.

ઉદ્ઘાટન સમારંભના આરંભે દિનશા તથા ભાવિનભાઈએ સંતભગવંત સાહેબજીને પૂજન તથા પુષ્પાર્પણ કરી આવકાર્યા. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મંદિર પરિસરના મુખ્ય દ્વારનાં પૂજન કરી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી રંગબેરંગી અનેક ફુગ્ગાઓને નીલ ગગનમાં મુક્ત કરી શ્રી ઠાકોરજી મહારાજના તથા મહોત્સવના જયઘોષ સાથે મંદિર પરિસરનાં મુકતાર્પણ કર્યાં. શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયનાદ સાથે સૌ સંતો-અક્ષરમુક્તોએ મંદિર પરિસરમાં પ્રવેશ કર્યો અને સંતભગવંત સાહેબજીની નિશ્રામાં સતીશભાઈ ચતવાણી, નીલેશભાઈ પટેલ તથા બિમલ શેઠ દ્વારા શ્રી ઠાકોરજી મહારાજના મંદિરજીના મુખ્ય દ્વારનાં પૂજન થયાં અને ઉમંગસભર જયઘોષ સાથે મંદિરજીનાં દ્વાર ઉઘાડી સૌએ નૂતન મંદિરજીમાં શુભપ્રવેશ કર્યો.



આ મહોત્સવ સાથે સંતભગવંત સાહેબજીની વૈશ્વિક તીર્થયાત્રાની સુવર્ણ જયંતીના શુભ અવસરના પણ યોગ થયા હતા. ઈ.સ. ૧૯૭૩માં બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સાથે સંતભગવંત સાહેબજી પ્રથમ વખત અમેરિકા પધાર્યા ત્યારથી તેઓની વૈશ્વિક તીર્થયાત્રાના આરંભ થયા. વર્તમાન ઈ.સ. ૨૦૨૩માં ગત પચાસ વર્ષો દરમિયાન વિશ્વના અનેક દેશોમાં દિવ્ય વિચરણ કરી સંતભગવંત સાહેબજીએ પ્રભુનાં સંબંધવાળાં અનેક ચૈતન્યો અને મુમુક્ષુઓને પોતાનાં દર્શન, સેવા અને સમાગમનાં સુખ આપી સત્સંગભક્તિમાં પ્રવૃત્ત કર્યાં. સંતભગવંત સાહેબજીની વૈશ્વિક તીર્થયાત્રાના પાંચ દાયકાની ઉજવણીના ભાગરૂપે યુવાનોએ એક વિશિષ્ટ પ્રદર્શનીનાં આયોજન કર્યાં. ૧૯૭૩થી ૨૦૨૩ના પચાસ વર્ષ દરમિયાન સંતભગવંત સાહેબજી કૃપા કરીને કુલ ૪૩ વખત અમેરિકાની ધરતી પર પધાર્યા અને અમેરિકામાં વસતાં અક્ષરમુક્તો તથા અનેક મુમુક્ષુઓને પ્રભુના દિવ્ય સંબંધે જોડી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને જીવનના આચરણમાં સહજ જીવતાં કર્યાં. આ પ્રદર્શનીમાં પરંપરાગત શૈલી સહિત હૉલોગ્રામ ટૅકનોલૉજી, ઑડિયો વિઝ્યુઅલ માધ્યમો, મૉઝેક ટાઇલ ટૅકનિક તથા કલાત્મક સર્જનશીલતાના અદ્ભુત પ્રયોગ અને સમન્વયથી યુવાનોએ ખૂબ વિચારવંત ભક્તિનાં





સંતભગવંત સાહેબજી અને સંતો-અક્ષરમુક્તોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં ઉદ્ઘાટન









મહોત્સવ ઉદ્‌ઘાટન સભામાં સંતભગવંત સાહેબજીનાં પૂજન તથા પુષ્પહાર અને મહોત્સવ બૅજ અર્પણ...

દર્શન કરાવી સંતભગવંત સાહેબજીની પચાસ વર્ષની વૈશ્વિક તીર્થયાત્રાની માહિતીપૂર્ણ અને સુફલદાયી તવારીખ પ્રસ્તુત કરી. આ પ્રદર્શનીમાં સદ્‌ગુરુ પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શને સદ્‌ગુરુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. રમેશદાસજીએ સમગ્ર પ્રદર્શનીની સંકલ્પના તથા પ્રસ્તુતિકરણનાં આયોજનમાં સેવા અર્પણ કરી. ભાવિશા, યશ્વી, જાહ્નવી, મિહિર, રાજવી, લિપ્સા અને હેલી સહિત અનેક યુવા-યુવતીઓએ પોતાની અપ્રતિમ સર્જનશક્તિને ભક્તિમાં પ્રયોજી અનેક પ્રકારની સ્મૃતિ-સામગ્રી ડિઝાઈન કરી વેચાણકેન્દ્રમાં પ્રસ્તુત કરી. પ્રદર્શનીના વિવિધ વિભાગોના પરિચય આપવા પ્રત્યેક વિભાગમાં યુવા-યુવતીઓ સેવાપ્રવૃત્ત હતાં. પ્રદર્શની નિહાળવા પધારેલા સંતો-અક્ષરમુક્તો પણ વિગતના પાંચ દાયકાઓ દરમિયાન સંતભગવંત સાહેબજીએ તેઓનાં જીવનમાં શાં પ્રદાન કર્યાં છે તેને અતિ સંક્ષિપ્તમાં વ્યક્ત કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી આ પ્રદર્શનીની સ્મૃતિઓને ચિરંજીવ બનાવી.

સંધ્યાકાળે મહોત્સવની સુંદર ઉદ્‌ઘાટન સભા થઈ. સંતભગવંત સાહેબજીના પ્રત્યક્ષ સાંનિધ્યે સ્થાનિક અક્ષરમુક્તોએ શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સહિત સૌ સંતો, અક્ષરમુક્તોને ભાવથી આવકાર્યા. પ્રાસંગિક ઉદ્‌બોધન દરમિયાન સ્થાનિક અગ્રણી અક્ષરમુક્તોએ મંદિરજીનાં નિર્માણની ભક્તિયાત્રામાં તેઓને થયેલા વિવિધ અનુભવોનાં વર્ણન કર્યાં અને આ સમગ્ર યાત્રા દરમિયાન પ્રભુની શક્તિ તથા ભક્તિ કેવી રીતે સદાય રક્ષા કરે છે અને સર્વકાર્યો સિદ્ધ કરાવે છે તેની પ્રતીતિના સહભાગ કર્યા.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં પરેશભાઈએ કહ્યું, 'મનને સ્થિર કરે તે મંદિર અને સાધુ ! સંતભગવંત સાહેબજીએ એવાં સ્થાવર મંદિર પણ બનાવ્યાં તથા સાધુરૂપ જંગમ મંદિર પણ ઘડ્યાં અને તે દ્વારા ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા ગુરુહરિ યોગીજી મહારાજના કાર્યને વહેતું રાખ્યું છે.' સતીશભાઈ ચતવાણીએ 'સાધુહૃદયની પ્રાર્થનાગંગા' ગ્રંથનું









મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉદ્‌ઘાટન સભામાં પરેશભાઈ પટેલ, સતીશભાઈ ચતવાણી, ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ અને દિનેશકુમાર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન

મુક્તાર્પણ કરી કહ્યું, 'ભગવાનની કૃપાથી આપણને પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદા જેવા ભગવાનના ધારક સાધુની ભેટ પ્રાપ્ત થઈ છે અને તેઓ દ્વારા સંતભગવંત સાહેબદાદાના સ્વરૂપને યથાર્થ ઓળખવાનો લાભ તથા અવસર પ્રાપ્ત થયો છે. આજે આ મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવમાં એવો ને એવો જ ઉમંગ અનુભવાય છે જેવો શાસ્ત્રીજી મહારાજને જ્યારે વઢવાણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની નૂતન મંદિરજીમાં પ્રતિષ્ઠા થઈ હતી ત્યારે થયો હતો.'



આશીર્દાન : સંતભગવંત સાહેબજી

ડૉ. વીરેન્દ્રભાઈએ મહોત્સવનો મર્મ સમજાવતાં કહ્યું કે, 'જેમ એક સામાન્ય વૅરહાઉસમાંથી દિવ્ય મંદિરજી તૈયાર થયા તેમ આપણાં આ દેહરૂપી મંદિર પણ તૈયાર કરવાનાં છે. તેવાં મંદિર ઘડનારા સ્વયં સંતભગવંત સાહેબદાદા અહીં બિરાજમાન છે.'

ઉદ્‌ઘાટન સભા દરમિયાન મિહિરભાઈ અને યુવાનોએ સ્તુતિ તથા કીર્તનભક્તિના લાભ આપ્યા તથા સુરતના હરિભક્તોએ સંતભગવંત સાહેબજીને વિશિષ્ટ શાલ તથા હાર અર્પણ કર્યાં.

સંતભગવંત સાહેબજીએ આશીર્વચનરૂપ પરાવાણી વહાવતાં કહ્યું, 'શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના આ મંદિરજીનાં નિર્માણમાં સૌ ભક્તોની દાસત્વભક્તિ અને થનગનાટ જોઈને ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ ખૂબ રાજી થતા હશે. પ્રભુનું મંદિર, તેમાં બિરાજમાન મૂર્તિઓ અને ભગવાનના સાધુ; તે સૌ ભગવાન સાથે યોગ સાધવાનાં, વાત કરવાનાં સાધન છે. આ મંદિરજી માટે અને ભગવાનના ધારક સાધુ માટે આપણે દેહ, ધન કે મનથી જે સેવા કરીએ તે સેવા પ્રભુને પહોંચે છે. લૉસ ઍન્જલસનું આ મંદિર સૌ ભક્તોની તપશ્ચર્યા ને ભક્તિથી નિર્માણ પામ્યું છે અને આ મંદિર પ્રભુને રાજી કરવાના ભાવથી તૈયાર થયું છે તેથી દિવ્ય છે. આવા મંદિરજીની સેવા તો જેમના અનંત જન્મોનાં પુણ્ય ઉદય થયાં હોય તેઓને જ પ્રાપ્ત થાય છે. આવા દિવ્ય મંદિરજીમાં જે કોઈ ભક્તિ કરશે, તેની સેવામાં સાથ આપશે તેઓને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં જીવનમાં આનંદ પ્રાપ્ત થશે. આ મંદિરજીમાં બિરાજમાન થવા ઈંગ્લૅન્ડમાં પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ પધારી છે તે પૂ. શાંતિદાદાના સંકલ્પનું સુફળ છે. આવી પ્રતાપી મૂર્તિઓ આ મંદિરમાં બિરાજમાન થશે પછી ભવિષ્યમાં અત્યારે છે તેથી પણ મોટું મંદિર થશે ! તે દરમિયાન આપણે સૌ આજથી નિયમિત અડધો કલાક 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરીએ, અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપીએ તથા પરિવારમાં, સત્સંગમાં તથા સમાજમાં સંપ, સુહૃદભાવ ને એકતા જાળવી, તે વધુ દૃઢ થાય તે રીતે કાર્ય કરીએ. આ મંદિરનાં દર્શન કરતાં ખૂબ આનંદ થાય છે. સૌનાં સંપ, સુહૃદભાવ ને એકતાથી તૈયાર થયેલા આ પ્રભુના મંદિરમાં ભગવાન બિરાજશે તે સૌને તન-મન-ધન ને આત્માથી સુખી કરશે.'



'સાધુહૃદયની પ્રાર્થનાગંગા' ગ્રંથનાં મુક્તાર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ



નૂતન મંદિરજીમાં બિરાજમાન થનાર મૂર્તિઓની સંનિધિમાં મહાયજ્ઞ



મહાયજ્ઞમાં સંતભગવંત સાહેબજીની પ્રસન્નતાપૂર્ણ આશિષવર્ષા



## મહાયજ્ઞ : ૨ જુલાઈ ૨૦૨૩, રવિવાર

આષાઢ માસના શુક્લ પક્ષની ચતુર્દશીએ નૂતન મંદિરજીમાં બિરાજનારા શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા સર્વ ગુણાતીત સંતસ્વરૂપો અને દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ પૂર્વે શુક્લ યજુર્વેદની અગ્નિહોત્ર પરંપરા અનુસાર એક મહાયજ્ઞનાં અર્પણ થયાં. આ મહાયજ્ઞમાં લૉસ ઍન્જલસના સ્થાનિક ભક્તો ઉપરાંત અમેરિકા અને વિવિધ દેશોનાં કુલ ૩૦૦ યુગલો (લગભગ ૬૦૦ ભક્તો) યજમાન રૂપે સંમિલિત થયાં.

અનુપમ મિશનના પ્રત્યેક મહાયજ્ઞનાં આયોજન સાધુ પૂ. રાજુદાસજીનાં ભક્તિસભર અને ચીવટપૂર્વકનાં માર્ગદર્શનમાં વિશિષ્ટ રૂપે આયોજિત થાય છે. તેમ આ મહાયજ્ઞની તૈયારીઓ પણ તેઓનાં સુચારુ માર્ગદર્શનમાં પાછલા અનેક મહિનાઓથી ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સૌ સંતો તથા યુવા સ્વયંસેવકોએ ભક્તિભાવપૂર્વક કરી. આ બૃહદ તૈયારીઓના સુફલરૂપે મહાયજ્ઞમાં યજમાનરૂપે સંમિલિત થનારા પ્રત્યેક યજમાનને વ્યક્તિગતરૂપે અગ્નિરૂપે પ્રગટ યજ્ઞનારાયણનાં દર્શન પામી યજ્ઞવેદીમાં આહુતિઓ અર્પણ કરવાનાં સદ્‌ભાગ્ય સાંપડ્યાં.

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની અખંડ સ્મૃતિ સાથે અનુપમ મિશનના સંતો સાધુ પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી તથા પૂ. ઉત્પલદાસજીએ અત્યંત ભાવ અને ભક્તિસભર વાતાવરણમાં સર્વ યજમાનો પાસે મહાયજ્ઞનાં વિધિ-વિધાન અર્પણ કરાવ્યાં. નૂતન મંદિરજીમાં બિરાજિત થઈ રહેલી શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વ ગુણાતીત સત્પુરુષોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા આ યજ્ઞમાં અનુપમ મિશનના સંતો સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ યજ્ઞના આચાર્ય રૂપે સેવા અર્પણ કરી. આ દિવ્ય પ્રસંગે પૂ. દિનકરઅંકલ, શ્રી બી. યુ. પટેલ સહિત લૉસ ઍન્જલસ નગરના અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા. સાથે સાથે યોગસાધનામાં પ્રવૃત્ત સ્થાનિક યોગ આશ્રમનાં સાધ્વી બહેનોએ પણ વિશેષ ઉપસ્થિત રહી શ્રી યજ્ઞનારાયણનાં દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો.

આ પ્રસંગે રીતુ નિગમનાં માર્ગદર્શને બંસરી અને અમેરિકા તથા કેનેડાનાં યુવક અને યુવતીઓએ મહાયજ્ઞમાં સંમિલિત યજમાનોની

ઋષિકુમારો અને ઋષિકન્યાઓ રૂપે સેવાના લાભ પ્રાપ્ત કર્યા. યજ્ઞશાળામાં આ મહાયજ્ઞ દરમિયાન સુચારુ વ્યવસ્થા જાળવવામાં અનુપમ મિશનના સાધુ પૂ. સંદીપદાસજીનાં સુફલ નેતૃત્વના પરિણામે સમગ્ર મહાયજ્ઞ વિધિ સૌને માટે સર્વથા સાનુકૂળ બની રહી.



સાહેબજી સાથે સંતો-અક્ષરમુક્તો દ્વારા પૂર્ણાહુતિ શ્રીફળ અર્પણ

મહાયજ્ઞની પૂર્ણાહુતિનાં શ્રીફળ યજ્ઞની ત્રણ મુખ્ય વેદીઓમાં અર્પણ કરવામાં આવ્યાં, જેમાં મુખ્ય મધ્યવેદીમાં સંતભગવંત સાહેબજી અને સંતો તથા યજમાન અક્ષરમુક્તોએ યજ્ઞમાં પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ કર્યાં. અને અન્ય બે યજ્ઞવેદીમાં અનુક્રમે સદ્ગુરુ પૂ. અશ્વિનદાદા સાથે સંતો-અક્ષરમુક્તો તથા ત્રીજી વેદીમાં સદ્ગુરુ પૂ. મનોજદાસજી, વરિષ્ઠ સાધુ પૂ. જયેશદાસજી તથા સાધુ પૂ. હિંમતદાસજી સાથે સંતો-અક્ષરમુક્તોએ પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ કર્યાં.

આ મહાયજ્ઞના ભાગરૂપે નવનિર્મિત મંદિરજીના શિખરજી પર પ્રસ્થાપિત થનારા કળશજી, ધ્વજાજી તથા ધ્વજદંડનાં પણ પવિત્ર પૂજનસામગ્રીઓથી પૂજન-અર્ચન થયાં. જેના લાભ શ્વેતાબહેન-શુભપ્રસાદ, ભાવિતાબહેન-મેહુલભાઈ, અસ્મિતાબહેન-વત્સલભાઈ, તૃષિતાબહેન-મિહિરભાઈ, ભક્તિબહેન-નિમેષભાઈ, પ્રવીણાબહેન-જયમીતભાઈ, પ્રભુતીબહેન-કૃણાલભાઈ, કૃતિબહેન-અમિતભાઈ, મનીષાબહેન-જિતુભાઈ, સમૃદ્ધિબહેન-સંદીપભાઈ, ડિમ્પલબહેન-વિશાલભાઈ, સપનાબહેન-જિગરભાઈ, મમતાબહેન-હિતેશભાઈ ને સૌ સ્થાનિક યુવા અગ્રણીઓએ તથા જતીનભાઈ ભક્તા, બી. યુ. પટેલ, દલુભાઈ આદિ વડીલ અગ્રણીઓએ પ્રાપ્ત કર્યા.





મહાયજ્ઞવિધિ કરાવતા પ્રધાનાચાર્ય પૂ. મનોજદાસજી અને આચાર્યવૃંદ... સંતો દ્વારા મહાયજ્ઞમાં આહુતિ અર્પણ





સંતભગવંત સાહેબજી અને સંતો દ્વારા આરતી અર્પણ





સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા આશિષવર્ષા

સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપતાં કહ્યું, *'આ મંદિરજી તથા મહાયજ્ઞની નાની-મોટી સેવા કરનારાં સૌનો આભાર માનીએ છીએ અને શ્રી ઠાકોરજી મહારાજ તથા શ્રી યજ્ઞનારાયણ તેઓ સૌના તથા યજમાનોના શુભ સંકલ્પો પૂરા કરે તેવી પ્રાર્થના કરીએ છીએ.'*

મહાયજ્ઞના પૂર્ણાહુતિ આશીર્વાદ વરસાવતાં સંતભગવંત સાહેબજીએ કહ્યું, *'ખરેખર અદ્ભુત મહાયજ્ઞ થયો ! આપણને સૌને પ્રભુની તથા યજ્ઞનારાયણની પૂજા-અર્ચના કરવાનો અનોખો લહાવો મળ્યો. આપણે સૌ ભેગાં મળીને ભગવાનનાં કાર્યમાં જોડાયાં છીએ તે આપણાં સૌ પર ભગવાનની મોટી કૃપા છે ! આ યજ્ઞમાં સંમિલિત થનાર સર્વ યજમાનોના સર્વ શુભ સંકલ્પો શ્રી ઠાકોરજી મહારાજ પૂરા કરે તેવી પ્રાર્થના કરીએ છીએ !'*

લૉસ ઍન્જલસમાં નવનિર્મિત મંદિરજીમાં બિરાજિત થઈ રહેલા પ્રભુ અને પ્રભુનાં પરમ દિવ્ય સંતસ્વરૂપોની મૂર્તિઓની અલૌકિક પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે થયેલા આ ઐતિહાસિક તથા મહામંગલમય મહાયજ્ઞમાં સંમિલિત પ્રત્યેક યજમાને એક દિવ્ય આધ્યાત્મિક અનુષ્ઠાનમાં સહભાગી થવાના ધન્યભાવ અને આનંદના તો અનુભવ કર્યા જ; પરંતુ, સાથે સાથે અનુપમ મિશનના સંતો દ્વારા જે પરમ દિવ્ય ભક્તિભાવ અને પૂર્ણ સમજણપૂર્વક સમગ્ર યજ્ઞવિધિ કરાવવામાં આવી તેથી દિવ્યભાવ અને પરમ સંતોષની લાગણીના પણ સૌએ આ પ્રસંગે અનેરા અનુભવ સાથે દિવ્ય આનંદ માણ્યો.

## શ્રી ઠાકોરજીની નગર શોભાયાત્રા

તારીખ ૨ જુલાઈ, આષાઢ માસના શુક્લ પક્ષની ચતુર્દશીના પ્રાતઃ કાળે યજ્ઞશાળામાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા સર્વ ગુણાતીત સત્પુરુષો અને દેવતાઓની પ્રતિમા સનાતન ભારતીય હિંદુ પરંપરા અનુસાર જ્યારે નિજ મંદિરે શાશ્વતકાળ માટે બિરાજમાન થવા પધાર્યા ત્યારે નૉરવૉક નગરના સર્વ ભક્તો, મુમુક્ષુઓ તથા જીવ-પ્રાણીમાત્રને આ મૂર્તિઓનાં દર્શનનું સુખ પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી એક આનંદ, ઉમંગસભર નગર શોભાયાત્રાનાં આયોજન થયાં.

આ નગર શોભાયાત્રામાં કલાત્મક રીતે સુશોભિત એક રથ પર નૂતન મંદિરજીમાં બિરાજમાન થનારી સર્વ દિવ્ય મૂર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવી. બીજા સુશોભિત રથમાં આરૂઢ થવાની કૃપા કરી સંતભગવંત સાહેબજી શ્રી ઠાકોરજી મહારાજની નગર શોભાયાત્રામાં જોડાયા. યજ્ઞશાળાથી નિજમંદિરના સમગ્ર માર્ગ પર સંપૂર્ણ અનુશાસન સાથે વાદ્યવૃંદ, ગૃહસ્થ ભક્તો, સંતો, નગરનાં પરિવહનને સાનુકૂળ રહી આનંદ, ઉમંગ સાથે પ્રસ્થાન કરતાં હતાં. આ નગર શોભાયાત્રાને સુયોજિત સ્વરૂપ આપવામાં સાધુ પૂ. પરેશદાસજીનાં ભક્તિસભર માર્ગદર્શન હેઠળ મહર્ષિ, તૃષિલ સહિત અનેક યુવા-યુવતીઓએ માહાત્મ્યસભર વિવિધ સેવાયજ્ઞો દ્વારા સમગ્ર યાત્રાને ચિરસ્મરણીય બનાવી. આ નગર શોભાયાત્રામાં થોડા થોડા અંતરે સમગ્ર સત્સંગમંડળના સર્વ અક્ષરમુક્તોએ અર્ચનાબહેન તથા પ્રિયુનીબહેનનાં સર્જનશીલ માર્ગદર્શન હેઠળ કીર્તનભક્તિના તાલે નૃત્યભક્તિ અર્પણ કરી શ્રી ઠાકોરજીને તથા સાહેબજીને પ્રેમભાવથી વધાવ્યા.



શોભાયાત્રામાં યુવાનો-યુવતીઓ

આ નગર શોભાયાત્રામાં ઍલનટાઉન, લૅન્સડેલ, ન્યૂજર્સી, બૉસ્ટન, મૅરીલૅન્ડ, વર્જિનિયા, પિયોરિયા, ઇલિનોઇ, મિશિગન, ફ્લૉરિડા, ટેક્સાસ, લુઝિયાના, ટૉરન્ટો, સિડની, ભારત, યુ.કે., દુબઈ, સીઍટલ, વાનકુંવર, સાન ફ્રાન્સિસ્કો અને લૉસ ઍન્જલસ સહિત પ્રત્યેક સત્સંગમંડળના હરિભક્તો અને યુવાઓએ શ્રી ઠાકોરજી મહારાજ તથા સંતભગવંત સાહેબજીને વિવિધ સર્જનાત્મક શૈલીથી વધાવી પોતાના હૃદયના ભાવ અર્પણ કર્યા..

નૉરવૉક નગરની શોભાયાત્રા દરમિયાન નગરની સર્વ જીવસૃષ્ટિ તથા નગરનાં મુમુક્ષુજનોને દર્શનનું સુખ આપી શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓ જ્યારે નિજ મંદિરના પરિસરમાં પ્રવેશ પામી ત્યારે શોભાયાત્રામાં સંમિલિત સૌ સંતો તથા અક્ષરમુક્તોએ સર્વ દિવ્ય મૂર્તિઓને ગગનભેદી જયઘોષ કરી વધાવી. અમેરિકા ખંડના વિવિધ પ્રદેશોનાં પ્રતિનિધિ અક્ષરમુક્ત બહેનોએ મૂર્તિઓને કુમકુમ, ચંદન, અબીલ, ગુલાલ તથા અક્ષતથી પૂજન કરી વધાવી અને વિવિધ પ્રદેશના યુવા પ્રતિનિધિઓએ મૂર્તિઓનાં ચરણકમળ પાસે શ્રીફળ વધેરી પ્રભુના શુભ આગમનનો ઉમંગ માણ્યો.

આ પ્રસંગે ફ્લૉરિડાથી ડૉ. કિરણભાઈ પટેલ તથા ડૉ. વિજયભાઈ અને તેઓનાં પરિવારજનો વિશિષ્ટ અતિથિરૂપે પધાર્યાં, તેઓ સૌનાં પણ ભાવથી સ્વાગત કરી શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓના આગમનને સૌ હરિભક્તોએ રંગબેરંગી પુષ્પોની વૃષ્ટિ કરી આનંદ-ઉલ્લાસના સહભાગ કર્યા. સૌ યુવા અક્ષરમુક્તોનાં હૈયે શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓના નિજ મંદિરમાં આગમનના શુભ પ્રસંગે આનંદ સમાતો નહોતો. એ દિવ્ય આનંદને વ્યક્ત કરતાં સૌ યુવા



શોભાયાત્રામાં વ્રતધારી સંતો







નિજ મંદિર પરિસરમાં પ્રભુ પધાર્યાની નૃત્યભક્તિ દ્વારા ઉમંગસભર વધામણી







નિજ મંદિર પરિસર પ્રવેશે શ્રી ઠાકોરજીનાં પૂજન અને શ્રીફળ વધેરી વધામણાં

બહેનો, અક્ષરમુક્તોએ ભક્તિસભર કીર્તનોના તાલે શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની ફરતે ગરબા કરી આનંદ અને ઉમંગથી આ શુભ પ્રસંગને ચિરસ્મરણીય કર્યો.

સમગ્ર શોભાયાત્રાના અપ્રતિમ ભક્તિસભર તથા સુચારુ આયોજનથી અત્યંત પ્રસન્ન થઈ સંતભગવંત સાહેબજીએ પોતાના આશીર્વાદરૂપી પ્રસાદીની પુષ્પમાળા સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાના વરદ હસ્તે સાધુ પૂ. પરેશદાસજીને પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો.

તે જ સંધ્યાકાળ દરમિયાન એક અતિ શુભ મુહૂર્તે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ પૂ. મનોજદાસજી અને સૌ સંતોએ નૂતન મંદિરજીના ગર્ભગૃહમાં શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની પીઠિકાનાં શાસ્ત્રોક્ત વિધિવત્ પૂજન કર્યાં.

યજ્ઞશાળાથી નિજમંદિરમાં પ્રવેશ દરમિયાનની શ્રી ઠાકોરજી મહારાજની આ શોભાયાત્રા બહુવિધ અર્પણ સાથે પ્રત્યેક અક્ષરમુક્તોને હૃદયમાં શાશ્વતકાળ પર્યંત જીવંત સ્મૃતિરૂપે સ્થાન પામી. ❀

## કીર્તનસંધ્યા

શોભાયાત્રા પશ્ચાત્ સાયંકાળનો પ્રસાદ ગ્રહણ કરી, સૌ સંતો અને અક્ષરમુક્તો સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં સભામંડપમાં એકત્ર થયા અને કીર્તનભક્તિમાં જોડાયા. શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાના આ શુભ પ્રસંગે મહારાજની મૂર્તિના મહિમાનાં પદો સહિત અમેરિકાના યુવાઓએ અત્યંત સુરીલા સ્વરે જ્ઞાન, ભક્તિ અને માહાત્મ્યનાં કીર્તનો અને પદો રજૂ કર્યાં.

આ યુવાઓમાં ઓમ, જયતી, જાહ્નવી, નંદન, મિહિર, મહિયા, દર્શ સાથે પૂ. ધર્મેન્દ્રભાઈએ પણ કીર્તન-ભક્તિ દ્વારા સૌ ભક્તોને ભાવવિભોર કર્યા જેથી સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી. સ્વરસૂરાવલીના સંગે સૌ ભક્તો ભક્તિ ઉમંગે થનગની રહ્યા. પ્રભુ પધાર્યાની પ્રસન્નતાપૂર્ણ વધામણીનો આનંદ સૌનાં હૈયે વ્યાપી ગયો જેની અનુભૂતિ આ કીર્તનભક્તિમાં સહજ સૌને થઈ. ❀



શોભાયાત્રામાં ભક્તોના ભાવ ઝીલતા સંતભગવંત સાહેબજી



કીર્તનભક્તિ અર્પણ કરનાર યુવાભક્તોને સાહેબજીનાં આશીર્દાન

## મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા : ૩ જુલાઈ ૨૦૨૩, સોમવાર

જુલાઈની ત્રીજી તારીખ, આષાઢ માસના શુક્લ પક્ષની પૂર્ણિમા-ગુરુપૂર્ણિમાના પરમ પવિત્ર દિવસે લૉસ ઍન્જલસના ઉપનગર નૉરવૉકમાં અનુપમ મિશનના ઉપાસના ધામ સ્થિત નવનિર્મિત મંદિરજીના શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ પરમ ભક્તિભાવ સાથે સંપન્ન થઈ.

આ નૂતન મંદિરજીના મધ્ય ગર્ભગૃહમાં શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની સાથે આરસની પ્રતિમા રૂપે બિરાજમાન થયેલાં બ્રહ્મસ્વરૂપો પૂ. ભગતજી મહારાજ, પૂ. શાસ્ત્રીજી મહારાજ, પૂ. યોગીજી મહારાજ, પૂ. સાહેબજી મહારાજ સાથે શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂર્તિઓની પણ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ. અનુપમ મિશનના સંતો પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી તથા પૂ. ઉત્પલદાસજીએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિવિધાન અનુસાર આ પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરાવી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની સન્મુખ સંતભગવંત સાહેબજી સ્વયં ઉપસ્થિત થયા અને મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરી. તે જ રીતે અનુક્રમે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા અને અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા પૂ. દિનકરઅંકલના વરદ હસ્તે સંપન્ન થઈ. બ્રહ્મસ્વરૂપો પૂ. ભગતજી મહારાજની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાની સેવા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીને પ્રાપ્ત થઈ તથા પૂ. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાની સેવા વડીલ સાધુ પૂ. વાસુદેવદાસજીને પ્રાપ્ત થઈ. ગુરુદેવ પૂ. યોગીજી મહારાજની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાનો લાભ સાધુ પૂ. રમેશદાસજીને તથા સંતભગવંત સાહેબજીની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાનો લાભ સાધુ પૂ. ગૌતમદાસજીને પ્રાપ્ત થયો. શ્રી ગણપતિજીની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા સાધુ પૂ. રમેશદાસજી-દયાળુ અને શ્રી હનુમાનજીની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા સાધુ પૂ. સતીશદાસજીએ સંપન્ન કરી.



માહાત્મ્યગાન : સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

આ મહામંગલકારી પ્રસંગનું ગૌરવ વધારતાં નૉરવૉક નગરનાં મૅયર સુશ્રી ઍના વૅલેન્સિઆની ઉપસ્થિતિથી શોભામાં અભિવૃદ્ધિ થઈ. મૅયરશ્રીનાં યથાયોગ્ય સન્માન બાદ તેઓએ પોતાના સંક્ષિપ્ત વક્તવ્યમાં અનુપમ મિશનને બિરદાવતાં સામુદાયિક જીવનમાં મંદિર અને તેની સાથે જોડાયેલી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના મહત્ત્વને સમજાવ્યું અને નગરના પ્રશાસન તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી વ્યક્ત કરી. આ પ્રસંગે તેઓશ્રીએ અનુપમ મિશનનાં સેવાકાર્યોને બિરદાવતું એક સન્માનપત્ર સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યું.

સમારંભમાંથી વિદાય થતાં પૂર્વે મૅયર સુશ્રી ઍના વૅલેન્સિઆ, ડૉ. કિરણભાઈ પટેલ, સતીશભાઈ ચતવાણી સહિત અગ્રણી મહાનુભાવો સાથે સંતભગવંત સાહેબજીએ નવનિર્મિત મંદિરજીમાં પ્રતિષ્ઠિત શ્રી હરિકૃષ્ણ મહારાજની નવનિર્મિત સુવર્ણમંડિત મૂર્તિનાં પૂજન કરી મૂર્તિ અભિષેકના શુભારંભ કર્યા.

શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓ પ્રાણપ્રતિષ્ઠા પશ્ચાત્ શણગારભક્તિને ગ્રહણ કરી રહ્યા હતા તે દરમિયાન ભાવિનભાઈ, શુભ પ્રસાદ, ધર્મેન્દ્રભાઈ, ડૉ. કિરણભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં મંદિરજીનાં નિર્માણ દરમિયાન સ્વયંના અનુભવો તથા સંતો અને





નૉરવૉક-લૉસ ઍન્જલસના નૂતન મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં પ્રથમ પૂજન તથા પ્રથમ આરતી અર્પણ

મંદિરજીના મહિમાની સુંદર વાતો કરી. આ પ્રસંગે વિશેષ રૂપે પધારેલા ડૉ. કિરણભાઈ પટેલ તથા નૉરવૉક નગરના સુપ્રતિષ્ઠિત અગ્રણી શ્રી બી. યુ. પટેલનાં ગૌરવવંતાં સન્માન કરવામાં આવ્યાં.


સેવામૂર્તિ મુક્તરાજ આદરણીય ડૉ. કિરણભાઈ પટેલનાં સન્માન

ગુરુપૂર્ણિમાના શુભ અવસરે અનુપમ મિશન, અમેરિકાના મહંતશ્રી સાધુ પૂ. જયેશદાસજીના પ્રાગટ્યદિનનો સુયોગ સધાયો, તે મંગલ સમન્વયનો પણ સૌએ આનંદ વ્યક્ત કર્યો. આ પ્રસંગે અનુપમ મિશન, ઈંગ્લૅન્ડના મહંતશ્રી સાધુ પૂ. હિંમતદાસજીના વરદ હસ્તે "તારા શરણમાં" નામક કીર્તનોના સંપુટના ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ થયાં.


પ્રાસંગિક ધન્યભાવ : ધર્મેન્દ્રભાઈ


પ્રાસંગિક ધન્યભાવ : ભાવિનભાઈ

આ શુભ પ્રસંગે સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાએ પોતાના આશીર્વાદ વ્યક્ત કરતાં કહ્યું, 'આજે આપણે સૌ રૂડો સંકલ્પ કરીએ કે, મારા હૈયામાં પ્રભુ પધરાવવા છે. મારા ગુરુ અને પ્રભુને પ્રથમ સ્થાન આપવું છે. ભગવાન અને ભગવાનના ભક્તો માટે આપણી બુદ્ધિ અને શક્તિ વાપરવાં છે. આજે પ્રભુને પ્રાર્થના પણ કરવી છે કે, હે પ્રભુ ! આ પળ સુધી અમારા દ્વારા મન, વચન કે કર્મથી કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરશો. હવે પછીનું શેષ જીવન એકબીજા સાથે સંપ, સુહૃદભાવ, એકતા રાખી આપ રાજી થાવ તે રીતે જિવાય તેવો રૂડો બુદ્ધિયોગ, શક્તિ અને પ્રેરણા આપ પ્રદાન કરશો તેવી પ્રાર્થના છે !'

સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતાપૂર્વક કૃપાશિષ વરસાવતાં કહ્યું કે, 'આજે ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ આપણાં સૌ માટે ગુરુ અને પ્રભુના યથાર્થ મહિમા સમજી તેઓને પ્રાર્થના કરવાનો દિવસ છે. આજના શુભ દિવસે આ નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજ બિરાજમાન થયા છે તો હવે દર વર્ષે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ અહીં વિશિષ્ટ રૂપે ઉજવાશે. આ મંદિરમાં બિરાજમાન મૂર્તિઓ અલૌકિક છે, તો તે સઘળાં કામ કરશે. મંદિરજીમાં આપણે નિયમિત


પ્રાસંગિક ધન્યભાવ : શુભ પ્રસાદ


પ્રતિભાવ દર્શન : ડૉ. કિરણભાઈ પટેલ


નૉરવૉક નગરના સુપ્રતિષ્ઠિત અગ્રણી શ્રી બી. યુ. પટેલનાં સન્માન


નૉરવૉક નગરનાં મૅયર સુશ્રી ઍના વૅલેન્સિઆનાં સન્માન

આવીએ, શ્રી ઠાકોરજી મહારાજની આરતી, થાળ તથા સત્સંગમાં ભાગ લઈએ અને મંદિરજીની નાની-મોટી સેવાઓ કરીએ તો અહંકારરહિત થઈ, સુખિયા થઈશું. શ્રી ઠાકોરજીને પ્રાર્થના છે કે, આ મંદિરજીમાં જે કોઈ ભક્તિભાવથી આવે અને આપની પ્રાર્થના કરી ધૂન કરે તેઓ સૌના સર્વ મનોરથ આપ પૂરા કરજો.'


શ્રી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણમંડિત મૂર્તિના અભિષેક

આ દિવ્ય પ્રસંગે શ્રી ઠાકોરજીના વાઘાની સેવા વેંનકુંવર સ્થિત શ્વેતાબહેન-નેહલભાઈએ અર્પણ કરી તથા નીલમબહેન-જતીનભાઈએ કરકસર કરી, બચત કરેલી રાશિમાંથી શ્રી ઠાકોરજી માટે સુવર્ણનો હાર ભક્તિ સાથે અર્પણ કર્યો. આ ઉપરાંત, દુબઈ સ્થિત અક્ષરમુક્તો રાજશ્રીબહેન-નયનકુમારે પણ આ શુભ પ્રસંગે શ્રી ઠાકોરજી મહારાજને સુવર્ણહાર અર્પણ કરી ભક્તિ- સમર્પણ ધર્યાં.

શ્રી ઠાકોરજી મહારાજ અત્યંત દિવ્ય અને મનોહર વાઘા ગ્રહણ કરીને દર્શન આપવા પધાર્યા ત્યારે છડી પોકારીને શ્રી ઠાકોરજી મહારાજને સૌએ કરતાલ અને જયઘોષથી વધાવ્યા. પ્રાણપ્રતિષ્ઠા પછી શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનાં પ્રથમ પૂજન સંતભગવંત સાહેબજીએ કર્યાં તથા મંદિરજીના ગર્ભગૃહમાં બિરાજમાન સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં સર્વ પ્રથમ પૂજન સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાએ કર્યાં. શ્રી ગણપતિજી તથા શ્રી હનુમાનજીની મૂર્તિઓનાં પૂજનની સેવાના લાભ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીને પ્રાપ્ત થયા. પૂજન પશ્ચાત્ સંતભગવંત સાહેબજીએ શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠાની પ્રથમ આરતી ઉતારી. આ પ્રસંગે ઉપસ્થિત પ્રત્યેક અક્ષરમુક્તો, મહાનુભાવો તથા સર્વે સંતોને પણ આરતી ઉતારવાના અલભ્ય લાભ પ્રાપ્ત થયા. ત્યારબાદ શ્રી ઠાકોરજી મહારાજને ખૂબ ભક્તિભાવથી વિવિધ વાનગીઓનો પ્રથમ અન્નકૂટ ધરવામાં આવ્યો. અનુપમ સૂરવૃંદે વિવિધ થાળનાં ગાન કર્યાં અને ત્યારબાદ અન્નકૂટ આરતી અર્પણ કરવામાં આવી, જેનો સૌએ લાભ લઈ ધન્યતા અનુભવી.


સાહેબજીના સાંનિધ્યે શ્રી ઠાકોરજીનાં પ્રથમ દર્શનના આનંદને માણતા ભક્તો

નૉરવૉક નગરમાં નવનિર્મિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ, સર્વ ગુણાતીત સંતસ્વરૂપો તથા સર્વ દેવતાઓની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પશ્ચાત્ જાણે આ સર્વ મૂર્તિઓ સાક્ષાત્, જીવંત અને હાજરાહજૂર છે તેવા પ્રતીતિકર અનુભવ સૌને થઈ રહ્યા.



નૂતન કીર્તનોના સંપુટના ઑડિયો આલ્બમ 'તારા શરણમાં' અને 'ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...'નાં મુક્તાર્પણ

# ગુરુપૂર્ણિમાએ ભક્તિભાવપૂર્ણ ગુરુવંદના

ગુરુપૂર્ણિમાના મહાપવિત્ર દિવસે પ્રાતઃ કાળે નૉરવૉક નગરમાં નવનિર્મિત મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ. તે જ દિવસે સંધ્યાકાળે સભામંડપમાં ગુરુપૂર્ણિમા પર્વના અપાર ભાવ-ભક્તિ સાથે સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ગુરુવંદના અર્પણ કરવા સૌ સંતો તથા અક્ષરમુક્તો એકત્રિત થયા.

પ્રારંભિક સ્વાગત પ્રવચન દરમિયાન યુવા અક્ષરમુક્ત ચેતનભાઈએ ઉપસ્થિત સર્વનાં ભાવપૂર્ણ સ્વાગત કર્યાં તથા ગુરુપૂર્ણિમાનાં મહિમા ને માહાત્મ્યના શુભ ભાવ વ્યક્ત કરી સંતભગવંત સાહેબજીના ચરણે શુભ પ્રાર્થનાઓ ધરી. આ મંગલ પ્રસંગે ઉપસ્થિત સૌ સંતો અને અક્ષરમુક્તો વતી શ્વેતાબહેન-નેહલભાઈએ ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં પૂજન અને પુષ્પાર્પણ કર્યાં.



ગુરુમાહાત્મ્યદર્શન : સતીશભાઈ



ગુરુમાહાત્મ્યદર્શન : ચેતનભાઈ

આ શુભ પ્રસંગે સતીશભાઈ ચતવાણીએ ગુરુમાહાત્મ્યદર્શન કરાવતાં કહ્યું કે, 'આપણે આપણા ગુરુના સ્વરૂપને ઓળખીશું તો પ્રભુની મૂર્તિઓનું માહાત્મ્ય સમજાશે. ગુરુ જ્યારે કોઈ આજ્ઞા આપે ત્યારે તે પાળવા અવશ્ય પ્રયત્ન કરીએ. ગુરુ સાથે જીવનું હેત થાય તો ગુરુની આજ્ઞા સહજ પળાય. આજ્ઞા પળાશે તો આપણામાંથી મારાપણાનો ભાવ દૂર થશે.' ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રવચન કરતાં કહ્યું કે, *'આજનો પ્રસંગ જ્ઞાનવાર્તા કરતાં પ્રેમવાર્તા વિશેષ કરવાનો છે. વળી, આજનો પ્રસંગ જાગ્રતતા કેળવવાનો પણ છે. ગુરુના વચનનું પાલન એ જ આપણા માટે શ્રેષ્ઠ ધ્યાન છે. અને આપણે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારથી ઉપર ઊઠી ગુરુના વચન પ્રમાણે જીવવું એ આપણી ગુરુભક્તિ છે. આપણાં અહોભાગ્ય છે કે, એવી ભક્તિ કરાવવા માટે પ્રભુના પરમ તત્ત્વને ધારણ કરનાર ગુરુહરિ સાહેબદાદાની આપણને પ્રાપ્તિ થઈ છે !'*



॥ ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

ગુરુપૂર્ણિમાના મંગલ આશિષ વરસાવતાં સંતભગવંત સાહેબજીએ કૃપા કરી કહ્યું કે, *'આજે નવા મંદિરજીમાં મધ્ય ગર્ભગૃહમાં શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા છે એ મંગલકારી ઘટનાથી ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજ અતિશય રાજી થતા હશે. લૉસ ઍન્જલસમાં નવા મંદિરનું નિર્માણ અને તેમાં ભગવાન સાક્ષાત્ બિરાજમાન થયા છે એ ભગવાનના રાજીપાનું પરિણામ છે. આ મંદિરજીમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે સમગ્ર વિશ્વમાંથી ભક્તો પધાર્યા છે એ જ સાચું ગુરુપૂજન છે. તો આજે ભગવાન રાજી ના થાય તેવાં કોઈ વિચાર, વાણી કે વર્તન આપણે કરવાં નથી તેવો ભાવ ભેટરૂપે ગુરુચરણે ધરજો. કોઈની ખટપટ, નિંદા કે માથાકૂટમાં પડશો નહિ. પ્રભુ સૌને તન, મન, ધન અને આત્માના સુખે પ્રભુનું સુખ આપી સુખિયાં રાખે તેવી ગુરુચરણે, પ્રભુચરણે પ્રાર્થના છે !'*



ગુરુપૂર્ણિમાએ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની આશિષ સરવાણી



ગુરુપૂર્ણિમાએ ગુરુવર્ય પ.પૂ. સાહેબદાદાનો કૃપાપ્રસાદ

## સાંસ્કૃતિક કાર્યક્રમ : 'ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...'

ગુરુપૂર્ણિમાની શુભ સંધ્યાએ અમેરિકા અને કેનેડાનાં બાળકો, યુવાનો તથા યુવતીઓએ સંપ, સુહૃદભાવ અને એકતાનાં આચરણનાં અદ્ભુત દર્શન કરાવી 'ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...' સ્વરૂપે એક સર્જનાત્મક, કલાત્મક અને ભક્તિ-સંગીતસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. કુલ ૧૦૫ જેટલાં બાળ-યુવા કલાકારોએ સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપનાં વર્ણન કરતાં સંગીતબદ્ધ કીર્તનો પર વિવિધ નૃત્યભક્તિ પ્રસ્તુત કરી.

સદ્ગુરુ પૂ. શાંતિદાદા, પૂ. મનોજદાસજીનાં અધ્યાત્મસભર માર્ગદર્શનમાં અને અર્ચનાબહેનના સંવાદિતાપોષક સમન્વય સાથે ચેતનભાઈ, મિહિરભાઈ, યશ્વી, આશી, જયતી, જશ્વી, જાહ્નવી, વિધિ, રાજવી, નતાશા, સલોની, સહેલી, શિવાની, ઋચિ, નીલકંઠભાઈ સહિત યુવાઓની સર્જનશીલ ટીમે વિપરીત સંજોગો છતાં પણ એક ઉત્કૃષ્ટ કલાપ્રસ્તુતિને શ્રી ઠાકોરજી મહારાજને રાજી કરવાના ભાવથી સાકાર રૂપ આપ્યું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાવિષ્ટ કીર્તનોને કાર્યક્રમને અનુરૂપ નૃત્યશૈલી માટે અનુકૂળ આવે તેવી રીતે સંગીતબદ્ધ કરવાની સેવા સાધુ પૂ. ઉત્પલદાસજીનાં માર્ગદર્શન હેઠળ ભારતમાં રાહુલ, ભાવિક, ચિરાગ, કલ્પેશ, બિહાગ, ધર્મેન્દ્રભાઈ, અવિનાશભાઈ અને દક્ષેસભાઈએ ચીવટસભર સહયોગ અને ભક્તિથી સંભાળી. અનુપમ મિશન, અમેરિકાના મહંતશ્રી સાધુ પૂ. જયેશદાસજીનાં પણ આ કાર્યક્રમ માટે માર્ગદર્શન તથા સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયાં. આ સાંસ્કૃતિક કાર્યક્રમનાં શીર્ષક 'ગાઓ રે મન... યોગીના જશનાં ગીત...'ના બૅકડ્રોપ ડિઝાઈન તૈયાર કરવા માટે અનુપમ મિશનના વરિષ્ઠ સાધુ પૂ. સુનીલદાસજીએ રાગહીરભાઈ તથા અનિરુદ્ધભાઈને સતત માર્ગદર્શન આપ્યાં.


પ.પૂ. સાહેબજીના પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ



પૂ. અશ્વિનદાદાની પ્રસન્નતા


પૂ. મનોજદાસજીની પ્રસન્નતા

શાસ્ત્રીય નૃત્ય શૈલીઓ ભારતનાટ્યમ, કથક ઉપરાંત ભારતીય પરંપરાગત લોકનૃત્યો તથા સૂફી શૈલીની નૃત્ય પરંપરાઓના અદ્ભુત સર્જનાત્મક સમન્વયથી તૈયાર થયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળનારા સર્વ સંતો-અક્ષરમુક્તો અભિભૂત થયા. સ્વયં સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાએ આ કાર્યક્રમને તથા તેને તૈયાર કરવામાં ઉચ્ચતમ્ આધ્યાત્મિક સિદ્ધાંતોનાં આચરણને બિરદાવતાં "અદ્ભુત ! અદ્ભુત ! અદ્ભુત !" કહી પોતાના અંતરનો રાજીપો વ્યકત કર્યો. કાર્યક્રમની અંતિમ પ્રસ્તુતિમાં તો સભામંડપમાં ઉપસ્થિત પ્રત્યેક દર્શક તથા કલાકાર સાથે સ્વયં સદ્ગુરુ પૂ. અશ્વિનદાદા, પૂ. દિનકરઅંકલ અને ગુરુહરિ સાહેબદાદા પણ કીર્તનભક્તિ અને નૃત્યમાં જોડાઈ ગયા. સાંસ્કૃતિક કાર્યક્રમને માત્ર નિહાળી નહિ, પરંતુ સંપૂર્ણપણે માણીને સભામંડપમાં ઉપસ્થિત આબાલવૃદ્ધ પ્રત્યેક ચૈતન્ય જાણે કે સંતભગવંત સાહેબજીની મૂર્તિની સ્મૃતિ સાથે અને ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય કાર્યને નતમસ્તકે નમન કરતાં ગાઈ રહ્યાં હતાં કે, ગાઓ ને મન... યોગીના જશનાં ગીત !


સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન


સાંસ્કૃતિક કાર્યક્રમને ધન્યભાવે વધાવી લેતા ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તો



# મહોત્સવ પૂર્ણાહુતિ : સંપ-સુહૃદભાવ ને એકતાથી સાહેબજીના યુગકાર્યના કળશ ચઢી ગયા

## ૪ જુલાઈ ૨૦૨૩, મંગળવાર

લૉસ ઍન્જલસ નગરમાં નવનિર્મિત મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓના પ્રાણપ્રતિષ્ઠા મહાપર્વની પૂર્ણાહુતિ સભામાં ઉપસ્થિત રહેલા સૌ અક્ષરમુક્તો અને સંતોનાં મુખારવિંદ પર પરમ આનંદ અને હૈયામાં દિવ્યભાવ છલકાતા હોય તેવા અનુભવ થઈ રહ્યા હતા. મંચની શોભા પણ ગુરુદેવ યોગીજી મહારાજનાં એ દિવ્ય આશીર્વચનો ઉદ્‌ઘોષી રહી હતી. ૧૯૭૩થી ૨૦૨૩ના પાંચ-પાંચ દાયકાઓ પર્યંત ગુરુદેવ યોગીજી મહારાજનાં વચન 'અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો એ આપણી ભક્તિ છે' તેનાં સાકાર દર્શન આ મહોત્સવમાં ઉપસ્થિત ત્રણ ત્રણ પેઢીઓનાં જીવનમાં થતાં હતાં.

પૂર્ણાહુતિ સભાના આરંભે યુવા અક્ષરમુક્ત અમિતભાઈએ ઉપસ્થિત સૌ સંતો તથા અક્ષરમુક્તોને ભાવથી આવકાર્યા અને મહોત્સવનાં સાફલ્ય બદલ સૌનાં અભિવાદન કર્યાં. પ્રાસંગિક સ્વાગત પ્રવચન કરતાં ડૉ. જિતુભાઈ પટેલે આ જ વાત કરતાં કહ્યું કે, *'સંતભગવંત સાહેબજીએ છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન વર્ષોવર્ષ અમૅરિકા આવી કે વિશ્વના અન્ય દેશોમાં પધારી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને સમજાવ્યા છે, આચરણમાં ઉતારતા શિખવાડ્યું છે અને જીવનમાં તેને દૃઢ કરાવ્યા છે.'*

મહોત્સવ સભામાં અન્ય વક્તાઓ ભાવિશા ટેલર (યુ.કે.), વિનુભાઈ નકારજા (યુ.કે.), દીપેનભાઈ રુગાણી (ઑસ્ટ્રેલિયા), રાજશ્રીબહેન (દુબઈ), કામિનીબહેન (એલ.એ.) તથા ધવલભાઈ (કૅનેડા) અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી જેવા સંતો-અક્ષરમુક્તોએ પણ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સંતભગવંત સાહેબદાદાના વિગતનાં પચાસ-પચાસ વર્ષોની વૈશ્વિક ધર્મયાત્રાની ફળશ્રુતિરૂપે અનેકાનેક વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોનાં જીવનમાં સકારાત્મક અને આધ્યાત્મિક પરિવર્તનો આવ્યાં છે તેનાં વર્ણન કર્યાં.

મહોત્સવની પૂર્ણાહુતિ સભામાં ડૉ. જિતુભાઈના વરદ હસ્તે 'અનુપમની સ્વર સૂરાવલિ' નામક કીર્તનસંગ્રહનું (ગુજલિશ) પુસ્તક તથા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વરદ હસ્તે 'ભક્તિદર્શન' નામક કીર્તનભક્તિનાં સર્જનાત્મક વિડિયો દર્શન આલ્બમનાં મુક્તાર્પણ થયાં. સાથે સાથે રાજશ્રીબહેનના વરદ હસ્તે 'Spiritual Essence-Vol. 7' અને ધવલભાઈના વરદ હસ્તે 'છે માહાત્મ્યસભર વાણી સદા-ભાગ ૧૦' એમ બે પુસ્તકોનાં મુક્તાર્પણ થયાં.

મહોત્સવ દરમિયાન દેશ-વિદેશથી પધારેલા અક્ષરમુક્તોનાં નાનાં બાળકોને રસપ્રદ અને આનંદદાયક પ્રવૃત્તિમાં સક્રિય કરવા માટે



સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી નિમિત્તે અમૅરિકાનાં બાળમુક્તો દ્વારા વિશિષ્ટ ભક્તિભાવ અર્પણ

આયોજિત ઘનશ્યામ ફળિયાની સેવા કામિનીબહેન સાથે હર્ષિદાબહેન (સાન ફ્રાંસિસ્કો), મિત્તલબહેન (ઑસ્ટ્રેલિયા), નિરાલીબહેન, ચાંદનીબહેન, સંગીતાબહેન, મનીષાબહેન સહિત સ્વયંસેવક યુવક-યુવતીઓએ સુફળ રીતે સંચાલિત કરી. આ પ્રવૃત્તિની ફળશ્રુતિરૂપે બાળકોએ મહોત્સવ દરમિયાન સંતભગવંત સાહેબજીને અર્પણ કરવા એક કલાત્મક પ્રસ્તુતિને તૈયાર કરી હતી, જેને લઈ ઘનશ્યામ ફળિયાનાં સર્વ બાળકો જ્યારે મંચ પર પધાર્યાં ત્યારે સભામાં બિરાજમાન સૌ અક્ષરમુક્તો અને સંતોએ બાળકો તથા ઘનશ્યામ ફળિયામાં સેવા કરનારા સૌ અક્ષરમુક્તોને આનંદસભર કરતાલથી વધાવ્યાં.

આ પ્રસંગે મહોત્સવમાં સહયોગ કરનારા તથા દેશ-વિદેશમાં સક્રિય અનુપમ મિશનના પ્રતિનિધિઓને સ્મૃતિ અર્પણ કરવાના ભાવથી તેઓ સૌને મહોત્સવની વિશિષ્ટ સ્મૃતિભેટ અર્પણ કરી સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.


ડૉ. જિતુભાઈ પટેલ (યુ.એસ.એ.)


વિનુભાઈ નકારજા (યુ.કે.)


દીપેનભાઈ રુગાણી (ઑસ્ટ્રેલિયા)


ધવલભાઈ પટેલ (કૅનેડા)

મહોત્સવ પૂર્ણાહુતિ પ્રસંગે આશીર્વાદ પ્રવચન કરતાં પૂ. દિનકરઅંકલે કહ્યું, *'છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન સાહેબદાદાએ સમગ્ર વિશ્વમાં વિચરણ કરી અનેક ચૈતન્યોને પ્રભુના સંબંધ આપ્યા છે તથા અનેક જન્મોથી સાધના કરી રહેલાં ચૈતન્યોને તેઓની સાધનામાં બળ પૂર્યાં છે. સાહેબદાદા જેવા ગુણાતીત સત્પુરુષનો મહિમા સમજવા પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા જેવા સાધુઓની અનિવાર્યતા છે. તેઓના સમાગમ દ્વારા આ મહિમા સમજી આપણે હજી ઘણા આગળ વધવાનું છે.'*

મહોત્સવની ફળશ્રુતિ વર્ણવતાં સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાએ કહ્યું કે, *'આપણા મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ બિરાજમાન થયા એના ધન્યભાવના અનુભવ સાથે મહોત્સવનો કળશ ચઢી ગયો. યોગીજી મહારાજ પણ કોઈ પણ શુભ કાર્ય સંપન્ન થાય ત્યારે 'કળશ ચઢી ગયા' એમ કહેતા. કળશ ખૂબ પ્રતીકાત્મક છે. આપ સૌને ખૂબ ખૂબ વંદન છે ! તથા મહોત્સવને સુફળ બનાવવામાં સેવા-સહયોગ આપનાર સૌને ધન્યવાદ સાથે અભિનંદન છે! સાહેબદાદાના આપણે થઈશું તો સાહેબદાદા આપણા જ છે. આપણે આપણા કૌટુંબિક, સામાજિક અને વ્યાવહારિક જીવનમાં સાહેબદાદાએ ચીંધેલા માર્ગને અનુસરી જીવન જીવીશું તો સાહેબદાદા રાજી થશે. અને એ રાજીપાના પરિણામસ્વરૂપે જે જે પરિવારોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તનો આવ્યાં છે તેનો હું સાક્ષી છું.'*


ભાવિશાબહેન ટેલર (યુ.કે.)


રાજશ્રીબહેન ગોકલ (દુબઈ)


કામિનીબહેન પટેલ (LA)


અમિતભાઈ પટેલ (LA)

સમગ્ર મહોત્સવના સમાપન કરતાં સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા સાથે શુભ આશીર્વાદ વરસાવતાં કહ્યું કે, *'આ સમૈયામાં તો આખો વૈશ્વિક અનુપમ પરિવાર ભેગો થયો છે તેથી મંદિર મહોત્સવ ખૂબ અદ્‌ભુત રીતે ઉજવાયો છે, ખૂબ આનંદ આવ્યો છે. કારણ કે, આ સમૈયામાં સૌ સંતો, ભક્તો ભેગા મળી પ્રભુની ભક્તિમાં તરબોળ થયા છે. ગુરુદેવ યોગીબાપાએ અમને લખેલા એક પત્રમાં લખ્યું હતું કે, ઠેરઠેર બ્રહ્મવિદ્યાની કૉલેજ ચાલુ થશે, તેમાં પહેલો નંબર વિદ્યાનગરનો પછી મુંબઈ*



'અનુપમની સ્વર સૂરાવલિ-ગુજલિશ' કીર્તન ગ્રંથનાં મુક્તાર્પણ



'સ્પિરિચ્યુઅલ ઍસેન્સ-૭'નાં મુક્તાર્પણ

*અને પછી ગામોગામ બ્રહ્મવિદ્યાની કૉલેજ ચાલુ થશે. આજે લૉસ ઍન્જલસમાં આપણા નવા મંદિરમાં શ્રી ઠાકોરજી બિરાજમાન થયા છે એટલે અહીં પણ બ્રહ્મવિદ્યાની કૉલેજ ચાલુ થઈ છે. એ બ્રહ્મવિદ્યાનો પાયાનો અને પહેલો સિદ્ધાંત એ છે કે, ભગવાનના પ્રત્યેક ભક્ત એ આપણા માથાના મુગટ સમાન છે. અને નિર્દોષબુદ્ધિ જાળવી, સુહૃદભાવે અને સ્વધર્મયુક્ત તેઓની સેવા કરીએ તો ભગવાન રાજી થાય. ભગવાન રાજી થાય તો અહંકાર રહિત થવાય. અને અહંકાર રહિત થઈએ તો જીવનમાં ભગવાનનું સુખ અને આનંદ સહજ પ્રગટે. આ સમૈયામાં જેઓ જેઓ આવ્યા છે અથવા તો ડિજિટલ માધ્યમથી ભાગ લીધો છે, સમૈયામાં નાની-મોટી સેવાઓ કરી છે તેવાં સૌ દીકરાઓ અને દીકરીઓને પ્રભુ સર્વ વાતે સુખી કરી રૂડો બુદ્ધિયોગ આપે અને સૌ તન-મન-ધન અને પ્રભુના સુખે આત્માથી સુખી થાય તેવી પ્રભુચરણે-ગુરુચરણે પ્રાર્થના કરીએ છીએ.'*

અમેરિકામાં ઍલનટાઉન સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિર્મિત ભવ્ય મંદિરજી પછી રચાયેલાં મંદિરોની હારમાળામાં ફ્લૉરિડા, રિચમન્ડ અને હવે લૉસ ઍન્જલસમાં મંદિરજીના સમાવેશ થયા છે. શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીના નિર્માણ પ્રસંગે અનુપમ મિશનના સંતો ગુરુદેવ યોગીજી મહારાજે યુવા જશભાઈ એટલે કે, આપણા ગુરુહરિ સંતભગવંત સાહેબજીને આપેલા નિર્દેશની સહજ સ્મૃતિ કરી ધન્યભાવ અનુભવે છે. ગુરુદેવ યોગીબાપાએ સાહેબજીને નિર્દેશ કર્યા હતા કે, 'અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવો એ આપણી ભક્તિ છે !' આ દિવ્ય નિર્દેશ પછીથી સાહેબજીના જીવનની પ્રત્યેક પળ અને સમગ્ર જીવન-ઉદ્દેશ કેવળ યોગીબાપાના આ નિર્દેશને સાકાર કરવામાં વ્યતીત થઈ છે અને એમ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ તથા ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય કાર્યને વહેતું રાખવા માટે સમર્પિત થઈ છે.



'સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા-૧૦'નાં મુક્તાર્પણ



'ભક્તિદર્શન' વિડિયો આલ્બમનાં મુક્તાર્પણ




સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા પ્રાસંગિક પ્રાર્થનાભાવ અર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ

સંતભગવંત સાહેબજીની આ જ જીવનભાવનાને યત્કિંચિત રૂપે પોતાના જીવનમાં સાકાર કરવાના ઉમંગ સાથે પ્રત્યેક સમૈયાની જેમ આ સમૈયામાં પણ અમૅરિકા અને કૅનેડાના લગભગ ૧૫૦ જેટલાં યુવક-યુવતીઓએ દિનશા, ભાવિનભાઈનાં વડપણ હેઠળ તથા મહર્ષિ, મિહિર, તૃષિલ, યશ્વી, બંસરી આદિ યુવાનેતાઓના વિચારવંત માર્ગદર્શન અને નેતૃત્વમાં સદ્‌ગુરુઓ પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. જયેશદાસજીને આગળ રાખી સર્વ સેવાપ્રકલ્પો સુફળ કર્યા છે. આ સૌ યુવકો-યુવતીઓ માટે આ જીવનનાં સાફલ્ય છે. કારણ કે, આ સેવાપ્રકલ્પોની સફળતાના પરિણામ સ્વરૂપે તેઓ સૌને સદ્‌ગુરુઓ પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીના અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થઈ રહી છે. આપણાં સૌનાં જીવન પણ જીવનસાફલ્યના આ સિદ્ધાંતના માર્ગ અનુસરે, ધન્યતા અનુભવે અને પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી દિવ્ય જીવનના દિવ્ય આનંદ માણતાં થાય તેવી શુભ પ્રાર્થના !



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



પરમ આદર સહ પૂ. દિનકરઅંકલનાં સન્માન



પૂ. દિનકરઅંકલના આશીર્વાદ

# મહોત્સવનાં દિવ્ય સંસ્મરણ

















* આ મંદિરમાં બિરાજમાન મૂર્તિઓ અલૌકિક છે, તો તે સઘળાં કામ કરશે. ~ સંતભગવંત સાહેબજી *

# સંતોની સેવા અને માર્ગદર્શન

















* ભેગાં મળીને ભગવાનનાં કાર્યમાં જોડાવું તે ભગવાનની મોટી કૃપા. ~ સંતભગવંત સાહેબજી *

# મહિમાપૂર્ણ ભક્તિયજ્ઞ


















*** આ મંદિર ભક્તોની તપશ્ચર્યા અને ભક્તિથી નિર્માણ પામ્યું છે. ~ સંતભગવંત સાહેબજી ***

# નિષ્ઠાપૂર્ણ સેવાયજ્ઞ



* આ મંદિર પ્રભુને રાજી કરવાના ભાવથી તૈયાર થયું છે તેથી દિવ્ય છે. ~ સંતભગવંત સાહેબજી *

# The Grand Celebrations - Murti Pratishtha Mahotsav LA

~ Bhavisha Tailor

**Many** years ago, a very devout young satsangee, Pujya Alkaben through marriage to Pujya Dineshkumar, moved to Los Angeles from Khambhat. Within a short time of this, Guruhari Sahebji came to the USA, and through tears Alkaben told him, there is no satsang, please bring the satsang here. The ardent prayer of a devotee was accepted and over a period of time the spark of satsang and the love of Guruhari Sahebji touched Pujya Dineshkumar's inner being and he too joined the satsang. The weekly satsang sabha began.

In 2003, when the Allentown mandir was opened, the murti's that had graced the Pocono's mandir came to Los Angeles and according to Guruhari Sahebji' *aagna*, a Hari Mandir was created in Pujya Vishnumama and Pujya Smitamami's home. Here, devotees gathered weekly, engaging in satsang, seva and kirtans, and not only did the mandal blossom, but satsang in the entire West Coast belt flourished, from San Diego, Los Angeles, Fresno, San Francisco, Seattle right through to Vancouver. Guruhari Sahebji's constant *vicharan* over the span of fifty years and through his association, grace



Guruhari Sahebji performing opening poojan of Mandir Doors

and blessings, immense transformation happened in the lives of bhakto, whose devotion, dedication and samarpan heightened to such an extent that Shri Mukt Akshar Purushottam Maharaj decided to take His seat there!

The Los Angeles Murti Pratishtha Mahotsav took place from 1 July to 4 July 2023 and what an immense occasion it was! Sadguru Param Pujya Ashvindada and Santo flew directly to Los Angeles from eight weeks of vicharan in Australia and New Zealand. Guruhari Sahebji Maharaj graced the soils of Los Angeles on 23 June 2023 to the joyous welcome of Santo and bhakto.

Having darshan of the mandir campus one week prior to the Mandir opening, one would think completion within that time frame to be an impossibility. But the force of God's strength at work was evident and it gathered an immense boost with Guruhari Sahebji's arrival. Everywhere one looked, there were Santo and bhakto, working on the painting, the carpentry, the outside walls and two days prior to the opening, the marble floor within the mandir was still to be laid! However, as Maharaj has stated, it was evident that each sevak was working with the force of 10 sevaks at once! Every department was in full swing, and under the guidance of the elders, Pujya Dr Virendrabhai, Pujya Dr Jitubhai, Pujya Dineshkumar, Pujya Bhavinbhai – the youth wing took on great responsibility! According to Guruhari Sahebji's wish, more than 150 youth had gathered to volunteer and take on the responsibilities of the samaiyo, with many arriving more than one month in advance, taking leave from jobs. P. Mihir, P. Maharshi, P. Trushil, P. Yashvi, P. Bansari and others took on entire departments from transport to accommodation and overall management of the event. With over 1000

bhakto coming from all over the USA and from all over the world, they took this in their stride. However, the great privilege was to witness the *mahatmya* with which their seva translated into utmost devotion. The samaiyo was not just to participate in the historic occasion of the Murti Pratishtha but also to have darshan of the magnitude of Guruhari Sahebji's work and vision, to see it come to fruition, and take the opportunity to learn wonderful lessons from it.

On Saturday 1 July 2023, a beautiful sunny Californian morning, in the unassuming quiet neighbourhood of Norwalk, the grand opening of the Mandir campus began. Guruhari Sahebji, Sadguru Ashvindada and Santo, with a crowd of bhakto stood at the gates of the beautiful mandir, and poojan, shloks, dhun and prayer filled the air and reached the skies as prashadi pushpo were scattered and balloons flew free in the wind. The gates were opened and with the jai-naad, the divinity and joyousness enveloped everyone! Guruhari Sahebji performed poojan of the Mandir entrance and with Santo and bhakto took the first step into the mandir that awaited Shri Thakorji's arrival.

Following this, an excellent exhibition spearheaded by Californian youth, P. Yashvi and a team, was also inaugurated. With Mantra-pushpanjalim and arti the exhibition was officially opened and Guruhari Sahebji with Santo and bhakto were given a guided tour by the youth at every station within the exhibition. It was a beautiful exposition reflected in the title, 'Guruhari Sahebji – 50 Years of Giving.' It showed the work of Guruhari Sahebji in the USA, the history of Anoopam Mission, through a wonderful documentary and interviews, and the impact of Guruhari Sahebji's life and work on the spiritual landscape of the USA. It paid tribute to both Sadguru Santo – Param Pujya Shantidada and Param Pujya Ashvindada, whose gift has been given to us by Guruhari Sahebji.

In the late afternoon, the Mahotsav was officially opened through the Opening Ceremony Sabha. A large marquee had been erected on the grounds of the Saddleback Hotel where the majority of bhakto were accommodated, a few minutes walk from the mandir. Guruhari Sahebji and Santo were welcomed into the marquee by over 150 youth. Deep-pragatya took place and with five diva stands, and Guruhari Sahebji and Santo in the centre, each stand had sevaks from the various departments. Param Pujya Ashvindada officially opened the Mahotsav, and said Guruhari Sahebji has himself lit the lamp and has spread light, so let us sit with the doors of our hearts wide open and let this light in. Guruhari Sahebji showered his blessings and said, it is only when one has the *punya* of countless lifetimes that one is able to get seva such as this, offering prayers for everyone to enjoy the peace, joy and bliss of God.



Guided exhibition tour by youths



Core team of youth Sevaks with Guruhari Sahebji

On the morning of Sunday 2 July, the entire marquee had been re-arranged as bhakto gathered to participate in the Maha-Yagna. In the divine presence of Guruhari Sant Bhagwant Sahebji, Sadguru Param Pujya Ashvindada, Param Pujya Dinkar Uncle, more than 1000 bhakto took their seats to offer their devotion and prayers through the Yagna. Led by Sadguru Pujya Manojdasji and Santo, it seemed to lift everyone into a space of utmost peace and divinity. This Yagna was unique, for it was the first time in the history of Anoopam Mission, that each couple was provided with their own Yagna-kund. The meticulous arrangements had been the exceptional seva of Sadhu Pujya Rajudasji and the team of sevaks in Mogri. The setting up was done by the army of youth volunteers, and the exceptional bhakti was clear as sevaks from each department, took place in the yagna. They had completed their seva ahead of time. Those from the kitchen department had begun cooking seva at 3.00am in order to be able to participate in the Yagna! In his blessings, Sadguru Param Pujya Ashvindada spoke of the global community being present, which shows that Shri Akshar Purushottam Maharaj, who is taking his seat here does not belong just to the local mandal, but to the entire global community, in the same way that our Guruhari is one and all's. Guruhari Sahebji showered his utmost blessings and spoke of how the Santo who have all been trained by Sadguru Param Pujya Shantidada have performed their seva with such precision and perfection to please Shri Thakorji. Speaking of Sadguru Param Pujya Manojdasji's mahima, Guruhari Sahebji showed that it is Param Pujya Shantidada's swaroop that we have got in the form of Param Pujya Manojdasji.

Later that afternoon, preparations were underway for the Shobha Yatra, which began at the Saddleback Hotel and made its way to the Mandir. It was a vision of amazing oneness, a heartfelt togetherness of bhakto. Each mandal carried the banner of its country and each mandal expressed its overwhelming joy through folk dances as Shri Thakorji and Guruhari Sahebji's chariots made their way to the Mandir. However, each mandal while separate, was together, and this unique oneness, the bonding and the love was felt in the air, culminating in devotional ecstasy as Shri Thakorji entered the gates of the Mandir compound, where the chariot stood and *baheno*, welcoming Shri Thakorji joyously performed *garba.* That evening after Mahaprashad, bhakto joined in Kirtan Sandhya, the outpouring of devotion by the West Coast mandals, as youth immersed bhakto in their kirtan-bhakti.

The day that everyone had eagerly been waiting for, the Murti Pratishtha Mahotsav was finally here! Monday 3rd July, the most auspicious day of Guru Purnima, and Shri Mukt Akshar Purushottam Maharaj



Rushi Kanya taking blessings prior to the Maha-Yagna



Rushi Kumars taking blessings prior to the Maha-Yagna

and Swaroopo took their throne in the majestic mandir of Anoopam Mission, in Norwalk California. The vidhi led by Sadguru Param Pujya Manojdasji, took place behind closed curtains, as Guruhari Sahebji, Param Pujya Ashvindada and Param Pujya Dinkar Uncle and Santo performed the praan-pratishtha of the Murtis. As the curtains finally opened, to the great jubilation of bhakto, Shri Thakorji Maharaj and Santo gave their darshan and everyone's eyes filled with tears. The Murtis which had graced the UK Mandal bhakto for 25 years, had also graced Mogri, India for 2 years and completing a global yatra, were now taking their throne in the USA! As preparations took place for Anakut and aarti, Pujya Bhavinbhai, Pujya Shubh and Pujya Dharmendrabhai spoke of their journey with regards to the mandir, in a most moving sabha. Pujya B.U. Saheb and Pujya Dr Kiranbhai (Florida) had graced the occasion and whose support has always been with us, were honoured with a shawl, khes and silver kalash memento, and Pujya B.U. spoke of Guruhari Sahebji's magnanimity. Sadguru Param Pujya Ashvindada and Guruhari Sahebji showered their utmost blessings upon everyone, and as the drums rolled the curtains opened and Shri Thakorji's darshan with the vast and splendid array of food prashad items, were a feast for the eyes.

Later that afternoon, in the Guru Purnima Sabha, Pujya Satishbhai, Sadguru Param Pujya Ashvindada and Guruhari Sant Bhagwant Sahebji gave their blessings. It was also the pragatyadin of Param Pujya Jayeshdasji who was honoured on this most auspicious day. All bhakto had the exceptional and divine opportunity of Guru poojan.

On the night of 3rd July, all the youths put on the most magnificent cultural programme. Not only was it planned, managed and executed by all the youth, and not only was it so splendid in its artistry, it's ultimate beauty was in the understanding and the *samp, suhradbhav* and *ekta* with which they had performed. Recounting many prasangs that had taken place when preparing for the cultural programme, Pujya Archanaben (Seattle) spoke of the unimaginable understanding with which the youths worked. It was truly the darshan of the impact of Guruhari Sahebji in their lives, as it showcased the selflessness and harmony with which they had worked with each other and cared for each other. Sadguru Param Pujya Ashvindada and Param Pujya Manojdasji showered their immense blessings upon all the youths.

Numerous publications were inaugurated over these days, including a precious volume of prayers written by Sadguru Param Pujya Shantidada – 'Sadhu Hriday ni Prarthana Ganga', the inauguration of a collection of bhajans with video darshan (the first of its kind published by Anoopam Mission's Guru Sabha youths) and the inauguration of Spiritual Essence 7.

On 4th July, the concluding sabha was also the celebration of 50 Years of Guruhari Sant Bhagwant Sahebji's Global Dharma-Yatra. Pujya Dr Jitubhai spoke beautifully of the history and how Guruhari Sahebji had so deeply impacted the lives of so many people. Representatives from different countries and continents were chosen to speak of Guruhari Sahebji's *vicharan* and impact and the following bhakto, P. Bhavishaben (Africa), P. Vinubhai Nakarja (UK), P. Dipenbhai (Australia), P. Rajshreeben (UAE), P. Dhavalbhai (Canada) all recounted their great experiences. Sadhu Pujya Manojdasji showered his blessings and showed how Guruhari Sahebji, had impacted lives not only at the personal, individual level, but at the family level and at the level of community. Param Pujya Dinkar Uncle, showered blessings and Guruhari Sant Bhagwant Sahebji showered his utmost blessings, showing his immense *prasannata*. Sadguru Param Pujya Ashvindada concluded the Mahotsav, which had come to be an immensely uplifting, divine and unforgettable experience by all.



સન્માન સેવક પ્રતિભાઓનાં...



























## સન્માન અનુપમ અક્ષરમુક્તોનાં...



## સંતભગવંત સાહેબજીની
# છે માહાત્મ્યસભર વાણી સદા...

**જ્ઞાનભક્તિ પારાયણ, સાયં સભા,**
**૨૯ એપ્રિલ ૨૦૨૨, ઉપાસના ધામ, ખારઘર, નવી મુંબઈ.**

**ભગવાને** કૃપા કરી શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં બેસીને એમની પૂજા-અર્ચના કરવાનો અને એ નિમિત્તે 'જ્ઞાનભક્તિ' પારાયણમાં ભાગ લેવાનો આપણને મોકો આપ્યો ! એ દ્વારા ઠાકોરજીની મૂર્તિઓની પૂજનવિધિ કરી પાટોત્સવનો ઉત્સવ આપણે ઊજવી રહ્યા છીએ. આ ધામ-ધામી-મુક્તની મૂર્તિઓની સાથે જોડાઈ, એ મૂર્તિઓનું માહાત્મ્ય આપણામાં વધે, આપણાં સૌનાંય જીવનમાં અખંડ મોજ રહે એવી સાધના આપણે કરીએ; એ માહાત્મ્યનું દર્શન પ.પૂ. અશ્વિનભાઈ છેલ્લા બે દિવસથી, પ.પૂ. મનોજભાઈ દ્વારા રચિત કીર્તનોનાં નિરૂપણ દ્વારા કરાવી રહ્યા છે.

મનોજભાઈ આપણા સત્સંગસમાજને યોગીબાપાએ આપેલ અદ્ભુત રત્ન છે, જેને કહેવાયને જન્મથી સાધુ-જન્મજાત સાધુ ! ઘણા સાધુની દૃષ્ટિ પડવાથી સાધુ થતા હોય, ઘણા સત્કર્મ કરીને, પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીને સાધુતા પ્રાપ્ત કરતા હોય. મનોજભાઈ જન્મજાત સાધુ છે. પ.પૂ. યોગીબાપાની કૃપાથી શાંતિભાઈ, અશ્વિનભાઈ જેવા ગુણાતીત સંતોની સાથે રહી, તેઓની સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાઈ એમની સાધુતા ખીલી ઊઠી.

અશ્વિનભાઈ, શાંતિભાઈ - સદ્‌ગુરુ સંતો આપણી સાથે જ છે, આપણા જેવા જ છે, પણ એમને ઓળખવા કેવી રીતે ! કારણ કે, તેઓ છૂપા રહેતા હોય, દાસત્વભાવથી ભક્તિ કરતા હોય. પરંતુ એમનું કાર્ય જોઈએ તો ઓળખાય. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું એમ, કાર્ય પરથી કારણનું માહાત્મ્ય સમજાય. અહીંયાંનાં ઊંચાં ઊંચાં બિલ્ડિંગ્સ જુઓ. એવું કહેવાય કે, ઊંચે જોઈએ તો પાઘડી પડી જાય એટલાં ઊંચાં મકાન છે. આવાં ૫૦૦ ફૂટ ઊંચાં મકાન બાંધનાર આર્કિટેક્ટ કંઈ ૧૦૦ ફૂટનો હોય? કે પચ્ચીસ માળનું બિલ્ડિંગ બાંધનાર માણસની ઊંચાઈ પચ્ચીસ માળની હોય ? ના, એ તો પાંચ-છ ફૂટની સામાન્ય ઊંચાઈનો જ હોય. તે આર્કિટેક્ટને જોઈએ ત્યારે આપણને ખબર પડે કે, આવા વ્યક્તિએ આવું અદ્ભુત મકાન બાંધ્યું. એ કાર્ય જોઈને કારણની મહાનતાની ખબર પડે. એમ, આવા સંતો દ્વારા થતાં કાર્ય જોઈએ ત્યારે કારણની ખબર પડે કે, આ સાધુ દ્વારા ભવ્ય કાર્ય થયું છે ! બાકી, દેખાય તો આપણા જેવા જ.

બીજ ગમે એટલું સરસ હોય, ધરતી સારી હોય, ખાતર સારું નાખ્યું હોય, પણ એને ઉગાડનાર માળી સારો હોવો જોઈએ; નહીં તો ઝાડ વાંકુંચૂંકું ઊગે. ઘણા બગીચાઓમાં આપણે જોઈએ તો મોરના આકાર, અન્ય પશુ-પક્ષીના આકારો બનાવ્યા હોય - એને બધા જોયા કરે અને કહે, 'સરસ આકાર છે !' છોડને આવો ઘાટ ઘડનાર માળીને કારણે બધાને ગમે. એમ, આ સંતો ભગવાનના જ સંતો છે, ભગવાનના પૂર્વના સંબધના જ સાધુઓ છે, પણ આ જન્મે મા-બાપ તરફથી મળેલા દેહમાં રહેલા નકારાત્મક ભાવો નીંદામણ કરીને કાઢી નાખ્યા અને ભગવાનની સેવા-ભક્તિનાં કાર્યમાં પ્રવૃત્ત કર્યા.

આપણે સમૈયા-ઉત્સવ ઊજવીએ છીએ. સામાન્ય જગતમાં મેળાવડા થાય છે ને આ અક્ષરપુરુષોત્તમ મહારાજના સાંનિધ્યમાં આવા સત્પુરુષની આજ્ઞાથી સમૈયા થાય છે; પણ એ બંનેનાં પરિણામમાં અનંતગણો ફરક હોય છે. આવા સમૈયા-ઉત્સવમાં હાજરી આપવાથી, આવા સમૈયા-ઉત્સવમાં સેવા કરવાથી, સમૈયા-ઉત્સવમાં સભામાં બેસીને સંતોની પરાવાણી સાંભળવાથી આપણી અંદર રહેલા દૈવી

ભાવો, દૈવી ગુણો ખીલતા હોય છે. અને જેટલા દૈવત્વભાવોવાળા ગુણો ખીલે એટલા આપણાથી મોજમાં રહેવાશે, અને આવા સત્પુરુષની પ્રસન્નતા પ્રાપ્ત થશે.


ભગવાનને રાજી કરવા બહુ અઘરા છે. યોગીબાપા એક દૃષ્ટાંત આપતા. એક શેઠ હતા. એમની પાસે બહુ પૈસો, પણ એમને દીકરા-દીકરી નહોતાં એનું બહુ દુઃખ થાય. એમને થયું કે, આપણે ઘરે કશુંક તો જોઈએ, બાકી આ પૈસા છે તો પણ સમાજમાં આપણી કોઈ કિંમત નહીં. એટલે એમણે સદાવ્રત ચાલુ કર્યું. કોઈક સત્કર્મ કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો આપણી મનોકામના પૂરી કરે. એક દિવસ ફરતા ફરતા નારદજી આવ્યા. નારદજી જમ્યા ને ખુશ થયા ને કહ્યું, 'બોલો શેઠ શી ઈચ્છા છે ?' શેઠ કહે, 'ભગવાને બધું આપ્યું છે પણ શેર માટીની ખોટ છે. ઘરે પારણું નથી બંધાયું.' એટલે નારદજી કહે, 'ભલે, હું ભગવાનને તમારો સંદેશો પહોંચાડીશ.'

નારદજી એટલે ભગવાનના દૂત. તેઓ ફરતા ફરતા વિષ્ણુ ભગવાન પાસે ગયા. ભગવાનને બધાના ખબર આપ્યા ને કહ્યું કે, 'એક શેઠિયો સદાવ્રત ને સત્કર્મ બધું કરે છે. અને એણે પ્રાર્થના કરી છે કે, એના ઘરે પારણું બંધાય.' ભગવાને આંખ બંધ કરી નારદજીને કહ્યું, 'એનું પ્રારબ્ધ એવું છે કે, સાત જન્મ સુધી એના ઘરે પારણું નહીં બંધાય.' ભગવાન કર્મ-ફળ પ્રદાતા છે. તમે જેવું કર્મ કરો તેવું તમને ફળ આપે. સત્કર્મ કરો તો સારું ફળ આપે, દુષ્કર્મ કરો તો દંડા પડે; ખ્યાલ આવ્યો ! ભગવાન અમ્પાયર જેવા છે. અમ્પાયર હોય એને તો સગો દીકરો હોય તોય આઉટ આપી દેવો પડે. તેઓ સાક્ષીભાવમાં રહેતા હોય, એમને કશાની અસર ના થાય. તમારાં જેવાં કર્મ, એવા ફળના પ્રદાતા ભગવાન છે.

નારદજી ચાર-પાંચ વરસ પછી ફરતા ફરતા ફરી પેલા શેઠિયાના ઘર બાજુ ગયા, ત્યારે ત્યાં એમના આંગણામાં બે ટાબરિયાં રમતાં હતાં. બે-બે વરસના અંતરે બે ટાબરિયાં. નાદરજીને થયું કે, બાજુના ઘરવાળાનાં છોકરાં રમતાં હશે. નારદજી એમના ઘરે ગયા. શેઠ કહે, 'અહોહો નાદરજી, આપના આશીર્વાદથી અમારા ઘરે બે બાળકો છે !' આ સાંભળી નારદજી તો ચોંકી ગયા, તેમને થયું કે, ભગવાન મારી આગળ જૂઠું બોલ્યા. આને ઘરે તો સાત જન્મ સુધી બાળક થવાનું નહોતું અને એને બે બાળકો આપ્યાં.

બન્યું હતું એવું કે, નારદજી ગયા પછી એક ઓલિયા સૂરદાસ સાધુ લાકડીના ટેકે ચાલતા ચાલતા અહીં આવ્યા હતા. એમને ભૂખ લાગી હતી એટલે આ શેઠિયાનાં ઘરવાળાંએ બે સરસ રોટલા બનાવીને તેમને ખવડાવ્યા. તેથી એમણે આશીર્વાદ આપ્યા કે, 'જાવ, તમારા ઘરે ભગવાન બે બાળકો આપશે.' એમના આશીર્વાદથી બે બાળકો થયાં. નારદજીને આ વાતની ખબર નહીં, તેથી તેઓ તો ગુસ્સે થઈને ભગવાન પાસે જવા નીકળ્યા. ભગવાને જાણ્યું કે, નારદજી ગુસ્સે થઈને આવે છે એટલે તેઓ બીમાર થઈને સૂઈ ગયા. સ્વાભાવિક છે કે, આપણા ઈષ્ટદેવ બીમાર હોય તો આપણો ગુસ્સો જતો રહે. નારદજીએ જાણ્યું કે, ભગવાન બીમાર પડ્યા છે એટલે નારદજીએ પ્રાર્થના કરી, 'શું થયું પ્રભુ ! બીમારી મટાડવાનો કોઈ ઉપાય ?' ભગવાન કહે, 'કોઈનું કાળજું લઈ આવો તો મારી બીમારી મટે.' ત્યારે નારદજી કહે, 'તમારા નામે તો બહુ બધાં કાળજાં આપશે. ચાલો લેવા જઉં.' ત્યાં સામે પેલા સૂરદાસજી મળ્યા. નારદજી કહે, 'પ્રભુ બીમાર છે ને એમને કાળજું જોઈએ છે.' ત્યારે સૂરદાસજી કહે, 'લ્યો મારું કાળજું આપી દઉં. મારું આ જીવન એમના માટે જ છે.' નારદજી સૂરદાસજીને ભગવાન પાસે લઈને આવ્યા અને ભગવાનને કહે, 'તમને કાળજું આપવા માટે આ તૈયાર છે.' ત્યારે ભગવાન બોલ્યા, 'નારદજી, જે કાળજું આપે એ દીકરા પણ આપે.' જોયું ! ભગવાન કહે, 'તમારું કાળજું ક્યાં ગયું હતું કે તમે બીજાને શોધવા નીકળ્યા ? આ સૂરદાસે તરત જ આપ્યું એટલે એના આશીર્વાદ ફળ્યા.' એમ આ કાળજાં આપેલા સાધુઓ છે અને તેઓ આશીર્વાદ આપે એટલે કામ થાય, થાય ને થાય જ.

સમૈયા-ઉત્સવમાં હાજરી આપવાથી,
સેવા કરવાથી, સભામાં બેસીને
સંતોની પરાવાણી સાંભળવાથી
આપણી અંદર રહેલા દૈવી ભાવો,
દૈવી ગુણો ખીલતા હોય છે.





**ભગવાન સર્વોપરી છે,**
**સર્વ કર્તાહર્તા છે -**
**મારા જીવનમાં જે થયું છે, જે થઈ રહ્યું છે**
**અને જે થશે એના કર્તાહર્તા ભગવાન છે.**
**તેઓ સદાય હિતકારી છે.**

હવે તમારામાં સાધુને રાજી કરવાની આવડત જોઈએ. એવા સાધુ કે જેમણે ભગવાનને કાજે જીવન સમર્પણ કર્યું છે, ભગવાનને રાજી કરવા સિવાય બીજી કોઈ ખેવના નથી રાખી, ભગવાનના થઈને જીવન જીવવા સિવાય કાંઈ કરતા નથી અને ચોવીસ કલાકમાં જેટલો સમય જાગે એટલો સમય તેઓ ભગવાનની પ્રસન્નતાની જ પ્રવૃત્તિ કરતા હોય છે. ભગવાન કહે, 'એવા સાધુને હું વશ છું.' નરસિંહ મહેતાએ એટલે ગાયું, 'જે આવો સાધુ છે તે સૂતો સૂતો ગાય તો ભગવાન કહે, હું બેઠો બેઠો સાંભળું. આવો સાધુ બેઠો બેઠો ગાય તો હું ઊભો ઊભો સાંભળું અને આવો સાધુ જો ઊભો ઊભો ગાય તો ભગવાન કહે હું નાચું... પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા. રાત-દિવસ હૃદિયે રાખું રે...' ભગવાન કહે, 'મારા પ્રાણથી અધિક મને મારા સાધુ છે.' 'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવ બાંધ્યા મેં ના છૂટે રે...' જ્યોતિષીઓ જોષ જોઈ કહેતા હોય કે, 'તારા પ્રારબ્ધમાં પૈસો નથી, તારા પ્રારબ્ધમાં સુખ નથી, તારા પ્રારબ્ધમાં મકાન નથી, તારા પ્રારબ્ધમાં ગાડી નથી.' અને આમ કહી પછી ઘણા જ્યોતિષીઓ તમારા પૈસા લઈને ભાગ્ય બદલવાનો ટ્રાય પણ કરતા હોય છે. પણ જે છઠ્ઠીના લેખ છે એ કોઈ સુધારી શકે નહીં. ભગવાન કહે, 'મારા બાંધ્યા, વૈષ્ણવ છોડે.' જે કંઈ નડે છે એ મારા સાધુ સિવાય કોઈ બદલી શકે નહીં. આવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય તો જ્યોતિષને કહેવું કે, મારા સ્વામી, મારા ગુરુ કહેશે એ જ થવાનું છે. આપણને એવા સાધુ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ મળી ગયા, શોધવા નથી પડ્યા.

બધાને મોજમાં રહેવું છે, પણ અખંડ મોજમાં ક્યારે રહેવાય ? અહીંની મેટ્રો ટ્રેઈનના કોઈ ડબ્બામાં જુઓ તો બધાના ચહેરા ઊતરી ગયેલા લાગે. આપણને લાગે કે બધાને દિવેલ પીવડાવ્યું છે ? હસતા કેમ નથી ? હસવું છે પણ, ટૅન્શન-ટૅન્શન ! પૅટ્રોલના ભાવ વધ્યા, તેલના ભાવ વધ્યા, સોનાના ભાવ વધ્યા, બધાના ભાવ વધ્યા; શું થશે ? કેમનું થશે ? એવું બધું વિચારી વિચારીને આખો દિવસ આવી પળોજણમાં વિતાવે પછી કેવી રીતે મોજમાં રહેવાય ? વિચાર કરો ! ભગવાં કપડાં પહેરે એ ત્યાગી કહેવાય. પણ આવી બધી ફિકરના ફાકા કરે એ સાચો ફકીર. ફિકરના ફાકા કરે-તેલના ભાવ વધે કે ના વધે, ઘઉં મળે કે ના મળે, ચોખા મળે કે ના મળે; અમે અમારી પ્રભુની મસ્તીમાં મસ્ત છીએ ! 'કરના ફકીરી ફિર ક્યા દિલગીરી, સદા મગન મેં રહેના જી, કોઈ દિન ખાજા ને કોઈ દિન લાડુ, કોઈ દિન ફાકમફાકા જી' - એવી મસ્તી. એ શેની મસ્તી છે ? - પ્રભુપ્રાપ્તિની અને એ મહિમાની ! એવા આપણને સૌને બનાવવા છે. ભલે સંસારી હોઈએ, મોટું ઘર હોય, વ્યાપાર-ધંધો હોય; છતાં અખંડ આનંદમાં.

ભગવાનનું પોતાનું નામ 'સહજાનંદ' હતું. સહજમાં આનંદ રહે એ 'સહજાનંદ.' આપણને સહજમાં આનંદ કરતાં કરવા છે; અને એવું કેવી રીતે થાય એની ટૅકનિક પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે, ગુરુદેવ પ.પૂ. યોગીજી મહારાજે આપણને અક્ષરપુરુષોત્તમની સનાતન શુદ્ધ ઉપાસના દ્વારા આપી. કે, ભગવાન સદાય સાકાર છે. આપણાં સૌનાંય માટે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, એ યાદ રાખો ! બીજા ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ, શ્રી સ્વામિનારાયણ ભગવાન એમાં કોઈ ભગવાન નાનો કે મોટો એવું નથી, પણ હું જે ઈષ્ટદેવના આશરે છું, જે મારા ઈષ્ટદેવ છે એ મારા માટે સર્વોપરી છે ! મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મારા હૃદયમાં સર્વોપરી સ્થાન-સૌથી ઊંચા સ્થાન પર મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન! એમનું જે વચન હોય, એમની જે વાત હોય એ જ વાત સાચી, એમાં બીજી કોઈ બાંધછોડ નહીં એ એમનું સર્વોપરીપણું અને કર્તાહર્તાપણું માન્યું કહેવાય. જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે અને જે કંઈ થશે એના કરનારા મારા ભગવાન છે. અને ભગવાન સદા હેતકારી અને હિતકારી છે. આપણા વિશે એમને અસાધારણ હેત છે, આપણે એમના આશ્રિત થયા એટલે તેઓ સદાય આપણું હિત જ કરતા હોય !

શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને શાથી કહ્યું, 'સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ I અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ II' – હે અર્જુન ! તારા મનથી માનેલા બધો ધર્મો – આ ધર્મ-આ અધર્મ, આ સારું-આ ખોટું, આ પાપ-આ પુણ્ય, આ સત્ય-આ અસત્ય, આ મારું-આ તારું તે બધું છોડીને તું મારે શરણે આવ અને હું કહું એમ કર ! શ્રી કૃષ્ણ ભગવાને આ વાત કરી, એ વાતને શ્રી સ્વામિનારાયણ ભગવાને એમના સર્વોપરીપણાનું પ્રવર્તન કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીની વાતને પુષ્ટિ આપી. શી પુષ્ટિ આપી ? ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું અને 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ એક જગ્યાએ કહ્યું છે કે, 'પૃથ્વી કરતાં પાણી વધારે છે, પાણી કરતાં વાયુ વધારે છે, વાયુ કરતાં તેજ વધારે છે, તેજ કરતાં આકાશ વધારે છે, આકાશ કરતાં પ્રકૃતિ પુરુષ વધારે છે અને આ બધાંથી ઉપર અક્ષરધામ છે.' અને અક્ષરધામમાં અખંડ આનંદ છે. અર્થાત્ સત્ય-અસત્ય, મારું-તારું, પાપ-પુણ્ય એ બધું પ્રકૃતિ પુરુષની અંદરનું છે, એ તમારા કામનું નથી.

તમારી પાસે અહીંયાં ગમે એટલા રૂપિયાની કડકડતી નોટો હોય, અને એને ખિસ્સામાં લઈને તમે અમેરિકામાં જાવ. પણ અમેરિકાના ઍરપૉર્ટ ઉપર તમારે ટ્રૉલી લેવી હોય તો એક ડૉલર આપવો પડે. એક ડૉલર નાખો તો જ રૅકમાંથી એક ટ્રૉલી ખૂલે. એમાં તમે બે હજારની નોટ નાખો તો ટ્રૉલી ખૂલે ? તમે દલીલ કરો કે એક ડૉલર કરતાં તો બે હજાર રૂપિયા વધારે છે. પણ તમારું નાણું ભારતમાં ચાલે, અમેરિકામાં ના ચાલે. તમે ગમે એટલા લાખ રૂપિયા લઈને જાવ પણ ત્યાં કાગળિયા છે, તેની કોઈ કિંમત નહીં. કારણ, અમેરિકામાં ડૉલર ચાલે. એમ, આ જગતનાં જે મૂલ્યાંકનો છે એ આ જ દેહમાં ચાલે, અક્ષરધામમાં એનાં મૂલ્યાંકન ચાલતાં નથી. એની બારાખડી જ આખી બદલાઈ ગઈ. એટલે કહ્યું, ભગવાન સર્વોપરી છે, સર્વ કર્તાહર્તા છે-મારા જીવનમાં જે થયું છે, જે થઈ રહ્યું છે અને જે થશે એના કર્તાહર્તા ભગવાન છે. તેઓ સદાય હિતકારી છે – તેઓ હંમેશાં આપણું હિત જ ઇચ્છે ; પણ આપણી અંદર રહેલાં જગતનાં બધાં મૂલ્યાંકનો લગાડીએ છીએ એટલે દુઃખી થઈએ છીએ.

વ્યાપાર કરતાં હોય ને એમાં નફા-તોટાની દૃષ્ટિએ નુકસાન થયું હોય-ખોટ જાય તો કોઈ એવું ના કહે કે, 'ભગવાનની કૃપાથી ખોટ ગઈ.' કોઈ છોકરો પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવે તો કહે, 'ભગવાનની કૃપાથી હું ફર્સ્ટક્લાસ ફર્સ્ટ આવ્યો, મને હવે મેડિકલમાં ઍડમિશન મળશે.' પણ, નપાસ થયેલો કોઈ છોકરો એવું ના બોલે કે, 'ભગવાનની કૃપાથી આ વર્ષે હું નપાસ થયો.' પરીક્ષામાં પાસ થયા એટલે સારું થયું અને પરીક્ષામાં નપાસ થયા એટલે ખરાબ થયું. વ્યાપારમાં નફો થાય તો સારું થયું અને ખોટ ગઈ એટલે ખરાબ થયું. શરીર સારું હોય, સાજા હોય, ખેલતા-કૂદતા હોય તો સારું થયું અને બીમાર પડો તો ખરાબ થયું ; આ બધાં જગતનાં મૂલ્યાંકન છે. બહુ મહેનત કરતો હોય, સિન્સિયર હોય છતાં નપાસ થાય, સિન્સિયરલી નીતિ-નિયમથી વ્યાપાર-ધંધો કરતો હોય ને ખોટ જાય. ત્યારે ઘણાને પ્રશ્ન હોય છે કે, 'નીતિ-નિયમથી કામ કરું છું, કોઈનું ખરાબ કરતો નથી, બધાનું સારું કરું છું તોય મને કેમ આમ થાય છે ?' પણ, ભગવાન કંઈ તમારા દુશ્મન નથી, તમારા હિત માટે, તમારામાં રહેલો સાત્ત્વિકભાવ, તમારામાં રહેલો અહંકાર, તમારામાં રહેલો દેહનો ભાવ ટાળવા માટે એવી પ્રક્રિયાઓ કરતા હોય.

ડૉક્ટર તમને ઇન્જેક્શન આપે કે કોરોનાની વૅક્સિન આપે ત્યારે કોઈ દિવસ તમે એવું પૂછો છો કે, 'આમાં શું ભર્યું છે ? અને અંદર જઈને શું રિઍક્શન કરશે ? ડૉક્ટર ઉપર વિશ્વાસ રાખીને આપણે ઇન્જૅક્શન લઈ લઈએ છીએ. અને ઇન્જૅક્શન કંઈ આપણને સારું લાગે ? ઇન્જૅક્શન લેવાની કંઈ મજા આવે ? ઇન્જૅક્શન આપે એટલે શરીરને તકલીફ થાય, પણ આપણે ખુશ થઈએ કે, આ ઇન્જૅક્શન લેવાથી કોરોના આપણને નુકસાન કરશે નહીં. એમ, આ ખોટ જવાથી, નપાસ થવાથી મારા જીવનમાં કંઈ તકલીફ આવવાની હશે એ મટી જશે એવું થાય છે ? એવું નથી થતું, કારણ કે બુદ્ધિ આડી આવે છે. એમાંથી બહાર કાઢવા,

**દેહભાવથી પર થઈને**
**અક્ષરધામના સુખે સુખિયા થવા -**
**એટલે કે મોજમાં રહેવા માટે**
**શાસ્ત્રીજી મહારાજે - યોગીજી મહારાજે**
**અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું.**





સાધુમાં જોડાઈ જાવ
અને
બે હાથ જોડી એમની આજ્ઞા પાળો
તો
અખંડ મોજમાં રહેતા થઈ જશો,

દેહભાવથી પર થઈને અક્ષરધામના સુખે સુખિયા થવા – એટલે કે મોજમાં રહેવા માટે શાસ્ત્રીજી મહારાજે – યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું.

ભગવાન કર્તાહર્તા છે અને સદા દિવ્ય અને સાકાર છે, અને આવા સાધુ દ્વારા પ્રગટ છે ! બીજી કશી સમજ ના પડે તો વાંધો નહીં, પણ એવા સાધુમાં જોડાઈ જાવ અને બે હાથ જોડી એમની આજ્ઞા પાળો તો અખંડ મોજમાં રહેતા થઈ જશો, લખી રાખો ! અમે એવી રીતે જ મોજમાં રહેતા થયા. નહીં તો અમે ફક્કડ ગિરધારીઓ હતા. જો યોગીબાપા ના મળ્યા હોત તો ક્યાં ભૂમશી ખોદતા હોત એની કલ્પના આવે એવી નથી, યાદ રાખો ! કારણ કે, પાટીદારના અહંકારમાં જ ફરતા હતા. પણ યોગીબાપાની અમારી પર દૃષ્ટિ પડી. યોગીબાપા ત્યારે સામાન્ય સાધુ ગણાતા. હેત, પ્રેમ કરે ને બધાની સંભાળ રાખે એટલે તેઓ ગમતા હતા, એમની પાસે બેસવું ગમતું હતું. 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' ઍટ ગ્લાન્સ સાધુને ઓળખવા હોય તો આ જ રીત છે. યોગીબાપા એવા સાધુ હતા, પણ તેઓ સાકાર પ્રભુનું સ્વરૂપ છે એ વસ્તુ સમજાઈ નહોતી. પણ એમની દૃષ્ટિ પડી તો અમારા સૌનો જીવન જીવવાનો પ્રવાહ બદલાઈ ગયો. જે જગત તરફ દોડતા હતા તે અમારી ગાડી એકદમ અક્ષરધામ તરફ ક્યારે દોડતી થઈ તેની અમને પોતાને પણ ખબર નથી. યાદ રાખો, અમે ગમે એટલું કહીએ પણ એમની કૃપાદૃષ્ટિથી જ અમારો રસ્તો બદલાયો છે. શાસ્ત્રીજી મહારાજે જે કહ્યું કે, 'મોટા પુરુષની દૃષ્ટિ પડે, મોટા પુરુષને વિષે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, મોટા પુરુષની આજ્ઞા પાળો તો મોજમાં રહેતા થઈ જશો.' મોજમાં રહેવું નહીં પડે, રહેતા થઈ જઈશું, એવો અદ્‌ભુત મોકો આપણને મળ્યો છે ! આ ખારઘર મંદિર આપણે અખંડ આનંદમાં રહેવા માટેનું માધ્યમ છે. અનંત જન્મોનાં પુણ્ય થયાં હોય, અનંત જન્મો સત્કર્મ કર્યાં હોય, મોટા પુરુષની કોઈ સેવા થઈ ગઈ હોય, મા-બાપના એવા આશીર્વાદ મળ્યા હોય તો જ આ મંદિરમાં આવીને ભક્તિ થાય, નહીં તો એમ ને એમ ના થાય.

અત્યારે ધો.૧૨ની પરીક્ષા ચાલે છે, ૧૦થી ૧૨ લાખ છોકરાઓ પરીક્ષા આપતા હશે. એમાં કોઈ પરીક્ષાર્થીને પૂછો કે, 'શું થવું છે ?' તો કહેશે, 'ડૉક્ટર થવું છે.' પણ તમે જુઓ તો કેટલા છોકરા ડૉક્ટર થાય છે ? ૯૦ ટકાથી વધારે માર્ક્સ આવે એ મૅડિકલ કૉલેજમાં જાય. સામાન્ય માર્ક્સ આવે એ મૅડિકલ કૉલેજમાં ફરકે જ નહીં. એમ, ૯૦ ટકાથી ઉપર ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી હોય તેઓ જ આ કૉલેજમાં આવે બાકી બીજાની ઍન્ટ્રી જ નથી. યાદ રાખો, આપણી એમાં ઍન્ટ્રી છે, આપણે નસીબદાર છીએ ! પણ આપણને આપણે આટલા પુણ્યશાળી, ભાગ્યશાળી છીએ તે સમજાતું નથી. આપણો મહિમા આપણને નથી. કારણ કે, ભગવાનનો ને સાધુનો પૂરેપૂરો મહિમા નથી એટલે નથી સમજાતું કે, આવા ભગવાન ને આવા સાધુના સાંનિધ્યમાં બેઠા, તેથી ધન્ય થઈ ગયા ! અહીં આવ્યા છે એ સામાન્ય નથી, એમના અનંત જન્મોનાં પુણ્ય છે, અને આજે જે સેવા મળી છે એ એનાથી વધારે પુણ્યશાળી !

અમે કૉલેજમાં ભણતા ત્યારે નટવરલાલ દવે શ્રી રામકૃષ્ણ મિશન સંભાળતા. ગુરુવારની સભામાં એમને અમે પ્રવચન કરવા બોલાવતા. ત્યારે અમારી સભામાં કૉલેજના ત્રણસોથી સાડા ત્રણસો છોકરાઓ ભેગા થાય. એ જોઈ નટવરલાલ ખુશ થઈ જાય. તેઓ મને કહે કે, 'આ બધા છોકરાઓને તમે સવારે ૫-૦૦ વાગ્યે ઊઠાડીને યોગ કરાવો, આસન કરાવો. યુવાનોએ સશક્ત રહેવું જોઈએ.' પણ, અમે કોઈ તેમને દાદ આપીએ નહીં એટલે એમને થયું કે, આ યુવકો મારું સાંભળતા નથી, પણ જો યોગીજી મહારાજ કહેશે તો કરશે. એટલે એમણે બાપાને કહ્યું કે, 'બાપા, આ બધાને યોગ કરવાનું કહો.' બાપા કહે, 'ગુરુ, અમારા છોકરા સવાર-સાંજ કચરા-પોતું કરે, વાસણ અજવાળે, ઝાડુ મારે આ બધું યોગ જ છે ને ! સેવા એ જ અમારે યોગ છે.' યોગ* એટલે ભગવાનમાં જોડાવાની ક્રિયા. બાકી તો પેલા આસન છે, કસરતથી શરીર સારું બનાવવાની એ ક્રિયા છે. સાચો યોગ તો ભગવાનમાં જોડાવાનો,

* શરીર માટે યોગ એ શ્રેષ્ઠ છે.

ભગવાનના થઈને જીવવાનો, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો છે. એટલે અશ્વિનભાઈએ 'મોજમાં રહેવા'નું ભજન સમજાવ્યું છે એની સ્મૃતિ કરજો, તો આપોઆપ મોજમાં રહેવાશે. સમજ પડે કે ના પડે, પણ આવા સાધુને વિશે હેત થાય તો કામ થઈ જશે. તો, મહિમા સમજાય એટલા માટે આપણે શિબિરો કરીએ છીએ. છતી દેહે અક્ષરધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવવાં હોય તો ભગવાન ને ભગવાનના સાધુ ને ભગવાનના ભક્તોનું જેટલું માહાત્મ્ય સમજીશું એટલો હૈયામાં એમની સેવા કરવાનો, એમના સાંનિધ્યમાં બેસીને લાભ લેવાનો આનંદ આવશે. અશ્વિનભાઈને યોગીબાપાએ 'સાધુરામ'ની પદવી આપી છે. જે સાધુએ ભગવાન રામને રાખ્યા છે એવા સાધુ-સાધુરામ ! યોગીજી મહારાજ હરતી ફરતી યુનિવર્સિટી હતા અને 'સાધુરામ' એ યુનિવર્સિટીની મળેલી ડિગ્રી છે, સામાન્ય નથી. જો એવા સાધુને રાજી રાખીએ, તો એવા સાધુ દ્વારા ભગવાન અખંડ રાજી રહે. ભગવાનને રાજી કરવા અઘરા છે પણ આવા સાધુ રાજી થશે તો ભગવાન કહે, હું આપોઆપ રાજી થઈ જઈશ.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના દ્વારા આપણા માટે ભગવાનને રાજી કરવાનો સહેલો માર્ગ બતાવ્યો અને સાથે એવા સાધુ – યોગીબાપાની ભેટ આપી. યોગીબાપાએ પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, ગુરુજી-મુકુંદજીવન સ્વામી ને સંતો, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા સંતોની આપણને ભેટ આપી. આવા સાધુઓને વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, એમની સ્મૃતિ થાય, એમની આજ્ઞા પાળીએ તો અંદરથી અખંડ આનંદ રહેશે, મોજમાં રહેવાશે. ગુણાતીતભાવને પામેલા આવા સાધુમાં બંધાવ તો બીજે બધેથી ડિટેચ થઈ જવાશે. સંસાર છોડવાની વાત નથી કરી, ગભરાતા નહીં, સંસારમાં રહો પણ ડિટેચ-સંસાર તમને દુઃખી નહીં કરી શકે. સમૃદ્ધિ તો આવે ને જાય-જેવી મહારાજની ઈચ્છા ! ભગવાન છે ને મારા ! બસ, ભગવાન ને સાધુ મળ્યા તો મારા માટે તો કરોડ, કરોડ, અબજ, અબજ રૂપિયા મળી ગયા ! એવી મસ્તી આવી જતાં અખંડ આનંદમાં રહેવાશે.

એવી મસ્તીમાં રહેવા માટે અશ્વિનભાઈએ આપણને 'આંખલડીના હે રતન...' કીર્તન સમજાવ્યું. આ જીવન વહેતું રહે છે. મને ૮૩ વર્ષ થયાં, હું ૧૭મા વર્ષે વલ્લભવિદ્યાનગર ભણવા માટે આવ્યો હતો, પણ હજુ એમ થાય કે, કાલે જ વલ્લભવિદ્યાનગર ભણવા આવ્યો છું, વિચાર કરો ! ફર ફર ફર કરતાં આટલાં બધાં વર્ષો જતાં રહ્યાં ખબર જ ના પડી. એમ, સર સર કરતી પાણીની જેમ આપણી જિંદગી વહે છે. પણ, આપણા માટે ફાયદો એ કે, એ દરમિયાન યોગીબાપાની દૃષ્ટિ પડી, આવા સાથીદાર મળ્યા, કાકાજી, પપ્પાજી, હરિપ્રસાદ સ્વામીજી જેવા દિવ્ય પુરુષોનો યોગ પ્રાપ્ત થયો તો મોજમાં રહેતા કરી દીધા.

આપણા બધા સંતોને તમે જુઓ, સંસાર છોડીને નીકળ્યા છે, તેમને શો સ્વાર્થ છે ? તોય તમે જુઓ તો ભગવાનને રાજી કરવા કેટલા બધા કલાક કામ કરે છે, કેટલી બધી દોડાદોડી કરે છે ! પોતાને મળી છે એ બધી જ શક્તિઓ અશ્વિનભાઈ-શાંતિભાઈ જેવા સદ્ગુરુની આજ્ઞાથી ભગવાનને રાજી કરવા માટે વાપરી રહ્યા છે. મનોજભાઈને યુ.પી.એસ.સી.ની ચૅરમૅનશિપ મળી તો તેમણે પૂછ્યું કે, 'મારે લેવાની છે ?' કહ્યું કે, 'લો' એટલે લીધી. કાલે કહે તો કાલે અને આજની તારીખે બોલાવી લે તો આજની તારીખે રાજીનામું આપીને આવી જાય. અખંડ ભગવાન ને સત્પુરુષની આજ્ઞામાં રહીને જીવન જીવ્યા તો નિર્લેપ થઈ ગયા. જે વખતે સત્પુરુષ જે કરવાનું કહે એ કરો તો નિર્લેપભાવ આવી જશે, અખંડ મોજમાં રહેતા થઈ જવાશે. આપણને મોટામાં મોટો ફાયદો એ થયો કે, એવા સાધુને વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ છે એટલે આપણને અખંડ મોજમાં રહેતા કરશે. અખંડ આનંદમાં રહી અને પ્રભુની પરમ ભક્તિ કરતા થઈએ, સર્વની તબિયત સારી રહે, કોરોના કાળમાં થયેલું નુકસાન અનંતગણું ભગવાન ભરપાઈ કરે, સુખિયા સુખિયા કરે એવી પ્રભુચરણે, ગુરુચરણે જ્ઞાનભક્તિ પારાયણની પ્રાર્થના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

> 'શાંતિ પમાડે તેને સંત કહીએ.'
> ઍટ ગ્લાન્સ સાધુને ઓળખવા હોય
> તો આ જ રીત છે.
> યોગીબાપા એવા સાધુ હતા !



॥ સ્વામિશ્રીજી ॥



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**પરમના પરમ કૃપાપાત્ર વહાલા અક્ષરમુક્તો !**

આજે ગુરુપૂર્ણિમા... ગુરુપૂજનનો મહિમાવંતો દિવસ.

યોગીબાપા કહે, ગુરુમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવો એ ગુરુપૂજન... આપણે એવું ગુરુપૂજન કરવાનું છે.

અનાદિ ગુરુ ગુણાતીત ને તેમના અસલી સ્વરૂપ યોગીબાપાને આપણે જોયા... અનુભવ્યા... ને દર્શન કર્યાં છે... તેઓએ આપણને તેવા દિવ્ય સત્પુરુષ પ.પૂ. સાહેબમાં જોડ્યા છે ને પ.પૂ. પપ્પાજી-કાકાજી-હરિપ્રસાદ સ્વામીજી-પ્રમુખ સ્વામીજી આદિનો પણ દિવ્ય અનુભવ કરાવ્યો છે. તેઓના જીવનને નજીકથી જોયું છે ને રાજી કરવાનો નિશ્ચય કર્યો છે. આજે આ પરમ પાવન મંગલ પર્વે તે નિશ્ચયને દૃઢ કરવો છે ને તેઓના જીવન-ઉપદેશને સ્વીકારી પ્રતિપળ જાગ્રત થઈ જીવી લેવું છે.

યોગીબાપાનું જીવન એક સાચા સાધુનું જીવન હતું... પરમ ગુણાતીત સ્વરૂપનું જીવન હતું જે આજે પણ આપણને સૌને સાધના માર્ગે દોરે છે. તેઓના ઉપદેશને વિચારીએ ને આપણા જીવન સાથે સરખાવીએ... જ્યાં ક્ષતિ માલૂમ પડે ત્યાં સુધારવા ને ઉપદેશને અનુસરવા દૃઢાવ કરીએ.

આપણે નિર્દોષબુદ્ધિ રાખવી... દાસ થવું. ભગવાનના ભક્તો, ભગવાનનાં સ્વરૂપો... તેમના દાસ થવું એટલે... નાનામાં નાનો હરિભક્ત માથાનો મુગટ છે તેમ માનવું. બાપા કહે, 'મને ૫૦ વરસ સત્સંગમાં થયાં. કોઈ દિવસ કોઈ સત્સંગી-નાનામાં નાનો હોય, થાથાથાબડા જેવો હોય, કાંઈ ન આવડતું હોય, તેનો પણ અભાવ આવ્યો નથી. વિરોધી હોય, ગમે તેવો હોય તો પણ અભાવ આવ્યો નથી...' 'મને નાનામાં નાના સત્સંગીનો અભાવ કોઈ દી' આવે નહિ. ઈ દેખાય જ નહિ ! દેખાવા દઉં નહીં; બ્રહ્મની મૂર્તિ દેખું. માયિકભાવ આવે નહિ. ચૈતન્યમૂર્તિ સમજું.'

આપણે આપણા જીવન સામે જોવાનું છે. મુક્તો સાથે કેટલું દાસભાવે વર્તાય છે... તેઓની ક્ષતિઓ કેટલી નજરમાં આવે છે ને કેટલી માફ કરાય છે. બાપાએ શબ્દ વાપર્યો છે... 'દેખાવા દઉં નહિ...' એ જાગ્રતતાનો શબ્દ છે... દોષ હોય પણ દેખાવા દેવો નહિ ત્યાં આપણે લડત લેવી પડે છે. માહાત્મ્યના વિચાર કરવા પડે છે ને ગુણ જોવા પડે છે.

દાસ છે તેનો સ્વરૂપ સાથેના - ગુરુ સાથેના સંબંધ વિષે બાપા કહે છે... 'ઈષ્ટદેવનાં દર્શન ગમે, ઈષ્ટદેવની ક્રિયા ગમે, પોતાના ઈષ્ટદેવનો સ્વભાવ ગમે, પોતાના ઈષ્ટદેવ પાસે રહેવું ગમે...' આપણને સાહેબની સર્વ ક્રિયા - સ્વભાવ - દર્શન ગમે ને સાથે રહેવું ગમે તે ત્યારે થાય જ્યારે આપણે તેમને આપણો આત્મા માનીએ અને પૂર્ણ સ્વરૂપે સમર્પણભાવ દૃઢ કરીએ. તેઓના વચનનો પૂર્ણ રીતે સ્વીકાર અને તે રીતે વર્તવાનો આગ્રહ... અનિવાર્ય છે. તેઓના પ્રત્યે દિવ્યભાવમાં કંઈક પણ કસર હશે ત્યાં સુધી તેઓ સાથેનો અદ્વૈતભાવ દૃઢ થતો નથી ને તેઓ સાથે અંતરાય રહે છે. તે અંતરાય ટાળવો છે ને તેમની અનુવૃત્તિને આપણું જીવન બનાવવું છે. તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે બાપાને શાસ્ત્રીજી મહારાજ પ્રતિ જે ભાવ હતો તે આપણે સાહેબ પ્રતિ દૃઢ કરવાનો છે.

બાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું કર્યું છે. પણ આપણા મનનું ધાર્યું કર્યું નથી... તે સ્વામી અતિશય રાજી થયા છે ને અત્યારે દર્શન દે છે ને સુખ આપે છે...'



આપણી પ્રતિપળની ક્રિયા તેઓની ઇચ્છા પ્રમાણે જ થાય... આપણે આપણા મનને તેઓની ઇચ્છા પ્રમાણે વર્તાવવાનું છે, આપણા મનમાં ઊઠતા સર્વ ઘાટ-સંકલ્પોનો નિષેધ કરવાનો છે ને સાહેબ રાજી થાય તેવા વિચારમાં આપણા તંત્રને પ્રવૃત્ત કરવાનું છે. સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિમાં કેટલી તેમની ઇચ્છા પ્રમાણે કરીએ છીએ ને કેટલી મનમુખી- આપણને ગમતી કરીએ છીએ તે વિચારતા રહેવાનું છે... મનમુખી મૂકવાનો આગ્રહ રાખવાનો છે ગુરુમુખી બનવા દઢતા કરવાની છે.


આપણું મન, દેહ બંને તેઓના ગમતામાં વર્તાવીશું તેટલાં જ નિર્ગુણ બનશે... બાપા પોતે કહે છે... 'અમે સં. ૧૯૬૯માં શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા. સં. ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સ્વામીની એકધારી આજ્ઞા પાળી રાજી કર્યા.' આ વાક્ય વિચાર માગી લે તેવું છે. ૩૮ વર્ષ સુધી બાપાએ એકધારી આજ્ઞા પાળી છે. એકધારી એટલે આજ્ઞા પાળવામાં બુદ્ધિ કદી આડી આવી નથી. સંપૂર્ણ સમર્પણભાવ. ગુરુ સાથે પૂર્ણ દિવ્યભાવનું જોડાણ. આપણે આ દઢ કરવાનું છે. આપણને દિવ્યભાવ રાખવામાં જેટલી બુદ્ધિ આડે આવે છે તેટલી સંબંધમાં કસર છે તે ટાળવા આજે સંકલ્પ કરવાનો છે. બાપાએ ૩૮ વર્ષ સુધી સાધના કરી છે ને ક્ષણવાર પણ મનમુખી વર્ત્યા નથી ત્યાં આપણે આપણા જીવન અને વર્તન સાથે આપણી પ્રવૃત્તિ સામે જોવાનું છે - વિચારવાનું છે ને સંપૂર્ણ ગુરુમુખી બનવા આગ્રહ રાખવાનો છે.

આજે એક વાત સ્પષ્ટ સમજી લઈએ... આપણને સુખ નથી આવતું... સંપૂર્ણ દિવ્યભાવ નથી રહેતો... ખટપટ માથાકૂટમાં પડી જવાય છે... અહંભાવનો પક્ષ કરાય છે કે મુક્તો સાથે રસબસ નથી થવાતું તે સર્વનું કારણ આપણા ગુરુદેવ સાથેના સંબંધમાં કસર છે. તેઓના સર્વોપરીપણાના સ્વીકારમાં કસર છે. આ કસર ટાળવા આપણે સંકલ્પ કરવાનો છે ને તેઓ સાથેના સંબંધની દઢતા માટે પ્રાર્થના કરવાની છે...

હે મહારાજ ! હે સ્વામી ! હે શાસ્ત્રીજી મહારાજ ! હે યોગીબાપા ! હે સાહેબ ! હે પ્રભુનાં પ્રત્યક્ષ સ્વરૂપો !

અમને આપની સાથેના દિવ્ય સંબંધની દઢતા કરાવો... આપની આજ્ઞા પ્રમાણે જ તંત્રને વાપરી શકીએ તે જાગ્રતતા આપો. આપના સંબંધવાળામાં આપનું દર્શન કરાવો. અમારો અહંભાવ મૂકવા... મુક્તોનું માહાત્મ્ય સમજવા ને દિવ્યભાવે સેવા કરી લેવા શક્તિ ને સમજણ આપો.

આજે ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે આપનામાં દિવ્યભાવ અને નિર્દોષભાવ રાખવા અમે સજાગ રહી અને અમારાં ઇન્દ્રિયો-અંતઃકરણને વર્તાવવારૂપી સંકલ્પની દઢતા કરી આપનું ગુરુપૂજન કરીએ છીએ તે સ્વીકારજો ને અમને આપનામાં પૂર્ણપણે સમાઈ જવા - ઓગળી જવા - આપની સાથે પરમ અદ્વૈત સાધવા બળ, બુદ્ધિને પ્રેરણા આપજો !



અહોનિશ આપને જ રાજી કરી લેવાની જ પ્રવૃત્તિ કરવા અમને પ્રકાશ પાથરજો !

સાધુ શિવ્લાદાસના
જય સ્વામિનારાયણ.

વૉકીગન મંદિર, ૨૩.૭.૯૬ (પૂ. યોગીબાપા સ્મૃતિદિન)



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

ઉપાસના ધામ, ખારઘર–નવી મુંબઈ પાટોત્સવ પર્વ ઉપક્રમે યોજાયેલ
'જ્ઞાનભક્તિ પારાયણ'માં ઉપાસનાનાં ભજનોનું નિરૂપણ, ૨૯ એપ્રિલ ૨૦૨૨

*(ગતાંકથી ચાલુ...)*

**'આંખલડીના હે રતન...'** એ ભજનના સ્થાયી પદ અને મુખડાનો આપણે ગઈ કાલે સ્વાધ્યાય કર્યો. આજે આગળની સ્વાધ્યાયયાત્રા શરૂ કરતાં પહેલાં કીર્તનના શબ્દો ઉપર, એના ભાવ ઉપર, એના અર્થ ઉપર ધ્યાન આપીને આપણે કીર્તનભક્તિ અદા કરીએ: આંખલડીના હે રતન, મારા રુદિયાની ધડકન, ઘણું જીવો મારા સાહેબજી, લો જીવન અર્પણ મન. 'લો જીવન અર્પણ મન...' આપણે સામેથી, રાજીખુશીથી મન અર્પણ કરીએ છીએ. આખા જીવનપર્યંત મન અર્પણ કરવું મુશ્કેલ છે, પણ અત્યારે આ સ્વાધ્યાય ચાલી રહ્યો છે ત્યારે તેટલી ઘડી સુધી તો અમારું મન અમે અમારી પાસેથી લઈને શ્રી ઠાકોરજીના ચરણોમાં મૂકવાનો રૂડો સંકલ્પ કરીએ છીએ.

'સરતી સરકતી, પલ–પલ ખળ–ખળ, વહેતું જીવન આ ચાલ્યું...' મંદિરનો ૧૫મો પાટોત્સવ છે. પંદર વર્ષનાં વહાણાં વહી ગયાં. જે વહી ગયું તે પાછું લાવી શકાતું નથી, રિવર્સ કરી શકાતું નથી. સમયની વાત કરીએ, સમયની સાથે જિવાતા જીવનની વાત કરીએ અને આપણા શરીરમાં થઈ રહેલા ફેરફાર અને આપણી અવસ્થાનો વિચાર કરીએ તો બધું જ બદલાતું જાય છે. એટલે સનાતન સિદ્ધાંત એ છે કે, આ સમગ્ર સૃષ્ટિ પરિવર્તનશીલ છે, કશું જ કાયમ રહેતું નથી. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે. ફરતી ફરતી પાછી સૂર્યની આસપાસ પણ ફરે છે. અને એમ સૅકન્ડ, મિનિટ, કલાક, વર્ષ અને યુગો વીતતાં જાય છે અને સૃષ્ટિ ઉપર સતત પરિવર્તન થતું રહે છે. આપણી નિસબતની વાત એ છે કે, પંદર વર્ષની શ્રી ઠાકોરજી સાથેના અનુસંધાનની યાત્રામાં મારામાં કેટલું પરિવર્તન આવ્યું ? એ સ્વાધ્યાય કરવા, એનો મંગલ ઉત્સવ ઊજવવા માટે આપણે ભેગા થયા છીએ. સૌ સાથે મળીને પોતાના એવા સુખદ અનુભવની વાત કરે કે, 'મારામાં આ પરિવર્તન આવ્યું' તો એ સાચા અર્થમાં શ્રી ઠાકોરજીનો આપણે સ્વીકાર કર્યો કહેવાય, સાક્ષાત્કાર કર્યો કહેવાય.

'સરતી સરકતી' 'સરતી' એટલે સરી જાય, લપસી જાય, છૂટી જાય, ચુકાઈ જાય એવી જીવનની–સમયની પળ–પળ. 'સરકતી' એટલે એમ કહે છે, કે જ્યારે આવી તક તમારા જીવનમાં આવે ત્યારે તમે એને ઝડપી લો, પકડી લો, જીવી લો, જાણી લો, માણી લો; તો એ ક્ષણનો તમને આનંદ આવે. એ ક્ષણ ગઈ પછી માત્ર ને માત્ર પસ્તાવો કરવાનો રહે છે. ક્ષણ સ્થગિત નથી એના માટે સુંદર શબ્દ વાપર્યો છે – 'સરકતી'. આપણી આર્ય સંસ્કૃતિ, ભારતીય સંસ્કાર જીવન પદ્ધતિ, કુટુંબ-કબીલાઓએ સૌથી પહેલો સામૂહિક નિવાસ નદી કિનારે કરવાનો શરૂ કર્યો એવું માનવ સંસ્કૃતિનો ઈતિહાસ કહે છે. જળ છે તો જીવન છે અને જીવનને નદીના વહેતા પ્રવાહ – જળ સાથે સરખાવવામાં આવ્યું છે. નદી ઊભી રહેતી નથી. કદાચ ધીરી પડે, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પાળ બાંધીને તેને રોકે, પણ એનો મૂળભૂત સ્વભાવ પોતાના અંતિમ લક્ષ્ય–મહાસાગરને મળીને, એની સાથે એકરૂપ થઈ જવાની દિશામાં વહેતા રહેવાનો છે. આપણી ઉપાસનાનો પણ આ સિદ્ધાંત છે. ગંગા નદીમાં મળતા નદીના એક પ્રવાહનું નામ અલકનંદા છે. એ નાચતી, કૂદતી, કલકલ અવાજ કરતી વહે છે. એને જીવન જીવવાનો એટલે કે વહેતા રહેવાનો ખૂબ ઉમંગ ને ઉત્સાહ છે. વહેતા રહેવાનું એટલે ખાડા–ટેકરા, મંદ ગતિ–ઝડપી ગતિથી સતત વહેતા રહેવાનું !

હૃદયનો કાર્ડિયોગ્રામ જ્યારે દોરાય ત્યારે ઊંચા-નીચા થતા લીટા જોઈને ડૉક્ટરો નિદાન કરે છે. એ લીટા ઊંચા-નીચા થાય છે એ જ જીવન છે અને એ જ નિશાની છે કે, હૃદય ધબકે છે અને શરીરમાં લોહીનું ભ્રમણ ચાલુ રહે છે. પણ, જો એ લીટા સીધી લીટીમાં આવી જાય તો ઠપ્પ થઈ ગયા. આપણે પણ એવું ઇચ્છીએ છીએ કે, અમારું જીવન સીધી લીટીમાં ચાલવું જોઈએ. બધી બાબતની સાનુકૂળતા, સગવડ મળે અને આપણે ઇચ્છીએ એ પ્રમાણે જ બધું ચાલે. પણ, એને જીવન ના કહેવાય. આપણું હૃદય, આપણા હૃદયનો ધબકાર અને વિજ્ઞાન આપણને સમજાવે છે કે, તે ધબકતું રહે ત્યારે જ તો જીવન છે. એ જેવું સીધી લીટીમાં આવી ગયું એવું જીવન પૂરું થઈ ગયું.

'ખળ-ખળ, વહેતું જીવન આ ચાલ્યું...' 'ખળ-ખળ વહે' એટલે એ ઉપર-નીચે વહેતું હોય છે. તમે ૯:૩૫ની ટ્રેઈન પકડવા માટે દોડતાં દોડતાં પ્લૅટફૉર્મ પર જાવ, પણ ત્યાં તમારી નજર સામે જ જો ટ્રેઈન ઊપડી જાય તો આપણે પ્લૅટફૉર્મ પર રહી ગયા અને ટ્રેઈન આગળ નીકળી ગઈ. એક પછી એક સ્ટેશન છૂટતાં જાય છે અને આગળના સ્ટેશન તરફ ટ્રેઈન વધતી જાય છે. જો ટ્રેઈન ક્યાંક ઊભી રહી જાય તો બધા તપાસ કરે કે, 'કેમ ઊભી રહી ? કેમ ચાલતી નથી ?' એટલે ચાલતું રહે એ જીવન છે. 'ચલના જીવન કી કહાની, રુકના મોત કી નિશાની...' જો જીવન છે તો ચાલતું રહે છે, અને અટકી ગયું ને ઊભા રહી ગયા તો મોતની નિશાની – અંત આવી ગયો ! સુજ્ઞજન એ છે કે જે હાજર વર્તમાનકાળની પળને ઝડપી લે. હાજર વર્તમાનકાળ એટલે આ ક્ષણે, આ પળે જે છે તેને ઝડપી લેવું, ને જે ગયું તે ગયું. અને જેણે આ ઝડપી લીધું એના માટેની એ પછીની જે પળ છે તે તેનું ભવિષ્ય છે, જેમાં નિર્માણ છે.

'જાગીને જોયું...' તો અત્યાર સુધી શું ઊંઘતા હતા ? 'અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્...' તથા 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી...' 'જગતના જીવો જે જીવવા માટે જાગી રહ્યા છે, ત્યાં સંયમી પુરુષો ઊંઘી ગયા છે અને સંયમી પુરુષો જે જીવન જીવવા માટે જાગી ગયા છે, તેને માટે જગતના જીવો ઊંઘી ગયા છે.' આવો સંસ્કૃતનો શ્લોક છે. સ્વામી વિવેકાનંદે કહ્યું, 'હે યુવાનો જાગો ! અને જ્યાં સુધી લક્ષ્યપ્રાપ્તિ થાય નહીં ત્યાં સુધી જંપીને બેસો નહીં.' સતત પ્રયત્નશીલ એટલે કે, સતત જીવતા રહો, ચાલતા રહો, દોડતા રહો, લક્ષ્ય તરફ સતત ગતિ કરતા રહો. ખાલી ચાલીએ તેવું નહીં, લક્ષ્ય તરફ ચાલીએ. તેને માત્ર ગતિ નહીં, પ્રગતિ કહેવામાં આવે છે. ગમે તે દિશામાં ચાલવું તેને ગતિ કહેવાય-ગમન કહેવાય, પણ લક્ષ્ય પ્રતિની ગતિને-ગમનને પ્રગતિ કહેવાય. ચાલ્યા – કઈ બાજુ ચાલ્યા ? પ્રગતિની દિશામાં ચાલ્યા ? મારામાં શો ફેરફાર થયો ? તે મેં મારા અંતરમાં તપાસ્યું અને મેં મારા મનને પૂછ્યું કે, આજે જે સમય પસાર થયો એ દરમિયાન કયું સત્કર્મ કર્યું કે જે વાવીએ તો ઊગી નીકળે !?

'જાગીને જોયું, પૂછ્યું મનવા, જીવતરમાં શું વાવ્યું ?' મેં મારા મનવાને-મનને-મારી જાતને પૂછ્યું કે, આ સમય વહી ગયો, જેને આપણે જીવન કહીએ છીએ, એમાં તેં શું વાવ્યું ? 'વાવ્યું' બહુ સુંદર શબ્દ છે. વાવવા માટે પહેલાં ખેતર ખેડવું પડે, એમ ને એમ વવાય નહીં. ખેતરમાં ચાસ પાડવા પડે, પછી એમાં બીજ વાવવાનાં. એ બીજ સારી રીતે ઊગે એટલે એને ખાતર, પાણી આપવાનાં ને એનું રખોપું કરવાનું ત્યારે મબલખ પાક પાકે છે. વળી, બીજ તો જે રોપ્યું હોય એ ઊગે, પણ બીજાં ફાલતું બીજ પડ્યાં હોય તે પણ સાથે ઊગે, જેને આપણે ઘાસ કહીએ છીએ. એને પાછું નીંદવું પડે, નહીંતર જે ખાતર નાખ્યું હોય, જે પાણી પાયું હોય, એ પહેલું પેલું (ઘાસ) ખાઈ જાય, પછી આપણાં વાવેલાં બીજને મળે.

આપણે વાવવાનો અર્થ સમજીએ તો આપણા દ્વારા થયેલાં શુભ કર્મો, સત્કર્મોનાં બી આપણે વાવ્યાં છે, જે ઊગી નીકળવાનાં છે. અને એનાં રૂડાં ફળ આપણને અને આપણી પાછળ આવેલાં સંતાનોને પણ પ્રાપ્ત થવાનાં છે. જે વાવ્યું હોય તે ઊગે અને જે ઊગે એ આપણે લણવાનું રહે – એટલે કે આપણને મળવાનું રહે. આંબા વાવ્યા હોય તો ફળ સ્વરૂપે કેરી પાકે અને લીમડા વાવ્યા હોય તો ફળ સ્વરૂપે લીંબોળી પાકે. આપણે જો લીમડો વાવ્યો હોય અને કેરીની સિઝનમાં લીમડે જઈને કેરી શોધીએ તો આપણને મળે નહીં. એમ, જીવતરમાં શું વાવ્યું છે એ બહુ અગત્યનું છે.

આ વાત જે જાગ્યો છે તેની છે. જાગે છે કોણ ? એના માટે બહુ સુંદર કીર્તનની એક કડી છે : 'તારો દિવ્ય અનલકણ અડકાડી મારી ચૈતન્ય જ્યોત જલાવી તેં...' દીવો તો હતો, પણ તારો દિવ્ય અનલકણ – ચૈતન્ય જ્યોત તેં એ દીવાને અડકાડી તો મારો દીપ પ્રગટી ગયો. જેને કહીએ કે, ભગવાનના એવા બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંતને વિશે જ્યારે અસાધારણ આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય છે ત્યારે એમની કૃપા અને અનુગ્રહથી પ્રકાશ થાય છે. આ જીવને અત્યાર સુધી કોડિયું, ઘી, દિવેટ બધું જ હતું, પણ પ્રકાશ નહોતો. મનુષ્ય શરીરનું આ ખોળિયું તો છે, બુદ્ધિ, અક્કલ, આવડત, હોશિયારી છે, અરે, બધું ખબર છે અને બધું જાણીએ છીએ ; પણ પ્રગટ સત્પુરુષની સાથે જ્યાં સુધી આત્મબુદ્ધિ ને

પ્રીતિ થઈ નથી અને જ્યાં સુધી તેઓ જીવમાં બેઠા નથી ત્યાં સુધી એ કોડિયું છે. જ્યારે એ પ્રગટે છે ત્યારે એનું એ જ કોડિયું દીવા તરીકે ઓળખાય છે. એ પ્રગટ્યું, એમાં પ્રકાશ થયો એટલે તે દીવો બન્યો, પ્રકાશ નહોતો થયો ત્યાં સુધી કોડિયું હતું. જરા ગંભીરતાથી વિચારજો, જાગીને વિચારજો. પાત્ર છે, અંદર જેના આધારે એ સળગે છે એ ઘી છે, એમાં રૂની દિવેટ છે છતાં પણ એમાંથી અજવાળું કેમ નથી આવતું ? અજવાળું ત્યારે આવે છે જ્યારે એ ઘીની વાટને અગ્નિનો સંબંધ આપવામાં આવે છે, ત્યારે તે પ્રગટે છે ને દીવો બને છે અને એ પ્રકાશને પાથરે છે.

આ જીવને જગાડવાની વાત છે. શરીર અને શરીરની સાથેની જે કંઈ સંપત્તિ છે, પાંચેય ઇન્દ્રિયો અને સંપૂર્ણ સભાનતા સહિતનું આપણું શરીર છે. આપણે વિચાર કરીએ કે, જેમની પાસે એકાદ અંગ નથી, કાં તો ઇન્દ્રિયની સભાનતા નથી; તેમની સરખામણીમાં આપણું જીવન કેટલું બધું સમૃદ્ધ અને સંપન્ન છે ! તોય અજવાળું કરનારા તારો દિવ્ય અનલકણ અડકાડી મારી ચૈતન્ય જ્યોત જલાવી તેં... એ દિવાસળી નથી, એના માટે બહુ સુંદર શબ્દ 'અનલકણ' વપરાયો છે અને પાછો 'દિવ્ય અનલકણ !' જે પોતે પ્રભુમાં રહે છે અને પ્રભુ સાથે આપણને જોડવાનું એમનું જીવનકાર્ય દેહના માધ્યમ દ્વારા તેઓ કરી રહ્યા છે. એવા પ્રગટ સત્પુરુષ સાથે જ્યારે મેળાપ થાય છે, સંબંધ થાય છે, પોતાપણાનો ભાવ થાય છે-જેને આપણે સત્સંગની ભાષામાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કહીએ છીએ, એ જ્યારે થાય છે ત્યારે આ જીવમાં પ્રકાશ થાય છે. જીવ તો કીટ-પતંગિયાં, પશુ-પક્ષી, માણસમાં દરેકમાં છે અને દરેકની પોતાની જીવનયાત્રા છે ને આયુષ્યમર્યાદા પણ છે. પણ માણસમાં ક્યાં ફેર પડ્યો ? એ જો માણસ ગંભીરતાથી વિચારે તો એ 'જાગેલો' કહેવાય.

'અમૃત એ ઘડી રે મળ્યા જ્યાં, સંત રૂપે ભગવંત...' મારું જીવન ખારું, ખાટું છે એને મીઠું કરવા માટે જ્યારે સંત રૂપે ભગવાન મળે છે ત્યારે જીવનનો સાચો અર્થ અને આનંદ પ્રાપ્ત થાય છે, મારા જીવનની એ ઘડી અમૃતમય બની કે જેણે જીવન જીવવા જેવું બનાવી દીધું. મોંઘામાં મોંઘો મનુષ્ય દેહ મળ્યો, અત્યાર સુધી જીવતા હતા પણ, સત્સંગ મળ્યો, સત્પુરુષ મળ્યા એટલે જીવન અમૃતમય બન્યું. મારા જીવનની એ અમૃત ઘડી કે, જ્યારે હું પહેલી વખત સાહેબદાદાને મળ્યો અને તેઓ મને ગમી ગયા ! એ ઘડીથી મારા અમૃતમય જીવનની શુભ શરૂઆત થઈ ગઈ. એ અમૃતપુરુષ મારા જીવનમાં અમૃતનો કુંભ લઈને આવ્યા. મને જે મળ્યા છે તે ભગવાન-સ્વરૂપ સંત મળ્યા છે, અને મને ભગવાન સાથે જોડી દેવાના છે તેવા સંત રૂપે ભગવંત મને મળ્યા છે ! આ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત છે ! સાધુને 'ભગવાન' કહીએ તો ગાળ દીધી કહેવાય. સાધુ એ સાધુ છે, અને કોઈ ભગવાન થયો નથી ને થવાનો નથી એવું 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે. પણ, 'ભગવાનના' થવામાં કોઈ રોકટોક નથી. ભગવાનના થવાની, ગુરુના થવાની કોઈનેય ના નથી પાડી. બાઈ-ભાઈ, ગરીબ-તવંગર, ભણેલો-અભણ, મૂર્ખ-જ્ઞાની સર્વને માટે ભગવાને અતિશય કૃપા કરીને આ વાત શક્ય બનાવી છે.

રામાયણની એક સાખી છે : 'રામ મિલન કે કારણે જો તુમ ભયો ઉદાસ, તુલસી શોધી લે સંગત સંત કી, રામ જિન્હોં કે પાસ...' ભગવાન શ્રી રામ સાક્ષાત્ મળ્યા તોય તું ઉદાસ જીવન જીવી રહ્યો છે ? કારણ ? શ્રી રામના દિવ્ય અને પરમ તત્ત્વને આપણી બુદ્ધિ, અક્કલ, હોશિયારીથી આપણે પહોંચી શકતા નથી, સમજી શકતા નથી, માણી શકતા નથી. ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, 'અમારા મહિમાને તો અમે પૂરેપૂરો વર્ણવી શકતા નથી.' તો ભગવાનનો મહિમા આપણને કોણ સમજાવશે ? સંત સમજાવશે. કયા સંત સમજાવશે ? તો જેમના હૈયામાં રામ વસ્યા છે એવા સંતની ગોદ સ્વીકારી લઈએ તો ભગવાન કોણ છે એ તમને સમજાવશે. આ ઉપાસનાનો સિદ્ધાંત છે !

એવા સંત આપણા માટે સાહેબજી છે. 'ઘણું જીવો મારા સાહેબજી, લો જીવન અર્પણ મન...' અને તેઓ ઘણું લાંબું જીવે એવી આપણે પ્રાર્થના કરીએ છીએ, રૂડો સંકલ્પ કરીએ છીએ. જે દિવસથી જીવનને અમૃત બનાવનારા આવા પ્રગટ સત્પુરુષનો આપણને સંબંધ થાય છે, સંપર્ક થાય છે, તે દિવસથી ખરેખર જીવન શરૂ થાય છે. ત્યાં સુધી તો માત્ર ઇન્દ્રિયોની ક્રિયાને આધારે દેહના ભાવમાં જીવ્યા કર્યું. જેવું કીટ-પતંગિયાં, પશુ-પક્ષી જીવન જીવે છે તેવું જ માણસ પણ જીવે છે ; પણ એને જીવન ના કહેવાય. એમને પણ કુટુંબ, પરિવાર, મારું-તારું હોય છે, વટ ને વ્યવહારથી તેઓ સંસારમાં જીવતાં હોય છે. એવું હું ને તમે જીવીએ તો એમાં ફેર કંઈ નથી. ફેર ત્યારે પડે છે કે જ્યારે જીવન-અમૃત જેમની પાસે છે, એમની સાથે આપણને સંબંધ થાય ત્યારે જીવન જીવવા જેવું થાય છે અને એ સાચું જીવન છે. અત્યાર સુધી મારું જીવન જેના આધારે દોરવાઈ રહ્યું હતું એ મારું અનાડી મન, એને હવે હું તમને અર્પણ કરું છું ; એટલે જીવન શરૂ થયું.

'આંખ ઉઘાડી જોઉં જગત જ્યાં, કણ-કણમાં પ્રભુ ભાળું' - આંખ ઉઘાડીને જોયું એટલે કે જાગ્યા-આંખ ઊઘડી-જાગીને જોયું. આંખમાં

દવાનાં ટીપાં નાખે ત્યારે આંખની પાંપણો ઊંચી કરીને નાખે. એમ આંખ ઉઘાડીને જોવાનું. ઉઘાડી આંખે સંસારમાં તો આપણે ફરીએ જ છીએ, જોયા વગર ફરીએ તો ભટકાઈ જઈએ. પાટોત્સવનું આ પર્વ છે. પંદર વર્ષ પહેલાં પ્રાણપ્રતિષ્ઠાના ઉત્સવમાં પણ આપણે સૌ હાજર હતા તેની સ્મૃતિ કરીએ. મૂર્તિઓને માટે 'અંજનશલાકા'નો એક કાર્યક્રમ થાય છે. કારીગરે આ મૂર્તિઓ બનાવી. જયપુરથી સંતો મૂર્તિ લઈને આવ્યા ને અહીંયાં સ્થાપિત કરી. એની પાંચેય ઇન્દ્રિયોમાં પ્રગટ સત્પુરુષે પ્રાણ પૂર્યા એટલે એ હવે પથ્થર નથી, એ જીવંત પ્રભુનું સ્વરૂપ બન્યું. પણ હજુ, ભક્તોને દર્શન દેવા માટે એમની આંખની પાંપણ ખોલવામાં આવે છે, જેને મંદિરની ભાષામાં – સંસ્કૃતમાં 'અંજનશલાકા' કહેવામાં આવે છે. એક સળી લઈ, મધમાં બોળી અને જેમ બહેનો આંખોમાં સૂરમો આંજે એવી રીતે સંતો ભગવાનની આંખમાં એ મધનો રસ આંજે છે; એટલે પ્રભુનાં નેત્રો ખૂલ્યાં. તમે જુઓ તો ખરા, જે આપણાં નેત્ર ખોલનારા છે એનાં નેત્રો આપણે ખોલીએ છીએ અને એને 'અંજનશલાકા'ની વિધિ કહેવામાં આવે છે. પ્રભુ પણ સમગ્ર સંસાર ઉપર પોતાની નજર રાખે છે કે, કોણ ક્યાં જાય છે ને શું કરે છે ? એ મારો વહાલો બધું જુએ છે, એ બધું જાણે છે, એને બધી ખબર છે. કારણ કે, આપણે જ એમની આંખો વિધિપૂર્વક ઉઘાડી છે. પ્રાણપ્રતિષ્ઠા વિધિનો આ એક ભાગ છે.

'કણ-કણમાં પ્રભુ ભાળું' – કણ-કણમાં, ઘટ-ઘટમાં જેનો વાસ છે તેનાથી શું છાનું રહે ? શું છૂપું રહે ? આપણી ઉપાસનાનો એ મંત્ર છે–ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. ભગવાન માત્ર મંદિરમાં નથી. હું જ્યાં જ્યાં જઉં છું ત્યાં મારી સાથે, સકળ સંસારમાં, ઘટ-ઘટમાં એમનો વાસ છે, દરેક જીવમાં આત્મા વસેલો છે. 'કણ-કણમાં પ્રભુ ભાળું' વાહ, શું સ્થિતિ છે ! આ સ્થિતિ ગુરુહરિ સાહેબદાદાની સ્થિતિ છે. આપણા સત્સંગમાં એક શબ્દપ્રયોગ થાય છે, 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ના ભાસે રે...' એવા જે સંત છે તે જ્યાં જ્યાં જાય છે અને જે જે જુએ છે ત્યાં ત્યાં માત્ર અને માત્ર રામને જ જુએ છે. અને એનું પ્રતીક છે હનુમાનજી દાદા. સીતામાતાએ જ્યારે મોતીનો હાર આપ્યો ત્યારે તેઓ મોતી ભાંગવા બેઠા કે, હું જોઉં છું કે આમાં રામ છે ? આપણે એનો આધ્યાત્મિક રીતે અર્થ કરીએ કે, સર્વ ઠેકાણે પ્રભુનો સંબંધ જુએ. સંબંધ જોવો એટલે સર્વ ઠેકાણે પ્રભુનો વાસ-નિવાસ જુએ. જેમ મારા આત્મામાં પ્રભુ બિરાજમાન છે, તેમ સર્વ ઠેકાણે, સર્વમાં, સમગ્ર રીતે પ્રભુ બિરાજમાન છે ! આ દૃષ્ટિ ગુરુહરિ સાહેબદાદાની છે. એમને ગુણાતીત સંત કહેવાય. એ ઉઘાડી આંખે ખાય છે, પીએ છે, બેસે છે, ઊઠે છે, પહેરે છે, ઓઢે છે, હસે છે, રમે છે; પણ એમને સતત, સર્વ ઠેકાણે પ્રભુનો સંબંધ દેખાય છે, પ્રભુનો વાસ-નિવાસ દેખાય છે. એના માટે ઉઘાડી આંખે જોવું પડે.

એની સાથે સાથે અધ્યાત્મનો સિદ્ધાંત – 'અક્ષર છું હું દેહ નથી...' આ મંત્ર જે આપણે બોલીએ છીએ તે 'આંખ મીંચીને જોઉં ભીતરમાં, અક્ષર રૂપ નિહાળું...' મારું પોતાનું રૂપ, એને અક્ષર રૂપ નિહાળું એટલે હું દેહ નથી, હું આત્મા છું અને મારા વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય વિરાજમાન છે એ માનીનતા, એ જાગ્રતતા સાથેની સર્વ ઠેકાણે પ્રભુને જોવા માટે ઉઘાડેલી આંખ, એ ઘટ-ઘટમાં, કણ-કણમાં પ્રભુને જુએ છે, પ્રભુનો સંબંધ જુએ છે. આ ગુણાતીત સ્થિતિનું વર્ણન શબ્દોના માધ્યમ દ્વારા કરવામાં આવ્યું છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આવી બ્રાહ્મીસ્થિતિમાં અમે જોયા, અનુભવ્યા છે. તેઓ એમ કહે કે, 'ગઈ કાલ સવારનો કોઈ આવ્યો હોય, અને હાલોપોલો હોય, તો પણ મને એનો અભાવ આવતો નથી.' આ એમના શબ્દો 'યોગીગીતા'માં લખેલા છે. પછી આગળ કહ્યું કે, 'આવવા દઉં જ નહીં.' 'આવતો નથી' એ એક સ્થિતિ છે, અને 'આવતો રોકવો' અને 'આવે જ નહિ' એ બ્રાહ્મી સ્થિતિ છે, એ ગુણાતીત સ્થિતિ છે, એ ભગવાનને અખંડ ધારીને રહ્યાની સ્થિતિ છે ! બાકી તો તેઓ માણસ જ હતા અને આપણે જેમ દવાનું પડીકું વાળીએ એમ અનેક પ્રકારના રોગોનું પડીકું વાળીને એમણે એમના શરીરમાં રાખ્યું હતું. પણ તેઓ શરીરના ભાવમાં જ હતા નહીં, શરીરના ભાવથી ઉપર ઊઠી ગયા હતા–જેને આપણે 'બ્રહ્મભાવ' કહીએ છીએ. તેઓ સતત એવું માનતા કે, 'હું દેહ નથી, હું આત્મા છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે !'

વર્તમાનકાળે ગુરુહરિ સાહેબદાદાને વિશે આપણે આવો ભાવ કરીએ. સાંજે અહીં પધારે ત્યારે આવા ભાવથી એમનાં દર્શન કરીએ. આપણી જાતને એના માટે આપણે ધન્ય અને અહોભાગી માનીએ કે, અહોહો ! આવા સંત સદેહે પૃથ્વી ઉપર વિચરણ કરે છે ! પૃથ્વી ઉપર વિચરણ કરે છે એટલું જ નહીં, મુંબઈમાં બિરાજમાન છે. મુંબઈમાં બિરાજમાન છે એટલું જ નહીં, નવી મુંબઈમાં અને હું જ્યાં છું ત્યાં ખારઘર મંદિરમાં પોતે સદેહે પધારી રહ્યા છે ! – આ મહિમાનો વિચાર છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય !

*(ક્રમશઃ)* ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જૂન, ગુરુવાર...** બપોરે દિલ્હી ઍરપોર્ટ પર મંદિરના સ્થાનિક અક્ષરમુક્તોના સત્કારભાવ ઝીલી આશીર્વાદ આપ્યા. સાંજે દિલ્હી યોગી ડિવાઇન સોસાયટી-શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કરી પ.પૂ. ગુરુજી-મુકુંદજીવન સ્વામીજી સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. રાત્રે મંદિરના હૉલમાં યોજેલ 'અનુષ્ઠાન શિબિર'માં દીપ પ્રગટાવી મંગલ પ્રારંભ કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨ જૂન, શુક્રવાર...** દિલ્હી મંદિરે પ.પૂ. ગુરુજી સાથે ગોષ્ઠિનો આનંદ માણી 'અક્ષરજ્યોતિ' આશ્રમમાં પધારી સભામાં સૌ સંત બહેનોને જીવન જીવવાનાં અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં. રાત્રે 'અનુષ્ઠાન શિબિર' સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૩ જૂન, શનિવાર...** સવારે પ.પૂ. ગુરુજીની પ્રાતઃ પૂજામાં પધારી મંગલ દર્શનનો લાભ લીધો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. પવઈ-મુંબઈ મંદિરમાં નિર્માણાધીન ઇમારત માટે ઇષ્ટિકાનું પૂજન કર્યું. બપોરે અનુપમ મિશનના સદ્‌ગુરુ સાધુ અને યુ.પી.એસ.સી.ના ચૅરમૅન પ.પૂ. મનોજદાસજીની ઑફિસમાં પ.પૂ. ગુરુજી, સંતો, સંત બહેનો, હરિભક્તો સાથે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી દિલ્હી ઍરપૉર્ટથી વડોદરા જવા પ્રસ્થાન કર્યું. રાત્રે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર પધારી મંદિરજીમાં દર્શન કરી શયન આરતીનો લાભ લીધો. યુ.એસ.એ. પરત જતાં શિલ્પાબહેનને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૪ જૂન, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૫ જૂન, સોમવાર...** સાંજે ચિખોદરામાં સરદાર પટેલ ઍજ્યુકેશન ટ્રસ્ટના ચૅરમૅન શ્રી ભીખાભાઈ પટેલના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. ડૉ. રમણભાઈ પટેલના ઘરે પધરામણી કરી. રાત્રે અક્ષરમહોલમાં લૉસ ઍન્જલસ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે યુ.એસ.એ. પધારતા સંતોની વિદાય-મિલન સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૬ જૂન, મંગળવાર...** ઍલિકોન ગ્રૂપના ચૅરમૅન શ્રી પ્રયાસવીનભાઈ અને તરુબહેન તપોભૂમિ બ્રહ્મજ્યોતિ દર્શનાર્થે પધાર્યાં, તેઓને તરુબહેનના જન્મદિવસ નિમિત્તે મુલાકાત, ગોષ્ઠિ અને આશીર્વાદનો લાભ આપ્યો.

**૭ જૂન, બુધવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થાનિક તથા બહારગામથી પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે 'તીરથ'માં વ્રતધારી સંતોની સભામાં પધારી જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું. રાત્રે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા.

**૮ જૂન, ગુરુવાર...** સવારે મોટી સંખ્યામાં ભક્તોને લઈને વડતાલ મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શનાર્થે પધાર્યા. વડતાલ મંદિરે ધૂન-પ્રાર્થના કરી, મંદિર માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. મંદિરના કોઠારી સંત સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. બપોરે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ચરોતર આરોગ્ય મંડળના ચૅરમૅન શ્રી અતુલભાઈને મુલાકાત આપી. સાંજે યુવકોની અઠવાડિક-ગુરુસભામાં પધારી સૌ યુવકોને આશીર્વાદ આપ્યા.

**૯ જૂન, શુક્રવાર...** સવારે પ્રજ્ઞાનતીર્થ પર પધારી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને નવા સત્રના પ્રારંભે આશીર્વાદ આપ્યા.

**૧૦ જૂન, શનિવાર...** સવારે યોગી વિદ્યાપીઠ સ્થિત 'ભક્તિમંદિર'માં વિવિધ પ્રકાશન વિભાગોમાં તથા 'સહજાનંદ કલાસાધના તીર્થ'માં પધરામણી કરી સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. રાત્રે 'અક્ષરમહોલ'માં વિદેશની ધર્મયાત્રામાં

પધારતા હોવાથી યોજેલ વિદાય-મિલન સભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૧ જૂન, રવિવાર...** મંગલ પ્રભાતે મંદિરમાં મંગળા આરતીનાં દર્શનનો લાભ લીધો. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં ઉપસ્થિત સૌ મુક્તોને આશીર્વાદ પાઠવી અમદાવાદ ઍરપૉર્ટ તરફ પ્રયાણ કર્યું. ત્યાં અમદાવાદ મંડળના ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી ફ્લાઈટમાં લંડન જવા પ્રયાણ કર્યું. સાંજે લંડન હિથ્રો ઍરપૉર્ટ ઉપર સાધુ પૂ. હિંમતદાસજી, સતીશભાઈ ચતવાણી, વિજયભાઈ ઠક્કર આદિ ભક્તોના સત્કારભાવ ઝીલી બ્રહ્મજ્યોતિ-ડેન્હમ મંદિરે પધાર્યા. મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ સાહેબજીની તીર્થયાત્રાનાં ૫૦ વર્ષ નિમિત્તે ભવ્ય સ્વાગત કર્યાં, વાજતે ગાજતે મંદિરમાં પધરાવ્યા. સ્વાગતસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ જૂન, સોમવાર...** સાંજે બ્રહ્મજ્યોતિ પર મંદિરમાં યોજેલ મિલન સભામાં પધારી સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ જૂન, મંગળવાર...** સાંજે અનુપમ મિશન, યુ.કે.ની ટ્રસ્ટ કમિટીની મીટિંગમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ જૂન, બુધવાર...** સાંજે પ્રદીપભાઈ ધામેચા દર્શનાર્થે પધાર્યા તેઓને તથા 'ૐ ક્રિમેટોરિયમ'ના નિર્માણકાર્ય માટે નિયુક્ત થયેલ કૉન્ટ્રાક્ટર શ્રી શશીભાઈ અને શ્રી મિતેશભાઈને મુલાકાત અને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૫ જૂન, ગુરુવાર...** કિશોરભાઈ ગોકળ-પન્નાબહેન દર્શનાર્થે પધાર્યાં, તેઓને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૬ જૂન, શુક્રવાર...** બપોરે શ્રી ચિન્મય મિશનના શ્રી રૂપિનભાઈ વડેરા પ્રથમ વખત દર્શનાર્થે આવ્યા, તેઓને મુલાકાત આપી. સાંજે સત્સંગ સભામાં પધારી સૌ સંતો-ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૧૭ જૂન, શનિવાર...** સવારે દર્શનાર્થે પધારેલ શ્રી રૂપિનભાઈ વડેરા અને શ્રી વિનોદભાઈ વડેરા 'ૐ ક્રિમેટોરિયમ' પ્રૉજેક્ટ વિશે જાણી ખૂબ પ્રભાવિત થયા. તેઓને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે ધર્મેશભાઈ-દર્શિતાબહેનને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. વૅમ્બલી, કિંગ્સબરી, ઈસ્ટ લંડન મંડળના મુક્તોને સભામાં અને સાંજે યુવાનોની સભામાં અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો.

**૧૮ જૂન, રવિવાર...** વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી ઉજવણીની સભામાં મોટી સંખ્યામાં પધારેલ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે હૅરોના મૅયર શ્રી રામજીભાઈ ચૌહાણ, સી.બી. પટેલ, પ્રમોદભાઈ ઠક્કર, તૃપ્તિબહેન અમીન, રોહિતભાઈ સાંગાણી, પ્રવીણભાઈ અમીન આદિ મહાનુભાવો પધાર્યાં. સભા દરમિયાન યુવાનોએ નૃત્યભક્તિ દ્વારા પોતાના ભાવો અર્પણ કર્યા.

**૧૯ જૂન, સોમવાર...** સાંજે લંડનના હિથ્રો ઍરપૉર્ટ પરથી સૌની વિદાય લઈને સાધુ પૂ. હિંમત સ્વામીજી, વિજયભાઈ-દર્શનાબહેન, ભાવિશાબહેન આદિ અક્ષરમુક્તો સાથે યુ.એસ.એ. પ્રતિ પ્રયાણ કર્યું. ન્યૂયૉર્ક-જે.એફ.કે. ઍરપૉર્ટ પર સાધુ પૂ. જયેશદાસજી, સાધુ પૂ. નરેન્દ્રદાસજી આદિ સંતો, રાજાભાઈ, મહેન્દ્રભાઈ રાય અને ન્યૂજર્સી-ન્યૂયૉર્કના ભક્તોના સત્કારભાવ ઝીલી, સૌને આશીર્વાદ પાઠવી, મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા.

**૨૦ જૂન, મંગળવાર...** સવારે ઍલનટાઉન મંદિરે પધારેલા સૌ સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. બપોરે અ.નિ. મૂકેશભાઈ કઢીવાલાના અક્ષરધામગમન નિમિતે તેઓના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી, પરિવારનાં સૌને સાંત્વન આપ્યું. સાંજે ઍલનટાઉન મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી મંદિરના ઍક્સટેન્શનનું કામ ચાલુ છે તે નિહાળી સેવામાં પ્રવૃત્ત સૌ ઉપર રાજીપો વરસાવ્યો. સાંજે સ્વાગતસભામાં પધારી સૌને આશીર્વાદ આપ્યા.

**૨૧ જૂન, બુધવાર...** સવારે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, અ.નિ. મૂકેશભાઈની અંતિમ સંસ્કારવિધિ પ્રસંગે પધારી, ધૂન-પ્રાર્થના, પુષ્પાંજલિ અર્પણ કરી સૌને આશીર્વાદ આપ્યા. સાંજે મંદિરે પધારેલા સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૨૨ જૂન, ગુરુવાર...** સવારે ઈ.એન.ટી. ડૉ. ધ્રુપદભાઈની ક્લિનિક પર ચૅકઅપ માટે પધાર્યા. ત્યાંથી સૌને સાથે લઈને પોકોનો મંદિરે પધાર્યા. જૂની સ્મૃતિઓ કરી સૌને આનંદ કરાવ્યો. સાંજે ઍલનટાઉન મંદિરે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીને સત્કાર્યા. પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ સંધ્યા આરતી અર્પણ કરી તથા રાત્રિસભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

૨૩ જૂન, શુક્રવાર... સવારે ઍલનટાઉન મંદિરેથી સૌની વિદાય લઈ ઍલનટાઉન ઍરપૉર્ટથી લૉસ ઍન્જલસ પ્રતિ પ્રયાણ કર્યું. સાંજે ઍરપૉર્ટ પર સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતો, દિનેશભાઈ, ભાવિનભાઈ તથા ભક્તોએ સ્વાગત કર્યાં. ત્યાંથી નૂતન મંદિરે પધાર્યા. દીકરીઓએ સ્વાગતનૃત્ય કરી પોતાના ભાવ રજૂ કર્યા અને સૌએ ખૂબ ભાવથી સ્વાગત કર્યાં. સૌ ભક્તોના ઉત્સાહ, ઉમંગ અને સેવા જોઈને ખૂબ જ પ્રસન્ન થયા. ત્યાંથી 'ભક્તા હૉલ'માં યોજેલ સ્વાગતસભામાં પધારી આશીર્વાદ આપ્યા. રાત્રે ભાવિનભાઈ-કામિનીબહેનના ઘરે પધારી, સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપી રાત્રિરોકાણ કર્યું.

૨૪ જૂન, શનિવાર... સવારે ભાવિનભાઈ-કામિનીબહેનના ઘરે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મંદિરે પધારી, સમગ્ર મંદિર અને પરિસરનું નિરીક્ષણ કરી ખૂબ રાજીપો બતાવ્યો. સાંજે સભામાં આશીર્વાદ પાઠવ્યા.

૨૫ જૂન, રવિવાર... સાંજે રાકેશભાઈ-અલ્પેશાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી મંદિરે પધારી ગર્ભગૃહમાં મૂર્તિઓની પીઠિકાનાં પૂજન કર્યાં. પીઠિકાના ગર્તમાં પ્રસાદીની રજ પધરાવી, પુષ્પાંજલિ, આરતી અર્પણ કરી આશીર્વાદ આપ્યા. સાંજે મહોત્સવની સૅન્ટ્રલ ઑફિસનું ઉદ્‌ઘાટન કરી ભાવેશભાઈ અને ટીમનાં પૂજન કરી આશીર્વાદ આપ્યા. રાત્રે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

૨૬ જૂન, સોમવાર... સવારે ભાવિનભાઈ-કામિનીબહેનના ઘરે સૌ પરિવારજનોને તથા સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે રિપ્પલભાઈ-પિન્કીબહેનના ક્લિનર્સ પર પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી મંદિરે પધાર્યા. ભારતથી પધારેલા સાધુ પૂ. રાજુદાસજી અને સાધુ પૂ. રમેશદાસજીને મંદિરે સત્કાર્યા. ભક્તા સમાજના આગેવાનોનાં અભિવાદન કર્યાં. રાત્રિ સત્સંગસભામાં આશીર્વાદ પાઠવ્યા.

૨૭ જૂન, મંગળવાર... સવારે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે અરુણભાઈ-નયનાબહેનના ઘરે પધરામણી કરી. સાંજે મંદિરે પધારી સેવા કરતા સૌ અક્ષરમુક્તો ઉપર આશીર્વાદ વરસાવ્યા. સાંજે દુબઈથી પધારતાં રાજશ્રીબહેનને સત્કાર્યાં. રાત્રિ સત્સંગસભામાં આશીર્વાદ પાઠવ્યા.

૨૮ જૂન, બુધવાર... સવારે રવીન્દ્રભાઈ (સહાધ્યાયી મિત્ર)ના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી. સાંજે મંદિરે પધારી સેવા કરતા સૌને દર્શન-આશીર્વાદ અને પ્રસાદનું સુખ આપ્યું. દેશ-વિદેશથી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારેલા ભક્તોનાં સ્વાગત કર્યાં. રાત્રિ સત્સંગસભામાં ચાતુર્માસનું માહાત્મ્ય સમજાવી સૌને નિયમ લેવાની આજ્ઞા કરી આશીર્વાદ આપ્યા.

૨૯ જૂન, ગુરુવાર... સવારે મંજુબહેન-વીરેન્દ્રભાઈના જન્મદિવસ નિમિત્તે તેઓના ઘરે સાન ડિયાગો પધારી, તેઓને તથા સૌ પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપી આશીર્વાદ આપ્યા. રાત્રે 'ભક્તા સૅન્ટર'માં સત્સંગસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

૩૦ જૂન, શુક્રવાર... સવારે મંદિરે પધારી સેવા કરતા સૌને આશીર્વાદ આપી બળ પૂર્યાં. ત્યાંથી સૅડલબૅકમાં પધારી કમિટીના સભ્યો સાથે મીટિંગ કરી. સાંજે ભાવિનભાઈ-કામિનીબહેનના ઘરે સૌ સંતો-ભક્તોને સાથે લઈને પધરામણી કરી. સભામાં સૌને આશીર્વાદ આપ્યા. ◆



ઍલનટાઉન મંદિરે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનો ઉષ્માપૂર્ણ આવકાર



લૉસ ઍન્જલસ મંદિરજીના ગર્ભગૃહમાં મૂર્તિઓની પીઠિકાનાં પૂજન

# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

### ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીનાં પરમ સાંનિધ્ય

ગુરુદેવ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજીને આશીર્વાદ આપ્યા હતા કે, 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન કાજે શાસ્ત્રીજી મહારાજ ડમણિયામાં ફર્યા, તેમની કૃપાથી અમને મોટરગાડીમાં ફરવા મળ્યું, પણ તમે વિમાનમાં બેસીને સૌને સત્સંગ કરાવશો !' – આ આશીર્વાદ સાકાર થયા. ને પરિણામે, સંતભગવંત સાહેબજી સર્વ પ્રથમ વખત ઈંગ્લૅન્ડ-અમૅરિકાની ધર્મયાત્રાએ પધાર્યા અને ત્યારબાદ વિશ્વના અનેક દેશોમાં વિચરણ કરી સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું શુદ્ધ, સનાતન જ્ઞાન આપી સુખિયાં કર્યાં. તેઓની આ વૈશ્વિકયાત્રા ઈ.સ. ૧૯૭૩માં શરૂ થઈ, તેને આ વર્ષે પચાસ વર્ષ થઈ રહ્યાં છે. જેની ઉજવણી અનુપમ મિશનનાં વિશ્વનાં વિવિધ કેન્દ્રોના ભક્તો ભક્તિભાવે કરી રહ્યા છે. વૈશ્વિક ધર્મયાત્રાની સુવર્ણ જયંતી વર્ષનો આરંભ થયો અને ભારતના ભક્તોની ભાવભરી વિદાય લઈને સંતભગવંત સાહેબજી ૧૧ જૂન ૨૦૨૩ના રોજ બ્રહ્મજ્યોતિ, ડૅન્હમ-ઈંગ્લૅન્ડ પધાર્યા. સંતો-ભક્તોએ હૃદયના ઉમળકાથી તેઓનું સ્વાગત કરી વંદનાઓ ધરી.

૧૨ જૂન ૨૦૨૩ના રોજ મંદિરમાં સ્વાગત-મિલન સભા યોજાઈ અને બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે ભક્તિવંદના અર્પણ થઈ. ગુરુદેવ યોગીજી મહારાજ અને પ.પૂ. કાકાજી મહારાજના મહિમાનાં ગાન કરી સંતભગવંત સાહેબજીએ ભક્તોને પ્રેરક બોધ અર્પણ કર્યો. યોગીબાપાએ આપેલ બ્રહ્મસૂત્ર 'સંપ, સુહૃદભાવ, એકતા' અને કાકાજી મહારાજે આપેલ બ્રહ્મસૂત્ર 'એકતા એ જ એકાંતિકપણું'ની સમજણ આપી અદ્ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી.

અનુપમ મિશન, યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર યુરોપના પ્રથમ હિન્દુ સંસ્કૃતિ સંગત 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'નાં નિર્માણ આરંભ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પૂજ્ય મહંત સ્વામીજી મહારાજે શ્રી ઠાકોરજીની કૃપાપ્રસાદી રૂપી પુષ્પો સ્વહસ્તે સંતભગવંત સાહેબજીના વરદ્હસ્તે પ્રસ્તાવિત નિર્માણભૂમિ પર પધરાવવા પોતાના આશીર્વાદ સાથે સાધુ પૂ. હિંમત સ્વામી હસ્તક પહોંચાડ્યાં. ૧૨ જૂન, ૨૦૨૩, બ્રહ્મસ્વરૂપ પૂજ્ય કાકાજીના પ્રાગટ્યદિને સંતભગવંત સાહેબજીએ આ કૃપાપુષ્પોની 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ની પ્રસ્તાવિત ભૂમિ પર મહાપૂજા પશ્ચાત્ આશિષવૃષ્ટિ કરવાની કૃપા કરી. આ પળ ઐતિહાસિક બની ગઈ. આ પ્રસંગે અનેક અક્ષરમુક્તો પધાર્યા અને આ દિવ્ય પ્રસંગના સાક્ષી બની ધન્ય થયા.

૧૩ જૂનના રોજ અનુપમ મિશન, ઈંગ્લૅન્ડના ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરી માર્ગદર્શન આપ્યાં. ૧૪ જૂનના રોજ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ની સેવા સાથે સંકળાયેલા સેવકો, દાતાઓને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. ૧૫ જૂનના રોજ અઠવાડિક સત્સંગસભામાં વચનામૃત ગઢડા પ્રથમ-૧૬ : 'વિવેકનું'નું નિરૂપણ કરી સૌને આધ્યાત્મિક લાભ પ્રદાન કર્યો. ૧૬ જૂનના રોજ વૅમ્બલી, કિંગ્સબરીમાં ભક્તોના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી તેમજ ધર્મેશભાઈ-દર્શિતાબહેનના ઘરે યોજિત સત્સંગસભામાં દિવ્ય લાભ આપ્યો. સાંજે યુવાનો-યુવતીઓને સત્સંગ-સમાગમનો લાભ આપી 'હું મંદિરનો અને મંદિર મારું' તથા 'પ્રથમ પ્રભુ પછી પગલું' એ ભાવના દૃઢ કરાવી.


ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રા સુવર્ણ જયંતી પર્વની ઉજવણી


પ.પૂ. મહંત સ્વામી મહારાજે મોકલાવેલ પ્રસાદીપુષ્પની વૃષ્ટિ પૂર્વે પ્રાર્થના

૧૮ જૂનના રોજ સંતભગવંત સાહેબજીની વૈશ્વિક ધર્મયાત્રાના સુવર્ણ જયંતી પર્વની સભા મંદિરમાં યોજાઈ, જેમાં ખૂબ મોટી સંખ્યામાં ભક્તો અને ગણમાન્ય મહાનુભાવો પધાર્યા. સંતભગવંત સાહેબજીએ આબાલવૃદ્ધ સૌનાં જીવનમાં આધ્યાત્મિક, આત્મિક ઉત્થાનનાં જે દિવ્ય અને અલૌકિક કાર્ય કર્યાં છે તેના ધન્યભાવ અનેક અક્ષરમુક્તોએ આ સભામાં વર્ણવ્યા.

ગુરુહરિ પ્રત્યેનું ઋણ ચૂકવવાના સંકલ્પો કરી સૌએ ગદ્‌ગદભાવે વંદનાઓ ધરી. ૧૯ જૂનના રોજ સૌની ભાવભરી વિદાય ઝીલી ઈંગ્લૅન્ડના હિથ્રો ઍરપૉર્ટ પરથી ફ્લાઈટમાં ન્યૂયૉર્ક-અમૅરિકા પધાર્યા. ◆

## સંતભગવંત સાહેબજીની અમૅરિકામાં દિવ્ય સંનિધિ

ભક્તોને ભક્તિનું અપાર સુખ આપવા, પરમ સાંનિધ્ય અને સત્સંગનો લાભ પ્રદાન કરવા તેમજ લૉસ ઍન્જલસ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવા સંતભગવંત સાહેબજી ૧૯ જૂનની રાત્રે અમૅરિકા પધાર્યા. સર્વ પ્રથમ ઍલનટાઉન મંદિરે પધારી ભક્તોના સ્વાગતભાવ ઝીલ્યા અને રૂડા આશીર્વાદ વરસાવ્યા. અમૅરિકાના નિષ્ઠાવાન અક્ષરમુક્ત મૂકેશભાઈ કઢીવાલા અક્ષરધામ સિધાવ્યા તે નિમિત્તે ૨૦ જૂનના રોજ તેઓના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં અને પરિવારજનોને બળ પૂરાં પાડ્યાં. સાંજે મંદિરે પ્રાર્થનાસભામાં સૌને દિવ્ય લાભ આપ્યો અને પરિસરમાં જે સ્થાને શ્રી હરિકૃષ્ણ મહારાજની અભિષેક મૂર્તિની પ્રતિષ્ઠા થવાની છે, તે સ્થાનનાં દર્શને પધારી જરૂરી માર્ગદર્શન આપ્યાં.

૨૧ જૂને મૂકેશભાઈ કઢીવાલાની અંતિમ સંસ્કારવિધિમાં પધારી, તેઓની સેવા-ભક્તિને બિરદાવી, સૌને બળ અને આશ્વાસન આપ્યાં.

૨૨ જૂનના રોજ હરિધામ, સોખડાના અધિષ્ઠાતા પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી પધાર્યા, તેમને આવકાર્યા અને સ્વાગતસભામાં મોટી સંખ્યામાં પધારેલ સૌએ તેઓના દિવ્ય આશીર્વાદનો લાભ લીધો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ પણ આશિષ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં.

૨૩ જૂનના રોજ સંતભગવંત સાહેબજી લૉસ ઍન્જલસ પધાર્યા. ઍરપૉર્ટ પર સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો-અક્ષરમુક્તો સ્વાગત કરવા પધાર્યા. ૭૩ દિવસ બાદ પૂ. અશ્વિનદાદાને સંતભગવંત સાહેબજીનાં પ્રત્યક્ષ દર્શન થતાં ઍરપૉર્ટ પર જ તેઓએ દંડવત્ પ્રણામ કરી ભક્તિનો પરમ ભાવ તથા હૈયાના આનંદને વ્યક્ત કર્યો. નૂતન મંદિરે યુવતીઓએ નૃત્યભક્તિ અદા કરી સ્વાગતભાવ ધર્યા. અમિતભાઈ, મિહિરભાઈ, મહર્ષિભાઈ, યશ્વીબહેન આદિના નેતૃત્વે સેવા કરતાં યુવાનો-યુવતીઓને મળી પ્રસન્નતા વ્યક્ત કરી.

૨૪ જૂન ૨૦૨૩ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો ૮૨મો પ્રાગટ્યદિન ઉજવાયો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તોએ હૃદયની અપાર લાગણીઓ વહાવી વંદના ધરી. આ પ્રસંગે પરેશભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, રીતુબહેન નિગમ, ભાવિશાબહેન ટેલરે સ્વાનુભવોનાં સુંદર વર્ણન કરી માહાત્મ્યગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ સૌનાં જીવનમાં કરેલ અકલ્પ્ય કાર્યને અંતરની ભાવનાથી વ્યક્ત કર્યું અને તેઓના શ્રીચરણે ભક્તિભાવે વંદના અર્પણ કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અઢળક આશીર્વાદ વરસાવી સૌને સ્નેહવર્ષામાં ભીંજવી દીધાં. યોગીબાપાના કાયદે એટલે કે, સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવે સેવા કરવાની સમજ આપી. વિશેષ તો કૅલિફૉર્નિયા પ્રદેશનાં આગેવાનો અને યુવાનો-યુવતીઓની સેવાને બિરદાવી રાજીપો વરસાવ્યો. ◆



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સ્વાગત સભામાં સાહેબજીનાં આશીર્દાન



પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીની સ્વાગત સભામાં સાહેબજીનાં આશીર્દાન

# ભાગ્ય બડે જહાં સંત પધારે

## સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં ઑસ્ટ્રેલિયામાં વિચરણ

**પર્થ :** ન્યૂઝીલૅન્ડ તેમજ ઑસ્ટ્રેલિયાના બ્રિસબેન, મેલબૉર્ન, ઍડ્‌લિડ, સિડની તથા તાન્ઝાનિયામાં સત્સંગલાભ પ્રદાન કરી પૂ. અશ્વિનદાદા અને સંતો ૪ જૂનના રોજ પર્થ પધાર્યા. ૫ જૂને સવારે માનસીબહેન ઝવેરીની ઑફિસે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. પલ્લવીબહેન (રાજકોટ), દીકરી રાજવી, રાજ (અમદાવાદ) અને સિમોનીના ઘરે પધરામણી કરી, થાળ-આરતી-પૂજન કરીને આશીર્વાદ આપ્યા. અમુભાઈના ઘરે પધરામણી, આરતી કરી સૌ કુટુંબીજનોને રૂડા આશીર્વાદ આપ્યા. ત્યાંથી પરીખસાહેબની દીકરી નેહાબહેન અને રોનકભાઈના ઘરે સભામાં મંડળના સૌ મુક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા. ૬ જૂને સાંજે માનસીબહેન-સમીરભાઈ ઝવેરીના ઘરે સભામાં સાધુ પૂ. સતીશદાસજીએ માહાત્મ્યદર્શન કરાવ્યું ને પૂ. અશ્વિનદાદાએ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ૭ જૂને સવારે પ્રિયંકાબહેન-અંકુરભાઈ, હેત, આર્યાના ઘરે પધરામણી કરી થાળ-આરતી કર્યાં. ત્યાંથી રોહનભાઈના ઘરે પધારી ગોષ્ઠિ કરી સાંજે દીપ્તિબહેન-રોમિતભાઈના ઘરે પધરામણી કરી થાળ-આરતી બાદ ભજનસંધ્યાનો લાભ લીધો. ૮ જૂને સાંજે ઑનલાઈન બાળમંડળની સભામાં બાળકોએ પૂછેલા પ્રશ્નોના સુંદર જવાબ પૂ. અશ્વિનદાદાએ આપી તેઓના મનનાં સમાધાન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ થાળ, આરતી કરી ગોષ્ઠિમાં જોડાયેલા સૌ મુક્તોના પ્રશ્નોનાં સમાધાન કરી રાજી કર્યા. ૯ જૂને સવારે પૂજાદર્શનનો લાભ આપી શિબિરસ્થળ 'ધ લૉગ કેબિન કૅમ્પ' જવા પ્રસ્થાન કર્યું. સાંજે આરતી કરી સભામાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ માહાત્મ્યદર્શન કરાવ્યું.

૧૦ જૂને વહેલી સવારે પૂ. અશ્વિનદાદા સાથે યુવાનોએ મોર્નિંગ વૉક કરી અદ્‌ભુત લાભ લીધો. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જન મહાપૂજામાં યજમાન તરીકે કેયૂરભાઈ, સમીરભાઈ, રોમિતભાઈએ જોડાઈ શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ વહેતા ઝરણામાં શાંતિશ્લોકગાન અને ધૂન કરી અસ્થિપુષ્પો વિસર્જિત કર્યાં. સાંજે સભામાં સાધુ પૂ. સતીશદાસજીએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવી સૌને માહાત્મ્યમાં તરબોળ કર્યા. ૧૧ જૂને સાંજે સમીરભાઈ-માનસીબહેનના ઘરે સભામાં પૂ. સતીશદાસજીએ મહિમાગાન કર્યાં અને પૂ. અશ્વિનદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપી ધન્ય કર્યાં. ૧૨ જૂન-બ્ર.સ્વ. કાકાજી મહારાજના પ્રાગટ્યદિને સવારે પુનિતભાઈ-કુંજનીબહેનના ઘરે, સાંજે પ્રિયંકાબહેન-અંકુરભાઈના ઘરે મહાપૂજા કરી આશીર્વાદ પાઠવ્યા. ૧૩ જૂને સવારે ડૉ. અમીબહેનના ઘરે અને સાંજે શોભનાબહેન-સંજયભાઈના ઘરે પધરામણી કરી, પ્રાર્થનાઓ કરી અને સત્સંગ-સમાગમનું દિવ્ય સુખ આપ્યું. ૧૪ જૂને સવારે ભાવિનભાઈ દેસાઈની રેસ્ટોરન્ટમાં પધરામણી કરી સૌ મુક્તોને આશીર્વાદ આપી ધન્ય કર્યા. ત્યાંથી અંકિતભાઈ-માનસીબહેન, ચિરાગભાઈ-નિરાલીબહેન પટેલ, અનિલભાઈ-રીટાબહેન, ભાવિનભાઈ, બિરેનભાઈ, અમિતભાઈ-વિદુષીબહેન, દર્શિતભાઈ-શ્રદ્ધાબહેનના ઘરે પધારી થાળ, આરતી, ધૂન કરી આશીર્વાદ આપ્યા. ૧૫ જૂને સવારે સમીરભાઈ-માનસીબહેનના ઘરે મહાપૂજા કરી સાંજે વિદાય-મિલન સભામાં સૌ મુક્તોએ પૂ. અશ્વિનદાદાનો આભાર માની અશ્વિનદાદાનાં દર્શન, પ્રેમપ્રસાદી અને દિવ્યતાનો લાભ મળ્યો ને જે અનુભૂતિ-દર્શન થયાં તેનું માહાત્મ્યગાન કરી ભાવભર્યા હૈયે વિદાય અર્પી. ◆



પર્થ-ઑસ્ટ્રેલિયામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી



પર્થ-ઑસ્ટ્રેલિયામાં સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જનની મહાપૂજા

# સત્સંગ સમાચાર

## માણાવદર તીર્થ સ્થિત પ્રાસાદિક શ્રી અક્ષરદેરીનો પાટોત્સવ

શ્રી અક્ષરદેરી તુલ્ય શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, માણાવદરના પાટોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદા સાથે ૧૫ જેટલા સંતો અને ધારીથી સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા માણાવદર પધાર્યા. ૧૧ જૂન - પાટોત્સવની આગલી સંધ્યાએ સુંદર કીર્તન આરાધનાનું આયોજન થયું, જેમાં રાજકોટથી પધારેલ અક્ષરમુક્ત મુકુંદભાઈ સરૈયા અને સૂરવૃંદના ભક્તોએ આગવી શૈલીમાં ખૂબ સરસ ભજનોનાં ગાન દ્વારા સૌને ભક્તિમાં ગુલતાન કરી દીધાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા.

૧૨ જૂન ૨૦૨૩ના રોજ માણાવદરની પ્રાસાદિક અક્ષરદેરીની મૂર્તિઓનો પાટોત્સવ વિધિ કરવામાં આવ્યો. સંતોએ ભક્તિભાવથી પાટોત્સવ મહાપૂજન કર્યાં અને ત્યારબાદ યજમાન અક્ષરમુક્તોએ પણ પૂજનનો દિવ્ય લાભ લીધો. સંતોએ સૌનાં આત્મિક કલ્યાણ અને સર્વાંગી સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી રૂડા સંકલ્પો કર્યા. સંતોનાં માર્ગદર્શન મુજબ યુવાનો અને ગૃહસ્થ અક્ષરમુક્તોએ સાથે મળીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરવાની ભક્તિ અદા કરી. શ્રી ઠાકોરજીને ભક્તિભાવે થાળ અને આરતી અર્પણ કરી વંદના ધરવામાં આવી. આ પ્રસંગે માણાવદર અને સૌરાષ્ટ્રનાં આસપાસનાં મંડળોમાંથી મોટી સંખ્યામાં અક્ષરમુક્તો લાભ લેવા પધાર્યા.

પાટોત્સવ સભામાં સાધુ પૂ. પરેશદાસજી, સાધુ પૂ. દિનેશદાસજી (મોગરી) અને સાધુ પૂ. દિનેશદાસજી (માણાવદર)એ પ્રાસંગિક મહિમાગાન કરી પ્રાસાદિક મૂર્તિઓ તથા શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા, સંતભગવંત સાહેબજીના માહાત્મ્યનું તથા સ્થાનિક સંતો, અક્ષરમુક્તોના ગુણોનું દર્શન કરાવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદમાં યોગીબાપા અને કાકાજી મહારાજની સ્મૃતિ કરી માણાવદર-અક્ષરદેરીની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા સમયના પ્રસંગનું વર્ણન કરી એકમના થવાની સમજ આપી તથા 'એકતા એ જ એકાંતિકપણું'ના સિદ્ધાંતને દૃઢ કરાવ્યો. સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદાએ મોટા પુરુષને અંતરથી રાજી કરવાની, પ્રાપ્તિના કેફનો આનંદ માણવાની તથા સંબંધવાળાને નિર્દોષ માનવાની રીત સમજાવી આશીર્વાદ આપ્યા. અંતે સાધુ પૂ. હરેશદાસજીએ ઉપસ્થિત સૌનો આભાર માની ધન્યભાવ ધર્યો. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૨૦ જૂન ૨૦૨૩-રથયાત્રાના પવિત્ર દિવસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના તિથિ મુજબના પ્રાગટ્યદિનની ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ખૂબ ઉમંગપૂર્ણ હૈયે ભક્તિભાવે કરવામાં આવી. સૌએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના માહાત્મ્યમાં ગરકાવ બની વિશેષ સ્મૃતિઓ કરી વંદના ધરી. રાત્રે યોગીપ્રસાદના સભાખંડમાં માહાત્મ્યદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું. સભાનું સંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો અપાર મહિમા વર્ણવ્યો. પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી સંતોએ





શ્રી અક્ષર દેરી, માણાવદર સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પર્વે સદ્‌ગુરુ સંતો દ્વારા મૂર્તિઓનાં પૂજન, પુષ્પાર્પણ, આરતી અર્પણ

ઉપસ્થિત સૌ ભક્તો વતી ભાવવંદના ધરી. સાધુઓ પૂ. મૂકેશદાસજી, પૂ. પરેશદાસજી તથા ડૉ. પૂર્વીબહેન પરમારે માહાત્મ્યગાન કરી સુંદર પ્રાર્થનાઓ ધરી. આ પ્રસંગે લૉસ ઍન્જલસ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સેવાર્થે પધારનાર સંતો અને અક્ષરમુક્તોને ભાવભરી વિદાય આપવામાં આવી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ પૂ. અશ્વિનદાદાના અદ્વિતીય માહાત્મ્ય પ્રસંગો વર્ણવી, તેઓના અનંત મહોદધિ ગુણોનાં દર્શન કરાવી આશીર્વાદ આપ્યા. ◆

*** લૉસ ઍન્જલસ, અમૅરિકા :** સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં રથયાત્રાના શુભ દિને તિથિ પ્રમાણે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્યપર્વ ઉજવાય તેવા ભાવથી ૨૪ જૂન ૨૦૨૩ના રોજ માહાત્મયદર્શન સભા આયોજિત થઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૨મા પ્રાગટ્યદિનની ઉજવણીમાં લૉસ ઍન્જલસ મંદિરે ઉપસ્થિત દેશ વિદેશના અક્ષરમુક્તો એકત્ર થયા અને પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી.

સાધુ પૂ. સતીશદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં દિવ્ય કાર્ય અને ગુરુભક્તિભર્યા જીવનપ્રસંગોનાં વર્ણન કરી અદ્‌ભુત મહિમાગાન કર્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પ્રભુપ્રાપ્તિના માર્ગે થતી સૌની આધ્યાત્મિક યાત્રા સરળ બનાવી આપી તે ભાવનાં દર્શન સૌ કોઈએ કરાવ્યાં. આ પ્રસંગે સહજ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિ કરી ભાવવંદના અર્પણ કરી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને સંપ, સુહૃદભાવ એકતાથી હળીમળીને આવી રહેલ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તેમજ જીવનનાં પ્રત્યેક સેવાકાર્યો કરવા સમજણ પ્રદાન કરી ધન્ય કર્યાં. ◆

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુ ઋણ અદા કરવાનું, ગુરુ પ્રત્યે અનન્ય આદર અને ભક્તિપૂર્ણ સમર્પણ દર્શાવવાનું પવિત્ર પર્વ એટલે ગુરુપૂર્ણિમા ઉત્સવ ! આવા પુનિત ભાવ સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાની દિવ્ય ઉપસ્થિતિમાં ૩ જુલાઈના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયો. 'યોગીપ્રસાદ'ના વિશાળ સભાખંડમાં ભારતનાં વિવિધ મંડળો અને પ્રદેશોમાંથી મોટી સંખ્યામાં પધારેલ ભક્તોએ ગુરુપૂજન કરી ભક્તિભાવ અર્પણ કર્યા.

ગુરુ એ પ્રભુના ચરણારવિંદ છે તે ભાવનું દર્શન અદ્‌ભુત રીતે સુશોભનમાં વ્યક્ત કરાયું. મંચ પર સુશોભિત પ્રભુનાં વિશાળ ચરણારવિંદમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની મૂર્તિઓનાં સ્થાપન કરવામાં આવ્યાં. તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ચરણપાદુકા પણ બિરાજમાન કરવામાં આવી. સભાસંચાલન કરતાં સાધુ પૂ. સરજુદાસે ઉત્સવનો મહિમા ગાઈ ગુરુહરિની સ્મૃતિમાં સૌને લીન કર્યાં.

સભા પ્રારંભે જ લૉસ ઍન્જલસમાં બિરાજમાન સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. સંતભગવંત સાહેબજીએ સર્વાંગે સુખી થવાના અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કરતાં ભાર દઈને કહ્યું કે, 'કોઈનુંય જોયા વગર સંપ, સુહૃદભાવ અને એકતા રાખી, નિર્દોષભાવે સેવાભક્તિ કરીએ. પ્રગટ ગુરુની સ્મૃતિ સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અડધો કલાક ધૂન દરરોજ કરીએ. અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપીએ.' સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા કે, 'ગુરુની પ્રસન્નતા જ શિષ્યનો ધ્યેય હોવો જોઈએ ! ગુરુજનો જે માર્ગે ચાલ્યા એ





રથયાત્રા-સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને તથા ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના આશીર્વાદ

માર્ગે ચાલવું એ પરમ ભક્તિ છે !' આ ઉપરાંત, ચાતુર્માસ નિમિત્તે સંતભગવંત સાહેબજીએ આપેલ આજ્ઞાઓનું પાલન કરવા સૌને અનુરોધ કર્યો. શિષ્યે રાખવાની જાગ્રતતા અંગે સમજ આપી અને લૉસ ઍન્જલસના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ માટે ભક્તો દ્વારા થતી સેવાને બિરદાવી, સૌને ગુરુહરિની સ્મૃતિથી ભર્યા રહેવાનાં માર્ગદર્શન આપ્યાં.

ત્યારબાદ પ્રભુ, ગુણાતીત સ્વરૂપો અને ગુરુહરિ તથા પ્રાસાદિક ચરણારવિંદનાં પૂજન સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ તથા પુષ્પહાર સાધુ પૂ. હરસુખદાસજી અને સાધુ પૂ. ગોરધનદાસજીએ અર્પણ કરી સૌ વતી વંદના ધરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની મૂર્તિઓને સાધુ પૂ. પ્રેરકદાસે પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. સૌ વતી સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ શ્રીજી મહારાજની પ્રાસાદિક ચરણપાદુકાનાં પૂજન કરી પુષ્પહાર અર્પણ કર્યો. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની વિશેષ સ્મૃતિ કરી તેઓના શ્રી ચરણે કીર્તનવંદના ધરી.

પ્રાસંગિક ઉદ્‌બોધન સાધુઓ પૂ. પંકજદાસ, પૂ. રવિદાસ, પૂ. કાનજીબાપાએ કરી ગુરુમાહાત્મ્યનો વિસ્તાર કર્યો. ત્રણેય સંતોએ સ્વાનુભવના પ્રસંગો વર્ણવી, ગુરુના સ્વરૂપનું સુંદર દર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોના નિ:સ્વાર્થ પ્રેમ, નિર્વ્યાજ કરુણા અને અપાર વિશ્વાસને મહિમાપૂર્ણ ભાવે વ્યક્ત કર્યો. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અચળ રહે તે માટેનાં સુંદર માર્ગદર્શન આ સંતોએ પ્રદાન કર્યાં. આ દિવ્ય અવસરે અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ પણ ગુરુમાહાત્મ્યનું ગાન કરતાં કીર્તનો પ્રસ્તુત કરી ગુરુભક્તિ અદા કરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અપાર મહિમાનાં અદ્‌ભુત ગાન કરી આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, 'ગુરુપૂજન કરવાનો, ગુરુદક્ષિણા આપવાનો આજનો દિવસ છે ! બ્રહ્માંડનાં સઘળાં સુખ અધૂરાં છે, ગુરુના ચરણમાં જ શાશ્વત અને સંપૂર્ણ સુખ છે. ગુરુની આજ્ઞાનું પાલન એ જ સાચું ગુરુદર્શન અને ગુરુપૂજન છે !' તેમજ પૂ. રતિકાકાએ 'વડીલો સત્સંગ કરશે તો બાળકો સત્સંગ કરશે અને તો જ વ્યસન અને કુસંગથી તેઓની રક્ષા થશે' તેવી પાયાની વાત પણ દૃષ્ટાંત આપીને સમજાવી. ત્યારબાદ આ પ્રસંગે દૂર દૂરથી પધારેલ સૌ ભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો અને અંતરની ભાવના દક્ષિણા સ્વરૂપે અર્પણ કરી ગુરુભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સ્થૂળ દેહે પ્રત્યક્ષ ઉપસ્થિત ન હોવા છતાં પણ ભક્તોએ સંતોમાં તેઓનાં દર્શન કરી ગુરુવંદના ધરી. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. મૂકેશભાઈ કઢીવાલા :** અમેરિકાના ઍલનટાઉનમાં નિવાસ કરતા મુક્તરાજ મૂકેશભાઈ કઢીવાલા ૧૮ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરધામ સિધાવ્યા. મૂકેશભાઈ મૂળ સુરત-દક્ષિણ ગુજરાતના, પરંતુ ઘણાં વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયા. તેઓ બાહોશ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ હતા અને સર્વાંગે સમૃદ્ધ હતા. પ્રભુએ આપેલી સમૃદ્ધિનો તેઓએ અનુપમ મિશનનાં મંદિરો, સંતો અને સત્સંગીઓ અર્થે સર્વશ્રેષ્ઠ ઉપયોગ કર્યો. અનુપમ મિશન દ્વારા અમેરિકા, ઈંગ્લૅન્ડ કે પછી ભારતમાં ઉત્સવ ઉજવાતા હોય તો મૂકેશભાઈની સેવા અચૂક પ્રાપ્ત થઈ જ હોય તેવી તેઓની ઉદાર ભાવના હતી ! સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા માટે તેમને અપાર પ્રેમ હતો. સૌ સંતો સાથેનો તેઓનો નાતો અનેરો હતો. મૂકેશભાઈએ સંતભગવંત સાહેબજી સાથે સર્વોપરીભાવે પ્રીતિથી જોડાઈ તેઓએ જીવનો સત્સંગ કર્યો. સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં તેઓને વિશ્વસમસ્તનાં સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ થતી. તેઓએ પોતાના વિશાળ પરિવારનાં સભ્યોને સંતભગવંત સાહેબજી સાથે જોડી સૌનાં કલ્યાણની ખેવના કરી. ગુરુહરિની સ્મૃતિથી સદાય ભર્યા રહીને તેઓએ જીવનને ગુરુ-અનુવૃત્તિમાં વિતાવ્યું. તેઓ પ્રભુની ગોદમાં બિરાજ્યા પણ પ્રેમ, ઉદારતા અને સત્સંગનો ગુણવારસો પરિવારનાં સૌને આપતા ગયા. તેઓની અંતિમ સંસ્કારવિધિમાં સંતભગવંત સાહેબજીએ પધારી પરિવારજનોને શાતા અર્પી અને મૂકેશભાઈની સેવા-ભક્તિની ભાવનાને બિરદાવી. તેઓનાં ધર્મપત્ની ચેતનાબહેન, દીકરો જય અને દીકરી રોશનીએ પ્રભુનું કર્તાપણું સ્વીકારી મૂકેશભાઈના સંસ્કાર-વારસાને દિપાવ્યો છે. પ્રેમાળ, નિખાલસ, પ્રફુલ્લિત અને વિશાળ હૃદયી મૂકેશભાઈને અંતરની વંદના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ! ◆

# ॥ सर्वे सन्तु निरामयाः ॥

## ચોમાસાના સામાન્ય રોગો અને નિવારણ

~ ડૉ. પાર્થિવ મહેતા
(શ્વસન રોગ અને ક્રિટિકલ કેર નિષ્ણાત, પલ્મનોલૉજિસ્ટ, અમદાવાદ)

**ગરમ** અને ભેજવાળા દિવસો પછી વરસાદ ઇચ્છનીય હોઈ શકે છે; પરંતુ એ હકીકતને નકારી શકાય નહીં કે, આ વરસાદ, વરસાદી ઋતુના કેટલાક રોગો લાવી શકે છે. ગરમ, ભેજવાળું અને ભીનું હવામાન સૂક્ષ્મ જીવોનાં પ્રજનન માટે અનુકૂળ હોય છે. આના કારણે શ્વસનમાર્ગના ઘણા રોગો અને ચામડીના ચેપ પણ થાય છે.



ચોમાસા દરમિયાન આપણી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે, જેના કારણે અનેક પાણીજન્ય રોગો થાય છે. જો કે, આપણે બધાંએ જાણવું જોઈએ કે, વરસાદની મોસમમાં આપણને રોગનું જોખમ કેમ વધુ હોય છે અને આપણે કેવી રીતે સુરક્ષિત રહી શકીએ.

આબોહવા પરિવર્તનને કારણે, વરસાદી ઋતુમાં થતી કેટલીક સામાન્ય બીમારીઓ અને આરોગ્યની સંભાળ નીચે મુજબ છે.

**હવાથી ફેલાતા રોગો :**

**શરદી અને ફ્લૂ :**



વરસાદી ઋતુમાં તાપમાનની તીવ્ર વધઘટ શરીરને બૅક્ટેરિયા અને વાયરલ હુમલા માટે સંવેદનશીલ બનાવે છે, પરિણામે શરદી અને ફ્લૂ થાય છે. શરદી અને ફ્લૂ એ વાયરલ ચેપનું સૌથી સામાન્ય સ્વરૂપ છે. તેથી શરીરને બચાવવા માટે, વ્યક્તિએ ખૂબ જ પૌષ્ટિક ખોરાક લેવો જોઈએ અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવી જોઈએ. આના દ્વારા શરીર રોગપ્રતિકારક દ્રવ્ય (ઍન્ટિબૉડી) ઉત્પન્ન કરીને કીટાણુઓ સામે લડી શકે છે.


**મચ્છરજન્ય રોગો :**

**મૅલેરિયા :**

મૅલેરિયા અને ચોમાસું એકસાથે આવે છે. જ્યારે વરસાદનાં પાણી ભરાયેલાં રહે છે, ત્યારે તે મચ્છરોની પ્રજનનની પ્રક્રિયામાં મદદ કરે છે. આવા પાણી ભરાયેલા વિસ્તારોને સ્વચ્છ રાખીને મૅલેરિયાનો ફેલાવો અટકાવી શકાય છે. મચ્છર કરડતાં ઠંડી સાથે તાવ, માથાનો દુખાવો, ખૂબ થાક લાગવો જેવાં મૅલેરિયાનાં સામાન્ય ચિહ્નો જણાય છે.



**ડેન્ગ્યૂ:**




ડેન્ગ્યૂ તાવ ખૂબ જ પીડાદાયક અને જીવલેણ હોઈ શકે છે. આ રોગ ડેન્ગ્યૂ વાયરસથી થાય છે, પરંતુ અહીં વાહક મચ્છર છે તેથી શરીરને કોઈ પણ પ્રકારના મચ્છર કરડવાથી સુરક્ષિત રાખવાથી સલામતી સુનિશ્ચિત કરી શકાય છે.

**<u>ખોરાક અને પાણીજન્ય રોગો:</u>**

**કોલેરા:**

આ પાણીજન્ય ચેપ છે, જે વિબ્રિઓ કોલેરા નામના બૅક્ટેરિયાના ઘણા સ્ટ્રેનને કારણે થાય છે. કોલેરા જઠરાંત્રિય માર્ગને અસર કરે છે જેના કારણે ગંભીર ડિહાઇડ્રેશન અને સફેદ – ભાતના પાણી જેવા ઝાડા થાય છે. આથી, ઉકાળેલું, ટ્રીટ કરેલું અથવા શુદ્ધ કરેલું પાણી પીવાથી જંતુઓ દૂર રહી શકે છે.

**ટાઇફોઇડ:**

ટાઇફોઇડ તાવ એ દૂષિત ખોરાક અને દૂષિત પાણીનું પરિણામ છે. સાલ્મોનેલા ટાઇફીના કારણે થતો આ બીજો બૅક્ટેરિયલ ચેપ છે. સતત રહેતો તાવ, પેટનો દુખાવો, ઊલટી થવી જેવાં તેનાં સામાન્ય ચિહ્નો છે. આથી, યોગ્ય સ્વચ્છતા જાળવવાની અને તેની સાથે સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.



**હિપેટાઇટિસ A:**

હિપેટાઇટિસ વાયરસથી – ચેપ દૂષિત ખોરાક અને પાણીથી થાય છે જે મુખ્યત્વે લીવરને અસર કરે છે. કેટલાંક સામાન્ય હિપેટાઇટિસ A લક્ષણોમાં તાવ, ઊલટી, ફોલ્લીઓ વગેરે જોવાં મળે છે. યોગ્ય સ્વચ્છતા જાળવવાથી આ સ્થિતિનાં જોખમને નિવારી શકાય છે.

વરસાદની ઋતુમાં સ્વસ્થ રહેવા માટે આટલું તો જરૂરથી કરીએ...

૧. ઉકાળેલા પાણીનો ઉપયોગ કરીએ.
   પાણી ઉકાળવાથી તમામ સંભવિત ચેપી જીવો મરી જાય છે અને આપણે કોઈ પણ ચેપથી સુરક્ષિત રહીએ છીએ.

૨. ખુલ્લા સ્રોતમાંથી ખોરાક લેવાનો ટાળીએ.

૩. શેરડીનો રસ અથવા બરફના ગોળાને ટાળીએ.

૪. ઘર અને આજુબાજુના વિસ્તારને પાણીના સંગ્રહ અને ખાબોચિયાંથી મુક્ત રાખીએ.
   દર અઠવાડિયે એકવાર આમ કરવું તે મચ્છરજન્ય રોગોથી બચવા માટે પૂરતું છે.

૫. વાયરલ આક્રમણથી ગળા અને ફેફસાંને સ્વચ્છ રાખવા માટે નિયમિતપણે કોગળા અને ગરમ પાણીનો નાસ લઈએ.

૬. પરિવારનાં સભ્યોને હાથ અને શ્વસનની સ્વચ્છતા રાખવા માટે શિક્ષિત કરીએ.

૭. વરસાદથી બચવા માટે છત્રી અથવા રેઇનકોટનો જરૂરથી ઉપયોગ કરીએ.

ચાલો, આપણે સૌ જાગૃત રહીએ, સ્વસ્થ રહીએ, સુરક્ષિત રહીએ. ◆



## લૉસ એન્જલસ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે દેશ-પરદેશના પ્રતિનિધિ અક્ષરમુક્તોનાં ભક્તિભાવે સન્માન






















લૉસ ઍન્જલસના ઉપાસના ધામમાં પ્રવેશ કરાવતા સંતભગવંત સાહેબજી



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉદ્ઘાટન સભામાં સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત



શ્રી ઠાકોરજી નગર શોભાયાત્રામાં સુશોભિત રથ પર બિરાજમાન સંતભગવંત સાહેબજી



સંતભગવંત સાહેબજી દ્વારા શ્રી ઠાકોરજીનાં પ્રથમ પૂજન



શ્રી ઠાકોરજીને ભક્તિભાવે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



શ્રી હરિકૃષ્ણ મહારાજની અભિષેક મૂર્તિનાં પૂજન


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 24-07-23 * Office of Origin : Vitthal Udyognagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**